A Prize
[Essa]y on the Sun, containing facts collected from
[R]eligious and Traditional Writings of the Parsees,
Hindoos, Christians, Egyptians, Chinese,
Japanese, Chaldeans, Mahommedans,
Americans, Peruvians, Africans,
Syrians, Greeks, &c, &c, &c.

35670 (Sir J. J. Madressa, 1888.)

PUBLISHED BY

EDULJEE RUSTOMJEE KANGA, B. A.

ખોરશેદ ઊપરનો ઈનામનો રેસાલો

કે જેમાં પારસીઓ, હીંદુઓ, ખ્રીસ્તીઓ, ઇજીપ્શીઅનો, ચીનાઓ,
જાપાનીસો, ચાલદીઅનો, મુસલમાનો, અમેરીકનો, પીરૂવીઅનો,
આફ્રીકનો, સીરીઅનો, અને યુનાનીઓ, ઇત્યાદી, ઇત્યાદીના
ધર્મનાં પુસ્તકોમાંથી જાણવા જોગ બાબદોનો
સંગ્રહ કરવામાં આવ્યો છે.

(સર જ. જી. જરથોસ્તી મદરેસા, ૧૮૮૮).

રચીને પ્રસીદ્ધ કરનાર

એદલજી રૂશતમજી કાંગા બી. એ.

મુંબઈ:

ઈંડસ્ત્રીયલ પ્રેસમાં છાપ્યું છે.

ઈસવી સને ૧૮૮૯.—યઅઝદજરદી ૧૨૫૮.

કીંમત આના છ.

A Prize

Essay on the Sun, containing facts collected from the Religious and Traditional Writings of the Parsees, Hindoos, Christians, Egyptians, Chinese, Japanese, Chaldeans, Mahommedans, Americans, Peruvians, Africans, Syrians, Greeks, &c., &c., &c.

(Sir J. J. Madressa, 1888.)

PUBLISHED BY

EDULJEE RUSTOMJEE KANGA, B. A.

ખોરશેદ ઉપરનો ઈનામનો રેસાલો

કે જેમાં પારસીઓ, હીંદુઓ, ખ્રીસ્તીઓ. ઇજીપ્શીઅનો, ચીનાઓ,
જાપાનીસો. ચાલદીઅનો. મુસલમાનો, અમેરીકનો. પીરૂવીઅનો,
આફ્રીકનો, શીરીઅનો, અને યુનાનીઓ, ઇત્યાદી, ઇત્યાદીનાં
ધર્મનાં પુસ્તકોમાંથી જાણવા જોગ બાબદોનો
સંગ્રહ કરવામાં આવ્યો છે.

(સર જ. જી. જરથોસ્તી મદરેસા. ૧૮૮૮).

રચીને પ્રસીદ્ધ કરનાર

એદલજી રૂશતમજી કાંગા બી. એ.

મુંબઈ:

ઇંડસ્ત્રીઅલ પ્રેસમાં છાપ્યું છે.

ઇસવી સને ૧૮૮૯.—યઅઝદજરદી ૧૨૫૮.

કીંમત આના ૭.

સર જમશેદજી જીજીભાઇ ત્રાંનસ્લેશન ફંડના માનવંત ટ્રસ્ટી

સાહેબોનાં આશરા હેઠળ છપાવી પ્રગટ કર્યા છે.

નામદાર સર જમશેદજી જીજીભાઈ બારોનેટ,
સી. એસ. આઈ.

શેઠજી શાહેબ ખુરશેદજી ફરદુનજી પારખ.

ધી આનરેબલ સર દીનશાહજી માણેકજી પીટીટ,
નાઈટ.

શેઠજી શાહેબ ફરાંમજી નોશરવાંનજી પટેલ.

શેઠજી શાહેબ મંચેરજી હોરમજજી કામાજી.

નામદાર સર જમશેદજી જીજીભાઇ ટરાંન્સલેશાન ફંડના
ટરશટી શાહેબો જોગ.

નાંમવર શાહેબો,

આપણા પવિત્ર ધર્મની કીર્ત્તિ વધારવાનાં કામમાં દર વખતે તમો નેક નામવરો કોશેશ કરોછો, તથા તે સાથે જેઓ એવી ખુબી ભરેલી કોશેશ કરેછે તેઓને ઘટતું ઉત્તેજન આપોછો, તેના માનની જુજ ઇધાંણી દાખલ આ નાહની ચોપડી તમો સાહેબોને અર્પણ કરવાની રજા લઉં છું.

નામવર શાહેબો,
હું છું, તમારો તાબેદાર સેવક.
એદલજી રૂશતમજી કાંગા, B. A.

દીબાચો.

અમો ખાસોઆમને નમનતાઇ સાથ જાહેર કરીએ છીએ જે આએ નાહનું પુસતક જેને અમો જાહેરમાં મુકવાની અદના કોશેશ કરીએ છીએ તેની મતલબ આપણા પવીત્ર ધર્મને લગતી બાબદોનો ફેલાવો કરવાની છે; એ પુસતકમાં સમાવેલી બીનાઓ કાંઇ અમારી પોતાની તરફની નથી, પણ જુદા જુદા ગ્રંથકારોમાંથી લેવામાં આવી છે.

વારંવાર એવું કહેવામાં આવેછે કે સર જ. જી. જરથોસ્તી મદરેસાના વીદ્યાર્થીઓએ પાંચ વરસના અભ્યાસ પછી લોકોને કાંઇપણ ફાયદો કીધો નથી અને મઝહબ ઉપર કાંઇપણ અજવાલું પાડયું નથી, પણ એવું બોલનારાઓમાં થોડીજ વજુદ છે તે આ ઉપરથી જણાશે કે દર વરસે એ મદરેસામાં ઇનામ આપી રેસાલાઓ લખાવવામાં આવે છે, અને તેવો ઇનામનો રસાલો ગએ સાલ મુજ કમતરીનને મલવાથી તે લોકોની જાણમાં લાવવામાં આવ્યો છે. અને આશા છે કે એકે એક જરથોસ્તી આ ચોપડીને ઘટતી મદદ કરશે, તથા આએ ચોપડીનો ઘટતો ફેલાવો કરશે. આએ પુસ્તક માત્ર પારસીઓનેજ ઉપયોગી થઇ પડે એટલુંજ નથી, પણ એમાંથી હીંદુઓ, મુસલમાનો, ખ્રીસ્તીઓ તથા દુન્યાની દરેક જાતને ઘણું જાણવા જોગ મલી આવશે.

એ પુસ્તકમાં પારસીઓના અવસ્તા તથા પેહેલવી લખાણોમાંથી, હીંદુઓના રીગ-વેદ અને શામ-વેદમાંથી, ખ્રીસ્તીઓ તથા હીબ્રુઓના બાઇબલમાંથી, ઇજીપ્શીઅનો, ચીનાઓ તથા અમેરીકનોની દંતકથામાંથી સૂર્યને માટે જાણવાજોગ બાબદો દાખલ કરવામાં આવી છે, કે જેથી મારા પ્રીય વાંચનારાઓને રમૂજ સાથ જ્ઞાન મલવાની આશા રહે છે.

આએ ઠેકાણે સર જ. જી. મદરેસાના માનવંતા તથા કાબેલ ઉસ્તાદ અને પ્રીનસીપાલ, શમસુલ-ઓલમા દસ્તુર દાક્ટર પેશોતનજી બેરામજી સંજાણા M. A. Ph. D. તથા તેવનના કાબેલ અને લાયકીવાલા સાહેબજાદા એરવદ દારાબજી દસ્તુર પેશોતન સંજાણા B. A. નો, અને ઉપલી મદરેસાના કાબેલ અને ઉમંગી જંદ શીક્ષક એરવદ સાહેબ એદલજી કેરશાશપજી આંટીઆનો હું બેહદ ઉપકાર માનું છું કે જેઓએ મારા પેહેલવી તથા જંદ અભ્યાસમાં મને દીલોજાનીથી મદદ કરી છે. વલી સર જ. જી. ત્રાંસ્લેશન ફંડના માનવંત ત્રસ્ટી સાહેબોનો આએ રેસાલો છાપવાની મદદ આપવાને માટે તથા આપણી પંચાએતના ધુંધી અને ઉમંગી સેકરેટરી શેઠ નશરવાંનજી બેરાંમજીનો આએ ઠેકાણે હું ઘણો આભારી છું.

એદલજી રૂશતમજી કાંગા, B. A.

તા૦ ક૦—આએ અદના પુસ્તકને વાંચનારી કોમ તરફથી જો ઘટતો આશરો આપવામાં આવશે તો કમતરીન સેવકની આશા છે કે એ ચોપડીનો અંગ્રેજી તરજુમો બાહેર પાડવો કે જેથી તે અંગ્રેજી વાંચનારી આલમને આવકારદાયક થઇ પડે. સર્વે અદના તથા આલા જરથોશતીઓને આએ ચોપડી ખરીદવાને બની આવે માટે એની કિંમત ફકત ૬) આના રાખી છે.

એ. રૂ. કાંગા, B. A.

આએ રૈસાલો લખવામાં નીચલી ચોપડીઓની મદદ હું ઉપકાર સાથે કબુલ રાખું છું.

1. વંદીદાદ. યજશને. યશતો, ગાથાઓ. નીઆએશો તથા ગેહોના તરજુમાઓ (Spiegel, Harlez, Darmesteter, and Kángá.)
2. Mr. K R. Kama's lectures on Mithraic Worship and Jamshedi-Navroz festival.
3. Dunker's History of Antiquity translated by Abbott vols. 1, 2 and 3.
4. Herodotus by Rawlinson vols. 1, 2, 3 and 4.
5. Rawlinson's five great monarchies.
6. Encyclopœdia Britannica from A to S.
7. Rig-Veda-Sanhita edited and translated by Messrs. S. P. Pandit, Wilson and Cowley.
8. Sam-veda translated by Stevenson.
9. M. Haug's essays on the Parsis (New edition).
10. Mr. D. F. Karáká's History of the Parsis vols. 1, and 2.
11. Wilkin's Hindu Mythology.
12. Rev. J. Murray Mitchell's hand-book of the Zend-Avesta and Parsis.
13. Homer's Iliad.
14. Maxmuller's Hibbert lectures.
15. Maxmuller's Upanishad.
16. Aitarya-Brahman Veda by M. Haug.
17. Lt. Colonel Todd on Westeren India, (East India Company volume).
18. Lt. Colonel Vans Kennedy on Antient and Hindu Mythology. (East India Company volume.)
19. Maxmuller's (Palmer) and Sales' Quoran.
20. Mr. Jivanjee Jamshedjee Mody's (B.A.) essay on the Geography of Antient Persia.

21. Gujarati and English translations of Bundehesh, Desatir and Dinkard (vols. 5.) (Dastur Peshotunjee and E. W. West Esq.)
22. English translations of Sháyasht-la-sháyast, Mido-Kherad, Dadistan-i-dini (Maxmuller) Ardà-Viráf and Ghost-fryan.
23. Cooke's Astronomy.
24. Surya-Siddhànta by Burgess.
25. Maxmuller's Essay on languages.
26. Cornhill's Magazine (1882.)
27. Dustoor Dáráb Peshotun Sunjáná's (B.A.) Civilization of Eastern Iranians vols. 2.

સાકલીઊં.

શુદ્ધી પત્રક.

પાનું ૬૮ 'openions' ને બદલે 'opinions' વાંચો.

ખોરશેદનો રસાલો.

અવરતામાંથી મલતું લખાણ.

યશતો.

હોરમઝદ યશતમાં ખોરશેદને વાસ્તે આપણને કાંઇબી લખાણ મલતું નથી, પણ હપતંગ યસ્તમાં ખુરશેદનું બુલંદ રોશણીઓમાંની સૌથી બુલંદ રોશની તરીકે વર્ણન આવેલું છે અને અલંકાર રીતે તેને હોરમઝદના સૌથી સરસ શરીર તરીકે જાહેર કરવામાં આવ્યોછે, અને હોરમઝદના શરીરને આએ ઠેકાણે ખોરશેદ સાથે ઉપમા આપી છે. પાછલી કેતાબોમાં હોરમઝદને નુરોનું નુર તરીકે જાહેર કરવામાં આવ્યોછે. ખોરશેદ અથવા સુરજ એ બોલને અવસ્તામાં 'હવરે-ખશએતઅ' અથવા સુરજ-રાજા તરીકે કહેલો છે; એ બોલ હાલ આપણને ફારસી ભાષામાં 'ખુરશીદ' બોલમાં મલી આવેછે. કેટલાએક વીદ્વાનો એ બોલનો અર્થ પ્રકાશીત સૂર્ય (દૂરેક્ષઍત) કરે છે અને જણાવે છે કે એ કોઇ ખરેખર ફરેસ્તાનું નામ નથી, પણ તે સૂર્યનું પોતાનું નામ છે અને માઝદી-અસનાનો તેની આરાધના તેની રોશનીને લીધે કરે છે કારણકે આપણે સૂર્યને અમશાસપંદોમાં મુકાએલો જોતા નથી; સુરજ મીનોઇ તથા ગેતી દુન્યાની સાથે સંબંધ ધરાવે છે. ખોરશેદ યસ્તમાં લખ્યું છે કે આપણ સર્વે માઝદી-અસનાનોની ફરજ છે કે તેની આરાધના કરવી, અને તેના કારણોમાં એમ જણાવ્યું છે કે સુરજની ગેરહાજરીમાં આપણી દુન્યા એક પલ પણ ટકી શકે નહી, અને આખી દુન્યામાં બધંબધ અંધકાર થાઇ રહે તથા દેવો અથવા મરકીઓ આએ દુન્યામાં બેહદ પેદા થાએ; આપણને અવસ્તામાં જણાવેલું છે કે સુરજ કદીપણ નાસ પામવાનો નથી અથવા અમર્ગ છે. યજશનેના ૩૬મા હાના ૫મા ફકરામાં ખોરશેદને તથા સેતારાઓને હોરમઝદના આકાર તરીકે વીચારવામાં આવ્યો છે, પણ વલી આપણને ઇજશનીના પેહેલા હાના ૩૫માં ફકરામાં જણાવ્યું છે કે સુરજ હોરમઝદની એક આંખ છે અને બીજી આંખ તે ચંદ્રમાં છે. આપણને એમ નહીં વીચારવું જોઇએ કે સૂર્ય એ ખુદ હોરમઝદની આંખ છે, પણ તે અંલકારીક ભાષામાં છે એમ વીચારવું જોઇએ. ઘણુંખરું ખોરશેદને અવસ્તામાં 'અરૂવંત-અસ્પ'નું વીશેષણ લગાડવામાં આવ્યું છે કે જેનો અર્થ સેતાબ ચાલનો અથવા તેજી ઘોડાવાલો થાએ છે, કારણકે તે ફક્ત ૨૪ કલાક અથવા એક દાહાડામાં દુન્યાની આસપાસ ફરી વલે છે. અવસ્તામાં આપણને ખુરશેદની રથ વીશે જણાવવામાં આવ્યું નથી, પણ હીંદુઓ તથા ગ્રીકોની દંતકથાઓમાં સૂર્યની રથ વીશે જણાવ્યું છે કે જે દંતકથાએ આપણે આગલ ચાલતાં તેઓના વર્ણનોમાં જોઇશું. ખુરશેદની એક અગત્યની ખાશીઅત એ છે કે તે પોતાની રોશણીથી અપવીત્ર ચીઝો, જમીનો અને લાસોને પવીત્ર કરે છે, અને અવસ્તામાં સૂર્યને અમર્ગ, પ્રકાશીત

અને સેતાબ ચાલના ઘોડાવાલો જણાવવામાં આવ્યો છે; એ છેલ્લું વીશેશણ યજશનેના બીજા હાના પાંચમાં ફકરામાં 'અપામનપાત' સાહેબને પણ લાગુ પડે છે. જ્યારે સુરજ પોતાના કીરણો આએ દુન્યામાં ફેકે છે ત્યારે હઝારો મીનો ઇઝદો તેની રોશણીને ટેકો આપે છે, અને તે કીરણોને દુન્યામાં પાથરી નાખે છે, અને તેઓ તે કીરણોને અશોઇની દુન્યાની આબાદીને માટે ફેલાવે છે. હવે એ ઇઝદો શું છે તે આપણે જો હાલની વીદ્યા પ્રમાણે તપાસીએ તો આપણુને જણાએ છે કે આફતાબ તથા માહાતાબની રોશણીઓને જમીન ઉપર આવવાને હવાની અથવા તો તેનાજ કરતાં પણ ઘણીજ બારીક અને પ્રવાહી ચીઝ કે જેને અંગ્રેજીમાં 'ether' ઇથર કહે છે તેની જરૂર છે; હાલના વીદ્વાનો નૈત્રવીદ્યામાં લખે છે કે એ 'ઇથર' ની મદદ વગર આપણુને કદીબી ખોરશેદ તથા માહતાબની રોશણી મલે નહી. મીથ્ર યાને મેહેર તે એ રોશણી સહમજવી, રામખાસતર તે 'ઇથર' સહમજવી, અને 'વયુઉપરોકઇરીઅ' તે પવન સહમજવો; જેમ સુરજ, હવા તથા 'ઇથર' નો અતલગનો સંબંધ છે તેમજ અવસ્તામાંના યઝદોનો અલંકારીક રીતે સંબંધ છે, અવસ્તાના અલંકાર રૂપના લખાણ પ્રમાણે ખોરશેદની રોશની જમીન ઉપર પહોંચતી કરવાને રામખાસ્ત્રઅ, વયુઉપરોકઇરીઅ અને બીજા ઇઝદોની મદદ જોઇએ છીએ. જેવો સુરજ ઉગે છે તેવોજ જલદીથી તે ખોદાતાલાની પેદા કીધેલી જમીનને, વેહેતાં પાણીઓને, ઝરાના પાણીઓને, દરયાના પાણીઓને, સ્થીર અથવા કુઆના પાણીઓને, અને તમામ સ્પેન્તમેનીઉશને લગતી ભલી પેદાએશોને, જેવીકે જમીન, ઝાહાડપાણુ, આતશ પાણી, હવા ઇત્યાદીને પવીત્ર કરે છે, અને સૂર્યની રોશની ઉપર જણાવેલી ચીઝોમાંથી ગલીચી દુર કરે છે, અને બુરા રોગો કે જેઓ તે ગલીચીમાંથી ઉત્પન્ન થાએ છે તેઓને પણ દુર કરે છે. જો સુરજ નહીં ઉગે તો સાતે કેશવરો અથવા આખી દુન્યામાં જે તમામ ચીઝો અથવા જાનદારો છે તેઓને દેવો મારી નાખે, અને પછી કોઇબી મીનો ઇઝદ આએ હાડમંદ દુન્યામાં બચાવ અથવા કૌવત મેલવે નહી; આએ દુન્યાની તમામ જાનદાર ચીઝો આફતાબની રોશણીથી પોતાની હૈયાતી ભોગવે છે, અને ઝાહાડપાણો સુરજની રોશણીથી મોટા થાએ છે, અને તેની રોશણી વગર ઝાહાડપાનો પણ કરમાઇ જાએછે. ઉપર જે આપણે 'દેવો' ને વાસ્તે કહ્યું છે તે 'દેવો' ખરેખરા સહમજવા નહી, પણ તેના અર્થો ઘણા છે જેવાકે ખરાબ હવા, રોગ ઉત્પન્ન કરનારી બદબો, સંકટ લાવનારા કારણો અને હરેક તરેહની ગલીચી અને મરકી સહમજવી.

ખોરશેદ યશ્તમાં લખેલું છે કે જે કોઇ અંધારાની સાહામણે થવાને, અંધારાને લગતા દેવોની સાહમણે થવાને, ચોરો, લુટારાઓ, જાદુગરો તથા પરીઓની સાહામણે થવાને તથા નાશકારક ઘાટકી મીનો અથવા અંઘરમેનીઉશની સાહમણે થવાને અમર્ગ અને તેજ ઘોડાવાલા સુરજને ઇજે છે તે ગોથા દાદાર અહુરમઝદને ઇજે છે, અમશાસપંદોની આરાધના કરેછે, (કારણકે અમશાશપંદો ખુશીથી તેની સાથે જોડાએલા છે) તથા ખુદ પોતાના આત્માની આરાધના કરે છે (કારણકે તે આરાધનાથી ખુદ આત્માને પોતાને ફાયદો થાએ છે), અને તમામ મીનો તથા ગેતી ઇઝદોને સંતોષ પમાડે છે. એ ઉપરથી આપણુ

સર્વે માઝદીઅસનાનોની ફરજ છે કે હાવન, રપીથવન અને ઉજીરન ગેહેમાં સુરજની આરાધના કરવી અને તેની આગલ આપણું સર નમાવવું અને મનમાં તે બારેહકતાલાનો ઉપકાર માનવો કે અગરજો તે દાદાર અહુરમઝદ આફતાબને પેદા કરતે નહી તો આએ હાડમંદ દુન્યામાં સઘલે અંધકાર ફેલાતે, અને માણસો ઉપર અંધરમેનીઉશના પેદા કીધેલા દેવો જુલમ પાડતે, અથવા હરએક તરેહની મરકી અને રોગ ઉત્પન્ન થતે. એ યસ્તમાં મેહેરનું પણ લખાણ આપણને મલે છે અને તેનો અર્થ રોશની, રોશનીનું મુલતત્વ છે, અને દેવોના માથાની સાહમણે મારવાને મેહેર ઇઝદનો ભારી ગુરજ તે મરકીને નાશ કરનારા સુરજના તીક્ષણ કીરણો સહમજવાં. સુરજ તથા ચંદ્રને ઘણોજ અતલગનો સંબંધ છે, જે હાલની વીદ્યા પ્રમાણે પણ પુરવાર થાએ છે, તે એ છે કે માહબોખતાર પોતાની રોશની આફતાબમાંથી મેલવે છે. સેવટે ભણનાર અમર્ગ, પ્રકાશીત, તેજ ઘોડાવાલા સુરજને તેના નુર અને પ્રતાપને લીધે મોટેથી વખાણવા ઇચ્છે છે. અને તેને બરસમ, મ્યજદ અને કીયાની ભેટોથી વખાણવા ઇચ્છે છે, અને સૂર્યને વખાણ, બલ અને કૌવત ઇચ્છે છે અને ખોદાતાલા પાસે દુવા માગે છે કે તેનું નુર જ્યાદા થાઓ, અને અહુરમઝદના પેદા કીધેલા પાહાડને વખાણે છે કે જ્યાંથી સુરજ ઉગે છે. એ પાહાડ શું છે તે આપણે આગલ ચાલતાં બુનદેહેશનેના લખાણમાં જોઇશું. ખુરશેદ યસ્ત તથા નીઆએશ શીવાએ બીજી કોઇબી નીઆએશ અથવા યસ્તમાં ખુરશેદને વીશે જાણવાજોગ આવતું નથી પણ ફકત છુટા છવાયા ફકરાઓ આવે છે જેઓનો મુખ્ય સાર એ છે કે "હમો તેજ ઘોડાવાલા ખુરશેદને ઇજીએ છીએ."

ઉશહેન ગેહ.

ભણનાર એ ગેહેમાં અશોઇના સરદાર અશો 'ઉશહેન' ને વખાણે છે, તથા સોહામણી બામદાદને તથા નુરમંદ ચલકતા ઘોડાવાલી માણસોને મદદ કરતી તથા નર પેહેલવાન માણસોને પસંદ પડતી સહવારોની રોશણીઓને વખાણે છે, જે આસાનીવાલી, તેજ, ચપલ ઘોડા ઉપર સવાર થએલી, તથા હફતે કેશવર જમીન ઉપર ફેલાએલી છે. દરેક ચુસ્ત માઝદીઅસનાનની ફરજ છે કે પોતાની કસ્તી દાહાડામાં સુરજભણી ફરીને છોડવી, કારણકે તેમ કીધાથીજ ફકત તે કીરતારનો આપણને આએ ફાની દુન્યામાં ખ્યાલ આવે છે; આકાશ ઉપર આપણે જોઇએ છીએ કે સઘલા સેતારાઓ અને ગ્રહોમાં સુરજ સૌથી મોહોટો, સૌથી પ્રકાશીત અને વધારે ગરમી આપનારો છે. તે ઉપરથી આપણને તેની આરાધના કરવી જોઇએ. અહુરમઝદની પેદા કીધેલી ચીઝોમાંની તે સૌથી સરસ જીવતી નીશાની છે. અવસ્તાનો 'ઉશહેન' તે હીંદુઓનો 'ઉશસ,' અથવા સહવાર છે.

યજશને.

પેહેલા હાના ૧૧ માં ફકરામાં, હા ૩, ૧૩ માં ફકરામાં, હા ૪, ૧૬ મા ફકરામાં હા ૭, ૧૩ માં ફકરામાં અને હા ૧૬, ૪થા ફકરામાં ભણનાર તેજ ઘોડાવાલો ખોરશેદ કે જે અહુરમજદની આંખ છે તેને ઇજન કરે છે તથા આદરમાન આપે છે; પેહેલા હાના ૧૬ મા ફકરામાં ખોરશેદને બીજી રપેના-

મીનોની પેદાએશ સાથે ઇજવામાં આવ્યો છે, અને બીજા હાના ૧૧ માં ફકરામાં તથા ૬ થા હાના ૧૦ માં ફકરામાં ખોરશેદ, મેતારા, માહતાબ અને મેહેરને બરસમને લગતા ઓરવરોની સનમુખ યાદ કરવામાં આવ્યો છે. ૭ મા હાના ૧૮ માં ફકરામાં અને ૭૧ મા હાના ૯ મા ફકરામાં ખોરશેદને પવીત્રાઇથી યાદ કરવામાં આવ્યો છે. ૨૨ મા હાના ૨૪ મા ફકરામાં અને ૨૫ મા હાના ૪ થા ફકરામાં અમર્ગ, નુરમંદ તથા તેજ ઘોડાવાલા ખોરશેદની ખુશનુદીને માટે ભણનાર ઇજશનેમાં ઇજે છે; ૩૬ મા હાના ૬ થા ફકરામાં અને ૬૮ મા હાના ૩ જા ફકરામાં ખુરશેદ બુલંદ રોશણીઓમાંની સૌથી બુલંદ રોશની તરીકે જાહેર થએલો છે, અને તેને હોરમઝદના શરીરોમાંના સૌથી સરસ શરીર તરીકે અલંકારીક રીતે ગણવામાં આવ્યો છે, અને પાછલા વખતના લખાણોમાં તેને નુરોના નુર સાથે સરખાવ્યો છે. ખોરશેદ શીવાએ જે બીજા ફરેસ્તાને અવસ્તામાં ઘોડાઓ લઇ જાએ છે તે સરોશ છે કે જેને ચાર કપીલા રંગના ઘોડાઓ કે જેઓની ખરીઓ સીસાની અને ઉપર સોનાનો ઢોલ ચહડાવેલો છે તેઓ રથમાં લઈ જાએ છે.

વીસ્પરદ.

એ ચોપડીના (બીજા ફકરા) ૧૯ મા કરદામાં ખોરશેદની રોશણીને, ખોરશેદ જે બુલંદોમાં સૌથી બુલંદ છે તેને અને ખોરશેદ ઇજદને ભણનારાઓ વખાણે છે.

વંદીદાદ.

એ પવીત્ર કેતાબની ૨૧ મી ફરગરદમાં ભણનાર સુરજને દુઆ દે છે "કે ઓ તેજ ઘોડાવાલા સૂર્ય અલબરૂઝ પાહાડઉપર ઉગ અને આગલ ચાલ, અને દુન્યાને માટે રોશણી બનાવ અને ઓ મરદ તું ત્યાં ઉઠ, અગરજો તું ગરોથમાનમાં જવાનો હોએ તો અને હોરમઝદને રસ્તે, મીનોઇ ફરેસ્તાઓથી બનેલા રસ્તે, અને પાણીઓથી બનેલા મુલક તરફ જવાનો હોએ તો તું ઉઠ."

ગાથા.

ગાથાઓમાં સૂર્યને વાસ્તે કાંઇપણ જાણવા જોગ મલતું નથી.

પેહેલવી લખાણો.

૧. બુનદેહેશને.

એ અસલી ઇરાનીઓની પુરાતમ કેતાબમાંના પેહેલા બાબમાં જણાવ્યું છે કે અહુરમઝદે બેહેમન અમસાસપંદને પેદા કરયા પછી આસમાનને પેદા કીધું હતું, અને તે આસમાનને બેહેમન અમશાસપંદ જે નેકીનો ખાવંદ છે તેની નેક ચાલની રોશની આપી હતી, પણ બીજી તરફ જણાવ્યું છે કે દાદાર અહુરમઝદે પાક અને રોશણ ગરોથમાન બેહેશતની રોશણી આસમાનને આપી

છે. દાદાર અહુરમઝદે જે પ્રથમ બાર ચીઝ પેદા કીધી છે તેમાંથી ત્રીજી ખોરશેદની ચાલ છે. એ સઘલી ચીઝો આતશની મદદથી ગનામીનોને ઊંધો નાખીને તથા અહુનવરની ફત્તેહથી ૩૦૦૦ વરસમાં પેદા કીધી છે.

ખુરશેદ, સેતારા અને ચંદ્રનું અલબુરૂઝ પાહાડના દરમ્યાનમાં ફરવું છે કે જે પાહાડ ૧૫૦૦ વરસપછી સૌથી ઊંચા આસમાન તલક પહોંચ્યો હતો. એ અલબુરૂઝ પાહાડ અવસ્તામાં આવેલા પાહાડ સાથે સરખાવવામાં આવ્યો છે. વંદીદાદમાંના 'હરબેરેઝઇતી' પાહાડનો અર્થ પણ અલબરૂઝ થાએછે. અલબરૂઝ પાહાડ તમામ જેહાનની આસપાસ છે અને કોહેતીર નામનો પાહાડ જેહાનની અધવચમાં ઉગેલો છે, અને તે પાહાડની બુલંદી પેહેલા આસમાન તલક પહોંચી છે કે જ્યાં ખોરશેદનું ફરવું છે. એજ વીચાર મુસલમાનોની દંતકથામાં પણ જણાવવામાં આવે છે; તે એમ છે કે બે જાતની સહવારમાં તેઓ માને છે. એકતો 'સોબેહકાઝેક' અથવા ખોટી સહવાર અને બીજી 'સોબેહસાદેક' અથવા ખરી સહવાર; તેઓ એવું માને છે કે 'કાફ' નામનો પાહાડ આખી દુન્યાની આસપાસ ફરી વલેલો છે કે જેને 'કોકેસસ' અથવા 'કોહેતીર પાહાડ સાથ સરખાવવામાં આવે છે. સહવારના પોહોરમાં જ્યારે સુરજ ઉગે છે ત્યારે એ પાહાડની એક ફાટમાંથી થોડું અજવાલું બહાર પડે છે અને તે અજવાલું તે ખોટી સહવાર અથવા ઝહઝડલું છે, પણ જેમ જેમ સુરજ ઉપર આવે છે તેમ તેમ તે અજવાલું નાબુદ થાએ છે અને પાછું સીહા અંધારૂં થાએ છે અને વલી પાછું જ્યારે સુરજ ઉપર આવે છે ત્યારે ખરી સહવાર પડે છે. એ ઉપરથી સાફ માલમ પડે છે કે અસલના મુસલમાનો અને ઈરાનીઓમાં એ પહાડને માટે એકજ વીચાર હશે; એ 'અલબરૂઝ' પાહાડ 'કેસ્પીઅન'ની દક્ષીણે 'માઝંદરાન'માં આવેલો છે. અને અસલી ઈરાનીઓને સૌથી ઉંચો પાહાડ લાગતો હતો. ઈરાનીઓના વીચાર પ્રમાણે ખોરશેદ તેજ ઘોડાઉપર બેઠો છે; અલબુરૂઝ પાહાડ જેહાનની આસપાસ છે અને કોહેતીર. અથવા તૈરાક અથવા અવસ્તાનો તૈરા નામનો પહાડ કીલ્લાની આસપાસ ઉગીઓ છે; ખુરશેદનું ફરવું દુન્યાની આસપાસ ખાઈની મીસાલે છે; ખુરશેદ કોહેતીરની પાછલ અને અલબરોઝની વચમાં ફરે છે; એ બેઉ પહાડો ગોફાની મીશાલે છે, અને તે ગોફામાં ખુરશેદનું ફરવું છે, અને તે ૧૮૦ દહાડા ઉગમન દશાની તરફના મુલકમાં અને ૧૮૦ દહાડા આથમન દશાની તરફના મુલકમાં ફરેછે, અથવા તો પુર્વમાં અલબુરૂઝની અંદર ૧૮૦ કાના છે. અને પશ્ચીમે ૧૮૦ છે, અને દરરોજ સૂર્ય એક એક કાનામાં આવેછે અને પાછો બહાર જાયછે; 'ઈનીક'ની ચોપડીના ૫૩ માં બાબમાં જણાવ્યું છે કે છ પૂર્વ અને છ પશ્ચીમના આકાશના દરવાજા છે કે જેમાંથા આફતાબ દર મહીને, અને નહી કે દરરોજ આવજાવ કરે છે. અલબુરૂઝ પાહાડમાંથી અને કોહેતીર પાહાડની કીનારી ઉપરથી રોશન ખોરશેદ દરરોજ ઉપર આવે છે અને રોશણીની સાથે ચાલે છે, પણ કોહેતીર વચમાં ઊંચો છે અને સૂર્ય તેની પાછલ જાએ છે, અને અલબુરૂઝ પાહાડની વચમાં જાએ છે તે વખતે એ જગા ઉપર અંધારૂ અથવા રાત પડે છે. એ વીચાર અસલની યુનાની દંત કથામાં પણ જોવામાં આવે છે, તે એ છે કે ખોરશેદ એક મોહોટી બારીમાં રાતના ભરાઇ બેસે છે, અને તેથી દુન્યામાં અંધકાર

થાએ છે, અને પાછો તે બારીમાંથી દીસના ઉપર આવે છે. ખોરશેદ અસલી ઇરાનીઓના વીચાર પ્રમાણે તમામ અરધા દહાડામાં સાડા ત્રણ મોલકની ઉપર ફરે છે અને લોકોના જોવામાં આવે છે; એ અરધો દહાડો તે સહવારના છથી તે સાંઝના છ સુધી સહમજવું, અને દર વરસે બે મરતબે રાત દહાડો બરાબર થાએ છે; ખોરશેદ નાહના દહાડાઉપર ઘણોજ સેતાબીથી ચાલે છે, અને વસંતરૂતુ અથવા બાહારના વખતમાં રાત અને દહાડો બરાબર થાએ છે. મેદીયોશેમના તીર મહીનાના ખુરશેદ રોજથી તે દેએ મહીનાના બેહેરામ રોજ (સૌથી ટુંકો દહાડો) સુધી રાત વધે છે અને મેદીઆરેમથી પેતોકશેમ સુધી રાત ઘટે છે અને દીવસ વધે છે. જ્યારે ખુરશેદ પેહેલી રાશી વારીક અથવા 'એરીસ' માંથી પસાર થાએ છે ત્યારે દહાડોને રાત એક સરખો થાએ છે, અને જ્યારે 'કલાકંગ' અથવા 'કેનસર' (કાચબા) ની રાશીમાં આવે છે ત્યારે દહાડો સૌથી મોહોટો થાએ છે અને ઉન્હાલાની શરૂઆત થાએ છે; બીજી વખતે દહાડોને રાત 'લાઇબ્રા' અથવા 'તારાગુક' માં બરાબર થાએ છે; જ્યારે ખુરશેદ 'વાહીક' અથવા 'કેપ્રીકોર્ન' માં આવે છે ત્યારે રાત સૌથી મોહોટી અને શીઆલાની શરૂઆત થાએ છે; જ્યારે ખુરશેદ 'મીખ' અથવા પેહેલા બુરૂઝમાંથી પસાર થાએ છે ત્યારે દહાડો લાંબો થતો જાએ છે અને પાછો 'મેખ'ની બુરૂઝમાં આવે છે ત્યારે ૩૬૦ દહાડા થાએ છે અને પાંચ ગાથાના દહાડા બુરૂઝમાં નથી આપ્યા, કારણકે જો નાપાક ગનામીનો એ પાંચ દાહાડા બોરોજમાં જોતે તો તે દુરની હકીકત જાણી શકતે, અને હોરમઝદ કીયામત નહીં કરી શકતે.

સૌથી લાંબા દહાડાથી તે સૌથી ટુકા દહાડા સુધી જે જગાઉપર સુરજ ફરે છે તેને 'સાવાહ' અથવા ઉગમનના મુલકનું નામ આપવામાં આવ્યું છે. સૌથી ટુકા દહાડા ઉપર જ્યાંથી સુરજ આવે છે અને પાછો ફરે છે તે દક્ષીણ તરફના 'ફ્રદફ્શ' અને 'વીદદફ્શ' માં છે; સૌથી ટુકા દહાડાઉપર જ્યાંથી સુરજ અંદર જાએ છે તે સૌથી લાંબા દેહાડા સુધી બહાર આવે છે તે મુલકનું નામ પશ્ચિમ તરફનો 'અરેઝ' છે; સૌથી લાંબા દહાડાઉપર જ્યાંથી તે અંદર આવે છે ને સૌથી લાંબા દહાડા ઉપર પાછો બહાર જાએ છે તે ઉત્તર તરફનું 'વોરૂબરસ્ત' અને 'વોરૂગરસ્ત' કેશવર છે; જ્યારે સુરજ ઉગે છે ત્યારે તે 'સવાહ,' 'ફ્રદફ્શ,' 'વીદફ્શ' અને અરધા 'ખનીરથબામી'ને રોશની આપેછે, અને જ્યારે તે અંધારો બાજુ ઉપર જાએ છે ત્યારે તે 'અરેઝ,' 'વોરૂબરસ્ત,' 'વોરૂઝરસ્ત' તથા 'ખનીરથ'ના અરધા કેશવરને રોશની આપે છે, જ્યારે એક તરફ દહાડો છે ત્યારે બીજી તરફ રાત પડેછે. ખોરશેદ ઇઝદનું હઝારી દાડમડીનું ફુલ છે.

અવસ્તાના વીચાર પ્રમાણે દુનીઆ સાત કેશવર અથવા ખંડમાં વેહેંચાઇ ગઈ છે; ૩ા કેશવરને રોશની આપવાસારૂ ખોરસેદનું પ્રકાશવું છે તેની મતલબ એ છે કે પૃથવી આસપાસના ઊંચા પાહાડ અને જગતના સંબંધ સાથની છે, અને પૃથવી ગોળ હોવાને લીધે સાત કેશવરનો અરધો ભાગ તે ૩ા કેશવર છે, અને તેથી ખોરશેદની ગતીને હમેશા પૃથ્વીના અરધાં ભાગની રોનક, ચલકાટ અને તેજને સારૂ પ્રકાશવું છે. આપણને પેહેલાં દહાડો અને પછી રાત ગણવી

જોઇએ, કારણકે દહાડો પેહેલાં અને પછી રાત આવે છે; દહાડો અને રાત ગણવાની ચાલ મુસલમાન અને યાહુદી લોકોમાં આપણાથી ઊલટીજ છે. ખ્રાસ્તીઓ પોતાનો દહાડો રાતના બાર વાગતેથી શરૂ થએલો સમજે છે, ને આપણ જરથોસ્તીઓ સહવારના સુરજ ઉગવાથી ગણીએ છીએ. ઉન્હાલાનો દહાડો શીઆલાના બે સૌથી ટુકા દહાડાની બરાબરનો છે, અને ૧૨ હસર અથવા ૧૬ કલાક લાંબો છે. પેહેલવી લખાણોના વીચાર પ્રમાણે સુરજનો ફરેસ્તો મોટાં લોકોમાં ભણનારને શક વગરનો કરે છે, તેમજ તેની બરોબરનાઓ પણ તેને માન આપે છે, અને તે પોતે વધારે સીંગાર પામેલો થાએ છે. ખુરશેદ ઉપરથી કેટલાએક ઇરાની વખણાએલા પુરૂષોના પણ નામ પાડવામાં આવ્યાંછે, જેવોકે 'ખુરશેદકીહાર' કે જે જરથોસ્તનો છોકરો અને ગુશતાસ્પના લશકરનો વડો હતો, અને જે કધદેહેજમાં રહેતો હતો. બુનદેહેશનેમાં લખ્યું છે કે ખુરશેદ યસ્ત જો કે કોઇબી વખતે ભણાએ, પણ ઘણુ કરીને તે તે દહાડાઓ ઉપર ભણવામાં આવતી હતી કે જે દહાડાઓ સુરજને અર્પણ થએલા હતા, જેવાકે શેહરેવર, મેહેર. આસમાન, અનેરાન (૧૧, ૧૬, ૨૭ અને ૩૦ મો દહાડો); છેલ્લા ત્રણ જેવાકે મેહેર આસમાન અને અનેરાન (અનઘ્ર=ઘણી રોશની) એઓને સુરજ સાથે કુદરતી સબંધ હોએ છે, પણ શેહેરેવર સાથનો તેનો સંબંધ સાફ માલમ પડતો નથી; ખુરશેદ નીઆએશમાં 'સઓકન્ત' પાહાડની આરાધના કરવામાં આવી છે કે જ્યાં એક સુનેરી નલી છે કે જે જમીનના ફ્લમાંથી ઉત્પન્ન થએલી છે; જમીનની સપાટી ઉપરથી પાણી તે નલીના આંધરામાંથી આકાશ ઉપર જાએ છે, અને પવનના હંકરાયાથી દરેક ઠેકાણે પંથરાઇ જાએ છે, અને તેથી દવ ઉત્પન્ન થાએ છે. એજ કેતાબમાં સુરજને કેમ પેદા કરવામાં આવ્યો હતો તે પણ જણાવ્યું છે. દુનીઆની શરૂઆતમાં 'સારો ફરેસ્તો' અથવા 'સ્પેન્તમેનીઉશ' બેહદ રોશનીમાં હતો, અને નઠારો 'અંઘરમેનીઊશ' બેહદ અંધારામાં હતો; ત્યારપછી બેઉ ફરેસ્તાઓએ પોતાની ચીઝો પેદા કીધી, અને એમાંના કોઇએ પણ ૩,૦૦૦ વરસ સુધી કોઈ સાથે લડાઇ કીધી નહી. પણ ત્યારપછી બુરા ફરેસ્તાએ લડાઇ કરવા માંડી અને આખરે અંઘરમેનીઊશે એવી કબુલાત કીધી કે તેની હકુમત ૯,૦૦૦ વરસ સુધી ચાલુ રહે અને વચમાના ૩,૦૦૦ વરસ તે ઘણોજ ફત્તેહમંદ રહે; પણ સારા ફરેસ્તાએ બીજા ૩,૦૦૦ વરસ સુધી એક પવીત્ર કલામ ભણીને બુરાને ઘભરાટમાં નાખ્યો, અને પોતે અમશાસ્પંદો, સુરજ, ચંદ્ર અને સેતારાઓને બનાવ્યા; પછી બુરા ફરેસ્તાએ પોતાના દેવોની મદદથી સ્પેન્તમેનીઊશ ઊપર ધસારો કીધો, અને આસમાન. પાણી, જમીન, ઝહાડપાન, જનાવર (ગાવીઓદાદ=પેહેલો ગોધો) અને ગયોમરદ (પેહેલા શખ્શ) ઉપર થોડી ઘણી ફત્તેહ મેલવી; તે એ કે આકાશમાં તેણે હીલચાલ કીધી, પાણી ખારાં કીધા, જમીન ઉપર પાહાડો કીધા, ઝહાડપાનને કરમાવ્યા, અને ગાવીઓદાદ તથા પછી ગયોમરદને મોત આપ્યું.

૨. શાયસ્ત-લા-શાયસ્ત.

એ પેહેલવી કેતાબના સાતમાં બાબમાં જણાવ્યુંછે કે સહવારના સુરજની બંદગી બપોર સુધી કરવી જોઇએ, અને બપોરને વખતના સુરજની બદગી

સાંહાંજ સુધી કરવી જોઇએ અને સાંહાંજના સુરજની બંદગી દીવા થાએ ત્યાં સુધી કરવી જોઇએ છે. સુરજની બંદગીના ફકરાઓ આપણી પાસે બચી ગએલી અવસ્તાની કેતાબોમાં ખોરશેદ નીઆએશ અને યસ્તમાં મલી આવે છે, એ બંદગી હાવન, રપીથવન તથા ઊજીરન ગેહેમાંજ કરવી જોઇએ; બંદગી કરવાને માટે એવું ફરમાવ્યું છે કે જો તે બંદગી કરનારમાં હુશીઆરી હોએ તોજ તેને તે કરવી રવા છે. અને જો તેના મનમાં આવે કે આવતી ગેહેમાં તેનેથી સુરજની બંદગી નહી થશે તો તેની અગાઊના વખતમાં તે ભણનારે સુરજની આરાધના બરોબર કરવી જોઇએ અને અગરજો તેની આરાધના ભણનાર બરાબર કરતો નથી, (શીવાએ કે તેમ નહી કરવાથી એક વધારે ખરાબ દુઃખને દુર કરે છે.) તો તે સુરજને ઇજવા લાએક શખશ નથી; સુરજને દરેક વખતે બરાબર વખતસર ઇજવું એ સારૂં છે. પણ જો ભણનાર એકવાર સુરજની બંદગી નહી કરે તો તે ત્રીસ સ્તર અથવા એક 'અરદુસ'નો ગુનાહ કરે છે. સુરજને એકવાર ઇજવાથી તનાફુર ગુનાહ કપાએ છે, અને ખુરશેદ, માહ તથા આતશની નીઆએશ કરવાથી દરાનના જેટલું સવાબ મલેછે; જો કે સુરજ વાદલાંથી ઢંકાઇ ગએલો હોએ તોપણ તેની આરાધના કરવી મુનાસેબ છે, અને જો તેની આરાધના ભણનાર કરે નહી તો જે ભલાંકામો તે શખ્શ તે દહાડે કરે છે તેનું સવાબ તેને લાગતું નથી, અને વલી ભલી દીનના કાયદા મુજબ કીધેલાં સારા કામોનો પણ તેને બદલો મલતો નથી. મોત પછીના ત્રણ દહાડાઓ ફરવશીઓ, સુરજ અને ચંદ્રને અર્પણ કરવામાં આવ્યા છે, અને ખોરશેદને અર્પણ કરેલુ ફળ 'સફેદ મરવ' છે. સુરજનો એલકાબ અવસ્તામાં રોશનીનો લઇ જનાર છે, અને તે દેવોનો મોટો દુશમન છે; ખોરશેદ યસ્તમાં જણાવ્યા પ્રમાણે તે હોરમઝદની અને બેહેસ્તની આંખ છે.

૩. ગોસ્તફ્રયાન.

બીજા બાબના ૬૫ માં ફકરામાં અખ્તત જાદુગરે પુછેલા ઊખીઆણાના જવાબમાં ગોસ્તફ્રયાન જણાવે છે કે સારો સુરજ જે દુન્યાને રોશની આપે છે તે એકજ છે, અને વલી એટલું સુધી જણાવ્યું છે કે સારા માણસની હથેલી સુરજના કરતાં વધારે ગરમ છે, કારણકે ગોસ્તફ્રયાનની હથેલીએ અખ્તના ભાઇના દીલનું ઝેહેર પીગલાવી નાખ્યું હતું.

૪. દાદેસ્તાને દીનીક.

એ કેતાબના ૬૭ માં બાબમાં જણાવ્યું છે કે સુરજના ચલકાટ અને ધુમસ અને વાદલા સાથનું ભેલાવું એ વરસાદની કમાનને કહે છે; ૬૮ માં બાબમાં જણાવ્યુ છે કે સુરજ અને ચંદ્ર જ્યાં હોએ છે ત્યાંજ જણાએ છે, અને માણસો અને જનાવરોને માટે પેદા થએલા છે. સુરજ ચંદ્રના કરતાં વધારે ઝડપનો છે. કારણકે ચંદ્ર દરરોજ ૪૮ મીનીટ અવારો ઊગે છે અને અસ્ત પામે છે, અને સુરજ દરરોજ જરા નજદીક જાએ છે. ચાંદરાતને દહાડે સુરજ પ્રકાશીત છે તે ચંદ્ર પાછલ ઘટવાને લીધે છે, તે દહાડે ચંદ્ર ઘણુ ચાલવાથી પતલો થાઇ જાએ છે અને સુરજના તેજથી જણાતો નથી; જ્યારે

સુરજ નીચે જાએ છે ત્યારે ચંદ્ર ઉપર આવે છે, દરરોજ વધે છે, સુરજની પછવાડે વધારે આવે છે અને ઘણો પછવાડે જાએ છે, અને જ્યારે ઘણોજ વધે છે (એટલો બધો કે સુરજના જેટલો) ત્યારે તે ગોલ થાએ છે અને આખી રાત જણાએ છે, અને પાછો ફરીથી ઘટે છે, સુરજની દોસ્તીમાં આવે છે અને સુરજના તેજમાં જતો રહે છે. એ ઉપલું લખાણ હાલની વીદ્યાને ઘણું ખરૂં મલતું આવે છે; ચંદ્ર દરરોજ પોણો કલાક મોડો ઉગે છે તે પણ ઉપર આવી ગયું અને પોતાની રોશની સુરજમાંથી મેલવે છે તેપણ ઊપલા લખાણ ઉપરથી માલમ પડે છે. ૬૯ માં બાબમાં 'દાદેસ્તાને દીનીક' નો લખનાર જણાવે છે કે સૌથી પેહેલાં ગોધાના બે બચાંઓ સુરજ અને ચંદ્રની ઘણાજ નીચે ફરે છે. અને જ્યારેબી આસમાનના ચક્કરમાં તેઓ સુરજ અથવા ચંદ્રની નીચે ફરે છે, ત્યારે સુરજ ઉપર ઢાંકણું ફરી વલે છે અને સુરજ દુન્યાના લોકોને દેખાતો નથી અથવા સુરજ ગ્રહણ થાય છે. સુરજની ઘણીજ નીચેના ભાગોથી કીરણો દુન્યામાં પડતા નથી એમ નથી પણ ફકત ઉપલી ચીઝો વચમાં આવવાથી તેઓની રોશની દુન્યામાં આવતી અટકી જાએ છે. એ ગ્રહણની બાબદ આપણે આગલ ચાલતાં જોઇશું. એ કેતાબના બીજા બાબમાં જણાવ્યું છે કે એક પરહેજગાર માણસ સુરજના કરતાં વધારે સરસ છે, કારણ કે તે પરહેજગાર માણસ ભલી દીનનો ફેલાવો કરે છે, હોરમઝદનો આભાર માને છે, દેવોના નાશ પામવાનું ખચીત્તજ સહમજે છે, માંથ્ર ભણે છે, અને કીયામતના અને દુનીઆના પાછા પેદા થવામાં માને છે; આવો પરહેજગાર શખ્શ અંધારાને દુર કરનાર અને ઉજરડાને આગલ વધારનાર તેજ ઘોડાવાલા ખોરશેદ કરતાં સરસ છે; જ્યારે દુનીઆ પાછી થશે ત્યારે સુરજ અથવા આએ મોહોટી રોશની પરહેજગારીનો પોશાક થશે. વલી એ કેતાબના ૧૭ માં બાબના ૯ મા ફકરામાં લખનાર લખે છે કે સુરજ જે ચરબી હાડકાંની આસપાસ છે તેને કોહોવાડે છે, પાંથરી નાખે છે અને નકામી કરે છે; આએ ચરબી માણસનું મોત જેમ જેમ નજદીક આવે છે તેમ તેમ ભીની થાએ છે અને માણસના મુઆ પછી બીક અને કંતાલાથી ખવાઇ જાએ છે અને વાસ મારે છે અને કાલબુદ ખાનારો કાગડો તે ચરબી ખાવાને લાએક થાએ છે, કારણકે સુરજના તાપથી તે તપે છે. ૩૭ મા બાબમાં જણાવ્યું છે કે કીઆમતને વખતે જો કે સુરજ પોતાની હઇઆતી ભોગવતો રહેશે તોપણ સુરજનું જવું અને આવવું અથવા રાત અને દહાડાનું આવવું જરૂરનું નથી, કારણ કે તે દુનીઆ તે વખતે રોશનીની આપનારી થશે, સઘલે અજવાલું પડશે, અને સુરજ, ચંદ્ર, તથા તારાઓ દુનીઆની હૈયાતીવાલાઓને માટે પ્રકાસીત થશે.

૫. દીનકરદ (વાલમ પેહેલું.)

એ કેતાબના ૯ મા સવાલમાં આપણને 'બુનદેહેશને' નેજ મલતું લખાણ મલે છે; તેમાં જણાવ્યું છે કે પૃથવી આસપાસના ઊંચા પાહાડોની સાથે સંબધ ધરાવે છે. અને તેનો આકાર ગોલ હોવાને લીધે, સાત કેશવરની પૃથવીનો અરધો ભાગ અથવા ૩॥ કેશવર ઉપર ખોરશેદની ગતીને હમેશા રોનક, ચલકાટ તથા તેજને સારૂં પ્રકાશવું છે.

૬. દીનકરદ (વાલમ બીજું.)

એ કેતાબમાં જણાવ્યું છે કે દરેક ભલી દીનનો શખશ જે આરાધના કરતો હોએ તેણે ખોરશેદની સાહામને અહુરમઝદની નીઆએશ કરતી વખતે દુઆ નામ સેતાયશને પઢવી, અને આએ સ્તુતી પુરી કરતી વખતે ત્રણ અશેમ-વોહુ પઢવી. હાલમાં 'વીસ્પ સેતાયશને દાદાર અહુરમઝદ' નો ફકરો ત્રણવાર ભણ્યામાં આવે છે અને તેની સાથે દર વખતે એક 'અશેમવોહુ' પઢવામાં આવે છે અને સઘલી મીનો તથા ગેતીને લગતી દરએક પેદાએશ તેને આબાદ રાખનારાઓ જેમાં આફતાબ છે તેની સ્તુતી કરવાને બંધાએલી છે.

૭. દીનકરદ (વાલમ ત્રીજું,)

૧૧૯ માં બાબમાં દીનકરદનો લખનાર કહે છે કે આસમાન, જમીન, સુરજ, ચંદ્ર અને સેતારાઓ તેઓના કામ ઉપરથી માણસોને જણાએલા છે; તેઓ કાયદા પ્રમાણે પોતાની ગતીમાં ચાલે છે, અને હોરમઝદે તેઓને પેદા કર્યા હતા.

૮. દીનકરદ (વાલમ ચોથું.)

એ ચોપડીમાં જણાવ્યું છે કે જ્યારે સુરજ પ્રકાશે છે, ત્યારે આએ દુન્યાને લગતી દરેક વસ્તુઓ ખુશબોવાલી, સ્વચ્છ અને રોશનીવાલી થાએ છે, અને સારી ચાલચલણના લોકો સુરજની રોશણીમાં સારાં કામો કરે છે, અને ગરમી તથા તરાવત રોશણીથી છે, અને જ્યારે અંધારૂ પડે છે ત્યારે સરદી તથા સુકાસ સઘલે પંથરાએ છે. જે ધર્મગુરૂના વચનો રોશણીને લગતાં હોએ તે બેહેસ્તને લગતાં હોએ છે. ખુરશેદની ઊત્પન્તીને વાસ્તે એ ચોપડીમાં નીચલું જણાવ્યું છે. હોરમઝદે ખોરશેદને આસમાનની અંદરની સર્વેથી ઊંચી જગોએ દુન્યાની શરૂઆતમાં પેદા કર્યો હતો; ત્યાંથી તે ચારવાર પ્રકાશે છે, અને તેની મતલબ દુન્યાના લોકોને ચારવાર સહમજ આપવા વીશેની છે. પેહેલવેહેલ્લાં તે થમ પેદા થયો હતો, અને પછી ચાર તબક્કે તે દરેકવાર વધતો જતાં તેને હેઠે ઉતારવામાં આવ્યો હતો, અને તે હાલતમાં હોરમઝદની મરજીથી તે હમણા સુધી છે. તેનું સર્વેથી ઉંચી જગામાં પાછું આવવું એ પેગમબરોના વખતને બતલાવવા સારૂં છે. તેનું ઊંચા મકાનમાં જવું અને આવવું અહુર-મઝદની મરજી ઉપર આધાર રાખે છે. ખોરશેદનો ઇરાદો જરથોસ્તની માર-ફતે માઝદીઅસની દીનને ફરીથી ચાલુ થવા વીશેનો છે, અને તેનો પેહેલ્લો ઇરાદો દીનની હદ પુરી થવાના વખતને લગતો હતો. સુરજ પેહેલ્લા તબક્કામાં અથવા અંદરગાહમાં ૧૦ દહાડા અને રાત થોભે છે, અને એ વખતમાં તે મથાલેથી પાછું ઉપર જાએ છે; મથાલેથી પાછું ઉપર જવાની બીજી હદ કે જે હોશેદરની દીનની હદ બતલાવે છે, તે વખતમાં ખોરશેદ ૨૦ દહાડા અને રાત ફરે છે; ત્રીજા અંદરગાહમાં ખુરશેદ ૩૦ દહાડા અને રાત્ર રહે છે. એ પછીના ૫૭ વરસ પુરાં થતી વખતે મથાલેથી પાછું ઊપર જવાની હદ કે જે ચોથો અંદરગાહ છે તે સુરજને પ્રકાશવાના આસમાનના ચોથા તબક્કામાં પાછું આવવું અને તેની અંદર રહેવું છે, કે જ્યાં પ્રથમ દુન્યાને ફાયદો કરવા તેને

પેદા કરવામાં આવ્યો હતો. જ્યારે સુરજ સર્વેથી ઉંચા આવેલા ચોથા તબક્કામાં પ્રકાસશે ત્યારે ખલક પાછી સ્વચ્છ થશે અને બુરાઓને હાણી થશે, તથા બુરાઓ તનપસીન બનશે. દીનકરદના પાંચમાં વાલમમાં સુરજને વાસ્તે કાંઇપણ લખાણ આપણને મલતું નથી.

૯. દસાતીર.

એ ચોપડીમાંથી એવું માલમ પડે છે કે તમામ આસમાનો ગોલ, પાક અને પવીત્ર છે અને મરતાં નથી, અને દરેક સેતારાની સાથે એક અક્કલ તથા રવાન છે, અને એજ મીશાલે હરેક શખ્શ આસમાનના તનની સાથે તથા ફરતા તારાઓ સાથે હોશ તથા રવાન છે; એ ઉપલાને મલતો વીચાર Plato, Wordsworth નામના નામીચા વીદવાનોનો પણછે. એ કેતાબના ૧૦૧ માં ફકરામાં જણાવ્યું છે કે જ્યાંસુધી આફતાબ કાયમ છે, ત્યાંસુધી તેનું નુરબી કાયમ છે, તેજ પમાણે દુન્યાબી ખોદાતાલાની સાથે કાયમ હતી, છે અને રેહેશે. નવમું આસમાન બીજા આસમાનોને પોતાની સાથે લઇને ઉગ્મનથી તે આઠ-મણ સુધી ફરે છે, અને આસમાન નથી તુટતું કે નથી ભાગતું કે નથી તેના કતકા થતા.

૧૦. મીનોખેરદ.

એ ચોપડીના વીચાર પ્રમાણે સુરજ તથા ચંદ્રની નેમ મુખ્ય કરીને દુન્યામાં રોશણી ફેલાવવાની અને તમામ ફુલ ફલાદીની ઉત્પન્તી, તથા તમામ વૃદ્ધી કરવાની છે. બીજું બેહેસ્ત ચંદ્રથી સુરજ સુધી છે, અને સુરજની જગા ઉપર હોરમઝદનું મકાન છે. મીનોખેરદમાં આપણને જેબી લખાણ ખગોળવીદ્યાને લગતું મલે છે તે હાલની એસ્ત્રોનોમીને ઘણું ખરું મલતું આવે છે. એ ચોપડીના લખનારના વીચાર પ્રમાણે આસમાન હીરાનું (અલમસ્ત) બનાવવામાં આવ્યું છે. હોરમઝદે સુરજ, ચંદ્ર અને ૧૨ ગ્રહોને માટે ઘણી જાતનું સુખ પેદા કર્યું છે. ' દાદાર હોરમઝદે આસમાન, જમીન અને પાણીને એક ઇંડાના આકારમાં પેદા કર્યું છે. દુન્યાનો આકાર ઇંડાની દાલની મીસાલે છે. આખી દુન્યાનું પાણી અરઝ કેશવરથી (જ્યાં સુરજ ઉગે છે) તે સવહ કેશવર સુધી (જ્યાં સુરજ અસ્ત પામે છે) વહે છે. દહાડા, મહીના, વરસ, ઉન્હાલો, શીઆલો, વસંત રૂતુ અને પાનખર રૂતુ, તથા બીજી દરેક જાતની ગણત્રીઓ સુરજ અને ચંદ્રના અસ્ત પામવાથી ગણાય છે. સુરજ, ચંદ્ર અને બાર ગ્રહોનું પેદા થવું તથા ફરવું એ સઘલું હોરમઝદના ડહાપણથી થએલું છે. મીનોખેરદના ૫૭ માં બાબમાં જણાવવામાં આવ્યું છે કે ડહાપણથી માણસોએ જમીનની તલીએના પાણીને સુરજના તડકામાં લાવવું જોઇએ કે જેથી તે પાણી ખેતીને માટે લાયક થઈ શકે.

૧૧. સીકન્દગુમાનીક-વઝાર.

એ ચોપડીના ચોથા બાબમાં જણાવ્યું છે કે પાંચ ગ્રહોમાંના દરેક, એ દોરાથી સુરજ અને ચંદ્રને જોડાયલા છે, કે જેથી તેઓ પોતાની ગતીની બહાર જાય નહીં.

ફ્રીમેસનો.

એવું કહેવામાં આવ્યું છે કે ફ્રીમેસનો પોતાના તાબામાંના છુપા હુનરો સાથે 'એ બ્રાકની ફેકલટી' પણ રાખેછે; એ બોલ ખચીત્તજ 'એ બ્રાક્સાસ' બોલ સાથે સંબંધ ધરાવે છે, અને જેમ યાહુદીઓમાં ખોદાનું નામ જાદુઇ ગુણ ધરાવતું હતું તેમ એ બોલને માટે એવું ધારવામાં આવ્યું છે કે તેમાં પણ જાદુઇ ગુણોછે. 'એ બ્રકસાસ'ના દેવતાને સુરજ સાથે સરખાવવામાં આવે છે, કે જે 'સુરજ'ને મલતો બીજો બોલ 'ગોલ્સ' લોકોનો 'બીલીનસ' નામનો દેવતો પણ છે. આએ ત્રણ બોલો 'એરાકસાસ,' 'મીથ્રસ' અને 'બેલીનસ'ના હરફોની ગ્રીક ભાષા પ્રમાણેની એકંદર રકમ ૩૬૫ થાય છે; જેમકે

અ	બ	ર	અ	ક્ષ	અ	સ	
૧	૨	૧૦૦	૧	૬૦	૧	૨૦૦	= ૩૬૫.
મ	ઇ	ત	હ	ર	અ	સ	
૪૦	૫	૧૦	૯	૧૦૦	૧	૨૦૦	= ૩૬૫.
બ	ઇ	લ	ઇ	ન	યુ	સ	
૨	૮	૩૦	૫	૫૦	૭૦	૨૦૦	= ૩૬૫.

ફ્રીમેસનો પોતાનું વરસ ઇરાનના શાહની મીસાલે 'જમશેદી નવરોઝ'થી ગણે છે, અને એ ૩૬૫ દહાડા એક વરસના છે કે જ્યારે સુરજ વરસને છેડે પોતાની પેહેલી રાશીમાં પાછો આવે છે અને એ દહાડો તે 'જમશેદી નોરોઝ' છે કે જ્યારે હમેશાં ૨૧ મી માર્ચે પડે છે. ફ્રીમેસનોનો ચલકતો તારો અથવા તો મધ્ય બીંદુની કીર્ત્તી સુરજ છે કે જે જમીનને રોશની આપે છે અને પોતાના આર્શીવાદો દુન્યાને આપે છે. મધ્ય બીંદુમાનો પોતાના કીરણો સાથનો 'સુરજ' ભગવાનની નીશાની બતાવે છે. તેઓને સાત વીદ્યા શીખવી પડે છે જેમાં ખગોલ વીદ્યા એક છે.

હીરોદોતસ તથા સ્ત્રેબોના વીચાર.

અસલના ઇરાનીઓ દેવતાઓના પુતલાંઓ અથવા દેહડાંઓ અથવા વધેરવાની જગાઓ (ઓલતરસ) રાખતા નહી હતા, તેઓ સુરજ, ચંદ્ર, પૃથવી, આતશ, પાણી અને પવનોને ઇજતા હતા. એસીરીયનોનો 'માઇ-લીટા,' આરબોનો 'આલીદા' અને ઇરાનીઓનો 'મીત્ર' એ એકજ ચીઝ છે; જ્યારે કોઇપણ ચીઝની જેવી કે સુરજની પ્રાથના કરવામાં આવે છે, ત્યારે તેઓ કાંઇબી વધેરવાની જગાઓ કરતા નથી અથવા આતશ સલગાવતા નથી, કાંઇપણ વજાડતા નથી, અને બાજરીની રોટલી પ્રાથનામાં વાપડતા નથી. પાહાડના સૌથી ઉંચા ભાગ ઉપર ભેટ આપનારાઓ જતા હતા, અને પોતાની સાથે દારૂ, કેકો અને ખરબચરાએલો અનાજ રાખતા નહી હતા. અગરજો કોઇ ભેટ કરવા માંગતું હતું તો તે ભોગ કરવા લાયક જનાવરને એક સાફ જગા ઉપર લઇ જતો અને સુરજની પ્રાથના કરતો હતો. અને પોતાના મુગટને 'મરતલ'ના પાદડાંથી સીંગારતો હતો: તે જનાવરને કાપીને તેના નાહના કતકા ઉકાલવામાં આવતા હતા, અને પાથરેલા લીલાં ઘાસ ઉપર તે સઘલું

ગોશ્ત મુકતો હતો, અને પાસે ઊભેલો 'મેથઇ' દેવતાઓની કવીતા ગાતો હતો, અને એકલી 'મેથઇ' શીવાએ તેઓ ભોગ આપી શકતા નહીં હતા; ત્યારપછી તે માંસને લઇ જવામાં આવતું હતું અને તેનો ખુશી પરે તેમ ઉપયોગ કરવામાં આવતો હતો. આએ ઉપલી બીના પૂર્વ તરફના ઇરાનીઓને લાગુ પડી શકતી નથી. ભોગ આપનાર પોતાને માટે નહી, પણ બધા ઇરાનીઓને માટે પુજા કરે છે, હીરોદોતસ 'માઇલીટા' અને 'મીથ્ર' બોલને નીચે પ્રમાણે સરખાવે છે. માઇલીટા અથવા મોલીસ તે 'મુલ' ને માટે વપડાયલો છે અને તે 'બેલ' અથવા 'નીમ' (બેબીલોનીઅન શબ્દ) કે જેનો અર્થ હાકમ થાય છે તેની સાથે સરખાવવામાં આવે છે; મોલીસ= ગોલીસ અથવા 'ગુલા' કે જે શિલાલેખોની 'મોટી દેવી' છે અને સુરજનું ઓરત-મુલતત્વ છે અને ઇરાનીઓના 'મીથ્ર' ને મલતી આવે છે. હીરોદોતસના વીચાર પ્રમાણે ઇરાનીઓ સુરજની મીથ્રના આકારમાં પુજા કરતા હતા. આકીમીનીઅન લેખોમાં મીથ્રનું નામ આવતું નથી, પણ 'આરતાઝરસીસ મનેમોન' ના વખતમાં 'તાનાત' (અનાઇતીસ=વીનસ) સાથે મલી આવે છે એવું 'મુસા' માં મલી આવેલા લેખ ઉપરથી જણાએ છે. 'મીથ્રનું નામ 'આરવાઝરસીસ ઓકસ' ના વખતમાં પણ મલી આવે છે. એટલું છતાંબી છેક અસલના ઇરાનીઓ પણ સુરજની પુજા કરતા હતા એવું સીદ્ધ થાય છે. 'ઝેનોફ્રોન' મીથ્રસ અને સુરજની પુજાને છુટી પાડે છે, પણ 'સ્ત્રેબો' કહે છે કે 'મીથ્રસ' એ સુર્ય દેવતો છે. અસલના ઇરાનીઓ એવું માનતા હતા કે જો કોઇ શખશ સુરજની સાહામણે ગુનાહ કરતો, તો તેને રગતપીત તુરતજ લાગુ પડતો હતો, અને એ દરદવાલાઓને તેઓ તુરતજ શેહેરમાંથી બહાર કહાઢી મુકતા હતા. હીરોદોતસ હોરમઝદ અને એહરેમનનુ કાંઇપણ વર્ણન કરતો નથી, પણ ફકત એવું જણાવે છે કે અસલના ઇરાનીઓ સુરજ, ચંદ્ર, પૃથ્વી, આતશ, પાણી, અને હવાની પુંજા કરતા હતા. ઝંદ અવસ્તાના સૌથી પહેલા લખાયલા ભાગોમાં મીથ્ર અને હોમની કવીતાઓ આવે છે; તેઓની પુંજા 'એરીયનો' અને હીંદુઓમાં સાધારણ હતી; અસલી ઇરાનીઓ કે જેઓ 'એરીયનો'થી પેહેલા જુદા પડ્યા હતા અને પાછલથી જોડાયા હતા તેઓ સુરજ અને ચંદ્રની પુંજા કરતાં હતા.

સમાપ્તી.

સુરજના ઇજદને ફરેસ્તાઇ ઘોડાઓ ૨૪ કલાકમાં દુન્યાની આસપાસ ઘસડી લઇ જાયછે અવસ્તામાં સુરજની રથને માટે કાંઇપણ લખાણ આવતું નથી પણ હીંદુઓની દંતકથામાં રથ અને ઘોડાઓનું વર્ણન આવેછે. સુરજને અવસ્તામાં હોરમઝદની આંખ કહી છે તેનું કારણ એ છે કે તે આખી દુનીઆને, અને દરેક ખરાં ખોટાને જોઇ શકે છે. રોશની એ સચાઇનો આકાર અથવા નીશાની છે. ખુરશેદ યઝદને આપણે મેહેર ઇઝદથી જુદો પાડવો જોઇએ, કારણકે મીથ્ર ઉગતા સુરજનો ઇઝદ અથવાતો સુરજમાંથી નીકલતી રોશનીનો ઇઝદ છે. સુરજ એ દહાડાના સેતારાને સઘલા બીજા

ઓહો કરતાં દરેક પ્રજા ઘણું માન આપે છે. ઇરાનીઓ એ રોશનીને નીતીની સ્વચ્છતાઇ તરીકે ગણી છે. જેમ આંખ એ માણસના શરીરનું તેજ છે તેમજ સુરજ આકાશનું તેજ અથવા તેની આંખ છે. સ્વચ્છ, સાફ આસમાનને જુના વખણાયલા ધર્મમાં સૌથી સરસ ઇશ્વર અથવા અહુરમઝદ તરીકે ગણવામાં આવ્યો છે અને તેથી અવસ્તામાં સુરજને હોરમઝદની આંખ તરીકે ગણ્યો છે. અવસ્તાના ધર્મમાં આવા ખુદરતના આકારો વેદીક ધર્મના કરતાં ક્વચીતજ મલે છે. રીગ-વેદમાં સુરજને 'વરૂન'ની આંખ તરીકે ગણ્યો છે, અને તેથી આપણને માનવાને કારણ છે કે 'હોરમઝદ' અને 'વરૂન' એક છે. પણ ખુદ રીગ-વેદમાં એવો વીચાર જણાવ્યો નથી. એ 'વરૂણ'નું ધ્યાન આપણે હીંદુઓની દંતકથાઓમાં જોઇશું. એ બેઉ 'વરૂન' અને હોરમઝદ ઇરાની વખતના એકજ દેવતામાંથી જન્મ પામેલા ગણાય; સુરજને અસલી ઇરાનીઓ હોરમઝદના શરીર તરીકે પણ માનતા હતા. 'હોરમઝદ' એ ઘણું કરીને રોશનીજ છે. ઇજસ્નીના ૩૬ માં હાના છથા ફકરામાં અને ૫૭ મા હાના આઠમાં ફકરામાં લખ્યું છે કે દાદારને માણસની આંખ જોઇ શકશે નહી, પણ માણસની આંખ સુરજને જોઇ શકશે કે જેમાં રોશની સમાએલી છે. પૂર્વથી પશ્ચીમની સુરજની રોજની મુસાફરીએ અસલના ઇરાનીઓના દીલમાં એક ઘણીજ ઉંડી અસર કીધી હતી. તેઓ એમ ધારતા હતા કે એ કામ એક ખોદાઇ કામ હતું, અને તેથી તેને સાધારણ શખ્શો એક તેજસ્વી ગાડી ધારતા હતા કે જેને ખોદાઇ ઘોડાઓ હાંકતા હતા (એ ઘોડાઓનું વર્ણન ખોરશેદ યશ્ત ૧, વંદીદાદ ૨૧ મી પરગરદ પાંચમો ફકરો, યજસ્ની ૧૬, ૪, અને રશને યશ્ત. ૩૪માં ફકરામાં આવેલું છે.)

'ખુરશેદ' રોજનું નામ સુરજની રોશની ઉપરથી પડયું છે અને એ રોઝને સૌથી સરસ વખત તરીકે ગણવામાં આવ્યોછે, કારણકે એવું કહેવામાં આવ્યું છે કે દરેક સારા કામો એકદમ આએજ દહાડે શરૂ કરવા જોઇએ. ખુરશેદ રોજની સેતાએશમાં લખ્યું છે કે સુરજ જે દુન્યાને રોશની આપે છે તે વધે છે: તે તેજઘોડાવાલો દુન્યામાં રાત પછી દીસ લાવેછે; તેનું નુર હમેશ વધેછે અને તે દાદાર અહુરમઝદની સઘલી પેદાએશોને પાક તથા પવીત્ર કરે છે: તે રાત્રને દુર કરે છે અને સઘલી પેદાએશોને સઘલા દેવો, દરૂજો, જાદુગરો, વરૂઓ, ખરફસ્તરો, ચોરો, લુટારાઓ અને રાહમારૂઓથી બંચાવે છે; તેનું તેજ, અને ચલકાત ઘણે ઊંચેથી આવેછે, તે ઝહાડપાનોને વધારેછે, અને હોરમઝદની જમીનને રોશનીવાલી કરેછે; અને ભણનાર તે રોશનીવાલા ખોરશેદની આરાધના તથા આભાર માને છે. ખુરાસાન મુલકનું નામ 'ખુરશેદ'માંના 'ખુર' ઉપરથી નીકલ્યું છે. અને તેનો શબ્દેશબ્દનો અર્થ (ખુર+આસ્તાન)=સુરજનો ઉંબર થાય છે. એ દેશની રાજધાની 'નીશાપુર' શેહેર હતી.

સુરજની ગણત્રી પ્રમાણેનું વરસ 'જમશેદ' કે જે પેશદાદીઅન વંશનો બીજો પાદશાહ હતો તેણે ઇરાની પંચાગમાં દાખલ કરયું હતું: તેણે એવું ઠેરવ્યું હતું કે 'વરનલઇકવીનોકસ' અથવા વસંત રૂતુમાં જ્યારે રાત અને દહાડો એક થાય છે તે દહાડાને વરસનો પેહેલો દહાડો તરીકે ગણવો. એ દહાડા ઊપર સુર્ય 'એરીસ' અથવા 'મેષ' રાશીમાં આવે છે, વસંત રૂતુ થાય

છે, સઘલી કુદરત લીલા, લાલ અને બીજા રંગોવાલી થાય છે, ખુશબો સઘલે ફેલાય છે અને જંગલના પક્ષીઓ પોતાનો મધુર અવાજ કહાઢે છે. જમશેદ પાદશાહે એવો હુકમ કાહાઢયો હતો કે સઘલા વજીરો અને ઉમરાવોએ એ દહાડે તેની ગાદી આગલ હાજર થવું; એ દહાડે સઘલે રોશની થતી હતી; એનું નામ જમશેદે 'નવરોઝ'નું નામ આપ્યું હતું અને લોકોને પુશકલ ધરમ તથા ઇનસાફનો વચન આપ્યો હતો. અને એવો બાદશાહી હુકમ કાહાઢયો હતો કે આખી પ્રજા, ખેડુતો અને લશકરી માણસોએ એ તેહેવાર પાલવો; લોકો એ હુકમ પોતાની શકતી પ્રમાણે બજા લાવતા હતા અને તરેહવાર નાચ રંગમાં સામેલ થતા હતા. આએ ચાલ જ્યાંસુધી ઇરાનીઓનું રાજ ચાલું હતું, ત્યાંસુધી ચાલુ હતો પછી મુસલમાન રાજકરતાઓએ ચંદ્રની ગણત્રી પ્રમાણેનું વરસ દાખલ કરવાથી એ રેવાજ બંધ પડયો, જો કે થોડા અસલી ઇરાની માઝદીઅસનાનો ઇરાનમાં એ તેહેવાર પાલતા હતા. ત્યારપછી કેટલેક વરસે સુરજની ગણત્રી પ્રમાણેનું વરસ પાછું ચાલુ થયું, કારણકે વસંતરૂતુની વખતે ખેડુતો પોતાનો કર ભરવાને શકતીવાન થતા હતા, અને અસલ ઇરાનીઓના દહાડા, વાર, મહીના ચલાવવાનુ પાછું જારી થયું; એ તેહેવારનું નામ આ વખતે 'સુલતાની નોરોઝ'નું આપવામાં આવ્યું અને એ તેહેવાર છ દહાડા સુધી ઇરાનની રાજ કરતી કોમ પાલે છે (ફરવરદીન મહીનાના હોરમઝદથી તે ખોરદાદ રોજસુધી). ફ્રીમેસનોની લોડજ દુન્યાનો એક નમુનો છે, અને સુરજ તથા ચંદ્રના આકારોથી એ લોડજને શીંગારવામાં આવે છે, કે જેઓની કાયદા પ્રમાણેની ચાલ ફ્રીમેસનોને ડહાપણ શીખવે છે. મેસોનીક ખગોળ વીદ્યા, ખુરશેદમાં તેના પેદા કરનારંની સબી જોય છે, અને તેની રોશની મેલવવાને ઇંતેજાર હોય છે. ફ્રીમેસનો સુરજ અને ચંદ્રના આકારો પહેરે છે કે જે ઉપરથી જણાય છે કે તેઓ ખોદાનો આશરો પોતાના ભલાઇના કામોમાં માંગે છે. હવે છેલ્લે 'મીથ્ર'નો થોડો ઘણો હેવાલ આપવો મુનાસેબ થાઇ પડશે.

મીથ્ર અથવા મેહેર ઈઝદ.

સુરજની વરસની ગતીની ઉપર રૂતુઓનો આધાર છે, અને દહાડાની ગતી ઉપર રાત અને દહાડાનો આધાર છે. અસલના ઇરાનીઓ 'હેલીઓસ'ને મીથ્રના નામથી ઓલખતા હતા એવું સ્ત્રેબો અને બીજા યુનાની ગ્રંથકારોનો વીચાર છે. ૧૬મી સદીની શરૂઆતમાં રોમ શેહેરમાં કેટલાએક પુતલાંઓ મલી આવ્યાં હતાં કે જે 'મીથ્ર'ના ભેદો સાથે સંબંધ ધરાવતાં હતા. એમાંના સૌથી મુખ્યનું વર્ણન નીચે પ્રમાણે છે; તે પુતલાં ઉપર એક જુવાન માણસ વીચીત્ર ટોપી સાથનો પાડયો છે કે જે પોતાના પગો ઉપર મુકેલા ગોધાની ઉપર પોતાનું જમનું ગુઠણ મુકે છે અને પોતાના જમણા હાથમાંનું ખંજર ગોધાના જમના ખભામાં ભોકે છે; એક કુતરો તેની જમની બાજુ ઉપર ઉભેલો છે, અને એક સાંપ તે ગોધાના જખમનું લોહી પીએ છે, મીથ્રની પછવાડે એક પક્ષી દેખાયછે અને વલી સુરજ, ચંદ્ર, અને એક કીડી પણ દેખાય છે. વલી જમની બાજુ ઉપર એક જુવાન શખશ

હાથમાં મસાલ ઊંચે ધરીને ઉભોછે અને ડાહાબી બાજુ ઊપર એક બુઢો શખશ ઊંધી મસાલ લઇને ઉભો છે, આગલ પાતરાંથી ભરેલું એક ઝાહાડ છે, ને તેની નજદીક એક ગોધાનું માથું મસાલ સાથે ઉપર મુકેલું છે, અને બીજા ફ્લવંત ઝાહાડ આગલ એક કાનકચુરો મસાલ નીચી મુકેલી સાથે ઊભેલો છે; ઊપર મથાલે સાત દાદગાહો અથવા આતશનીં જગાઓ કીધીછે, અને એ બાજુએ સુરજ ચાર ઘોડાની ગાડી સાથનો પાડેલો છે કે જે ઘોડાઓએ પોતાના મોહોઢાં દુન્યાની ચાર દીશાઓ તરફ ફેરવ્યાં છે. એના કરતાં એક વધારે સરસ પુતલું છે કે જેમાં ગ્રહો સુરજ અને ચંદ્ર સાથે પાડેલાં છે; નીચે દરીઓ 'ડોલફીન' નામની માછલી સાથે પાડયોછે; એક બાજુએ એક જુવાન માણુસ જમીનમાં બી રોપતો માલમ પડે છે અને બીજી બાજુએ બલતી મસાલ સાથે છે. ગોધો એ 'તોરસ' ની નીશાની બતાવે છે, અને જુવાન માણુસ તે સુરજનો દેવતા છે, અને ગોધાને મારવાનું કામ એ સુરજનું 'તોરસના ગ્રહમાં દાખલ થવું છે; તે મેશ રાશીમાં દાખલ નથી થતો પણ 'તોરસના' ગ્રહમાં 'વરનલ ઇકવીનોક્સ' ની વખતે દાખલ થાય છે. ખગોળ વીદ્યા ઉપરથી માલમ પડે છે કે છ થી તે ચાર હઝાર વરસ ઉપર સુરજ તે 'ઇકવીનોકસ' ની વખતે તે ગ્રહમાં હશે, અને તેથી કેટલાએક મીથ્રાઇક ભેદોને ૪,૦૦૦ વરસના જુના ગણે છે. ઝોરાઆસ્ત્રીઅનોમાં કદીપણ મીથ્ર સુરજના દેવતા તરીકે ગણાતો નહીં હતો, પણ યુનાનીઓ અને રોમનોએ એવું કરયું છે. પારસીઓનો સુરજનો ફરેસ્તો તો ખરેખર ખોરશેદ ઇઝદ છે. 'મીથ્ર' ઢોરોના બંચાવનાર તરીકે જરથોસ્તના ધર્મમાં ગણાય છે કે જે લુટારાઓના હાથની અંદરથી ઢોરોનો બંચાવ કરતો હતો, અને તેથી મીથ્ર ગોધાને મારે એ તદન કઢંગુ છે. એક બીજું સંગેમરમરનું પુતલું સોલમી સદીમાં માલમ પડયું હતું કે જેમાં સુરજ ગોલા ઉપર સીધો ઊભો છે, અને તેના હાથના બે હાથમાં બે કુંચી છે જે દેખાડે છે કે તે બે અર્ધ-ગોલા ઊપર પોતાની રોશનીના દરવાજા ઊઘાડે છે. અસલી ઇરાનીઓમાં 'ઊંઘ' એ દેવોને તાબે થવું એમ ગણાતું હતું. અને તેથી જેમ બને તેમ 'દેવ' ની શકતી ઓછી કરવી એમાં તેઓ 'સવાબ' ગણતા હતા. જેમ સહવારના પોહોરમાં સારા ફરેસ્તાઓ રાતના દેવો ઉપર ગાલેબ થાય છે અને ફરીથી પોતાની શકતી નવેસરથી વાપડે છે, તેજ પ્રમાણે ભલા લોકોએ પણ સક્કારે ઉઠીને પોતાના કામકાજ ઉપર મંડી જવું જોઇએ. રીગવેદમાં 'ખુરશેદ' ને મલતો અથવા 'હવરે-ખ્શઅએત' ને મલતો બોલ મલતો નથી પણ (III 59) 'મીતરો જનાનયાનગતી' નામની કવીતામાં મીત્રને સુરજ તરીકે ઓલખવામાં આવ્યો છે, જેમકે "મીત્ર માણસોને તેઓના કામો ઉપર તેડે છે, તે જમીન અને આસમાનને બંચાવી રાખેછે, તે પોતાની આંખ બંધ કર્યા વગર પ્રજાઓ ઉપર જોયછે, મીત્રને માટે સાદું ઘી સાથનું ભોગ લાવો! ઓ મીત્ર જે કોઇ શખશ તારો હોકમ માનવાને મેહેનત લીએ છે તેને પુશકલતા મલશે અરે હમેશગીના સુરજ તે શખશ તારેથી બંચાવ પામેલો, નહીં મરાશે કે નહીં લડાઇમાં હારી જશે, અને કાંઇપણ જાતનું દુઃખ નજદીકથી અથવા આઘેથી તેની ઉપર પડશે નહીં" ગાથે ઊપલું લખાણુ અને મેહેર યસ્તમાં આવેલું લખાણુ

એકમેકને ઘણું મલતું આવે છે. વેદીક વખતના બ્રાહમણોના મુખ્ય દેવતા ઇંદ્રને પણ રોશનીના દેવતા તરીકે જણાવવામાં આવ્યો છે; એને માટે બ્રાહમણ ધર્મના સ્થાપનાર રીશીઓ 'સોમ'નો દારૂ નીચવીને પીતા હતા. એ દેવતાને વંદીદાદની ૧૯ મી પરગરદના ૪૩ મા ફકરામાં અંઘરમેનીઉશના હાથ તલેનો અને 'દેવોનો દેવ' જણાવેલો છે. જ્યારે સંસકૃતમાં તેને 'ખોદાનો ખોદા' તરીકે જણાવેલો છે. મીથ્રના જે લેખને માટે આપણે ઉપર કહ્યું તે 'દરાયસનોથસ'ના છોકરા 'આરતાકઝરસીસ'ના વખતમાં 'સુસા'માં મલી આવ્યો હતો; એમાં જણાવ્યું છે કે "મારી અગાઉ 'દરાયસે' આએ મકાન બાંધ્યું હતું અને મારા બપાવા 'આરતા કઝરસીસે' સમાર્યું હતું; હોરમઝદની મદદથી મેં અનાહીતા અને મીથ્ર અંદર મુક્યા છે. ઓ અહુરમઝદ, અનહીતા અને મીથ્ર મારી સંભાલ કરો." એ ઉપરથી જણાય છે કે સુરજની પુંજા અસલી ઇરાનીઓ કરતા હતા.

હીંદુઓ.

રીગ-વેદ સનહીતા; ચોપડી પેહેલી.

હીંદુઓમાં સુરજને માટે જુદે જુદે ઠેકાણે અને વખતે જુદા જુદા નામો આપવામાં આવ્યાં છે, જેવાકે सावता, सर्य, आदीत्य, वरून, मीत्र, અને इंद्र. 'સવીતા' અથવા સુરજના વીશેષણો ઘણાછે. તેમાંનુ એક 'સુનેરી હાથવાલો' છે કારણકે તે પોતાના હાથથી પુંજારીઓની સંભાલ કરે છે; તે પોતાના ઇજનારને કેવી લાએક જગા આપવી તે પણ જોય છે. એ દેવતો વેદીક વખતનો હતો અને સૌથી મોહોટી અગત ધરાવતો હતો. દરેક વેદોમાં તેનું કાંઇબી લખાણ આવે છે. સુર્ય-દેવતા દરેક માણસ અને દરેક ચીઝને જીંદગાની આપે છે. તેના કીરણો તેના હાથ સમજવામાં આવે છે. ઘણીકવાર તેનું વીશેષણ 'चित्र भानु' 'ચીત્ર ભાનુ' આવે છે, કારણકે સુરજની રોશણી જુદા જુદા રંગોની બનેલી છે; તેનું બીજું વીશેષણ 'नृचक्षा' 'નૃચકશા' છે કે જેનો અર્થ માણસોનો જોનાર થાય છે; તેના બીજા એલકાબો નીચે પ્રમાણે છે, (૧.) 'हिरण्य हस्त' 'હીરણ્ય હસ્ત' અને हिरण्य पाणि' 'હીરણ્ય પાણી'; એ બેઉ બોલોનો અર્થ સુનેરી હાથ વાલો થાય છે (૨.) हिरण्यात्थ' 'હીરણ્યાત્થ'=સુનેરી આંખવાલો. (૩.) सुपाणि-ખુબસુરત હાથવાલો. (૪.) सुजिव्ह=ખુબસુરત જીભવાલો. સુરજને સુનેરી હાથવાલો એ કારણથી કહે છે કે તેના કીરણો સુનાના જેવો ચલકાટ આપે છે, અથવા તો તેની પાસે હમેશાં સુનું (કીરણો) રહે છે કે જે તે પોતાના પુંજારીઓને આપે છે; તેનો પાંચમો એલકાબ 'પાણીઓનો સુરજ' છે; એ એલકાબ 'અગ્ની' અથવા 'આતશ' ને પણ લગાડવામાં આવ્યો છે કારણકે આકાશમાંના વાદલાઓમાં પાણી હોય છે અને વીજલીના આકારમાં તેમાંથી આતશ નીકલે છે; તે ઉપરથી 'પાણી-

ઓનો સુરજ' અગ્નીને અને નહી કે સુરજને લાગુ પડે જેમ તે એલકાબ સુરજને (મંડલ ૧, બાબ ૨૨ મો અને છઠ્ઠી લીટીમાં) લાગુ પાડવામાં આવ્યો છે : તેનો છઠ્ઠો એલકાબ "ફાયદાકારક અને સુંદર પૈસાનો આપનાર અને માણસોને જોનાર છે" તેનું કારણ એ છે કે સુરજ ઉગવાની અગાઉ સઘલે અંધારૂ પડે છે અને તેથી સઘલી ચીઝો જ્યાં ત્યાં પડેલી હોય છે, અને જ્યારે સુરજ ઉગે છે ત્યારે દરેક શખશ પોતાની મીલકત બીજાઓથી છુટી પાડવાને શકતીવાન થાએ છે. વેદીક વખતમાં સઘલા કુટુંબના શખશો પોતાના દોસ્તદારો વથા ઓલખીતાઓની સાથે સહવારમાં સુરજની આરાધણા કરતા હતા, કે જેમ હાલના હીંદુઓમાંની કેટલીક જાતો સુરજની આરાધના કરેછે, જો કે તે જાતોમાંના શખશો સાથે ઉભા રહીને તેની પુંજા કરતા નથી પણ જુદી જુદી કરે છે. એક ધર્મચુસ્ત હીંદુએ સહવારમાં નાહી ધોઇને સુરજની પુંજા કરયા વગર ખાવું નહી જોઇએ. સવીતા અથવા સુરજ સોનાના રથમાં બેસીને અનેક દુન્યાઓમાં ફરે છે, અને તેજ પ્રમાણે તે બધા જીવજંતુને તથા પ્રાણી માત્રોને આરામ આપે છે. એમ કેહેવાનું કારણ એ છે કે સુરજ જે વખતે એક દુન્યા છોડીને બીજી દુન્યામાં જાય છે, તે વખતે છોડેલી દુન્યામાં અંધકારરૂપી રાત થાય છે. અને તેથી તે દુન્યાના માણસો તથા જાનવરો પોત પોતાનું કામ છોડીને આરામ લેવા સારૂ ઊંઘમાં પડે છે. હીંદુ લોકોમાં સુરજને લગતી એક મોહોટી કલ્પના એ છે કે સુરજ જેટલો છે તેટલો સુનાનો બનાવેલો છે, તેના હાથ, આંખ, જીભ, રથ, તેજ અને બખતર સોનાનો છે. સુરજને કોઇ વખતે ખરબચરી જગાઓમાંથી ચાલવું પડેછે, અને એના રથને બપોરને વખતે સફેદ ઘોડાની જોડી જોડેલી રહે છે, અને સહવારના પોહોરમાં પીલા ઘોડાની જોડી જોડેલી રહે છે : અને એમ એવા રથમાં બેસીને ઘણે દુરથી અને સર્વ દુ:ખોનો નાશ કરતો **સુરજ** પોતાના પુંજનારાઓની પાસે આવે છે. તેનો રથ ઘણોજ સારો ઊંચો અને તેજસ્વી છે અને દરેક તરફ રત્નો, જવાહેર અને મોતી જડેલાં છે ; તે રથના રંગ ઘણા પ્રકારના છે, તેનો સામાન સુનાનો છે, અને તેની આકૃતી મોહોટામાં મોહોટી છે. આએ ઉપર કહેલા ઘોડાઓનું વર્ણન અવસ્તામાં પણ આવે છે ; અવસ્તામાં આવેલો બોલ 'અઉરવત અસ્પઅ' અથવા તેજ ઘોડાવાલો છે ; એ ઉપરથી સાફ જણાય છે કે હીંદુઓ અને ઇરાનીઓનો વીચાર સુરજની બાબદમાં એકજ છે અને દેવો અને 'અસુરોની' લડાઇની આગમજ આપણા બાપદાદા એકજ હતા સુરજને 'સવીતા' કેહેવામાં આવે છે તેનું કારણ એ છે કે જે વખતે રાત્ર થાય છે તે વખતે બધી દુન્યા જોવામાં આવતી નથી, અને પુંજનારાઓ એમ ધારે છે કે બધી વસ્તુઓ અને બધી દુન્યાઓ સુરજના પેટના અંદર ગુપટ થયલી છે અને તેથી જેટલા વારમાં સુરજ જોવામાં આવતો નથી, તેટલા વખતમાં દુન્યામાં કાંઇબી જોવામાં આવતું નથી. અને જ્યારે સુરજ ઉદય પામે છે તે વખતે દુન્યા અને તેમાંની બધી ચીઝો જોવામાં આવેછે, અને તેથી પુંજનારાઓ માનેછે કે જે વખતે સુરજ ઉગ્યો તે વખતે બધાં સુરજના પેટમાંથી બહાર આવે છે, કે જેમ માનું બચ્ચું કેટલા મહીના સુધી પોતાની માના પેટમાં રહીને જનમ પામેછે તેમ. (સવીતા=જનમ આપવો અથવા જનમ આપનારી માતા.) સહવારના પોહોરના પુંજનારાઓ પોતાનું મોહોડું સુરજ તરફ પૂર્વ દીશાએ ફેરવે છે અને સુરજની

પ્રાર્થના કરે છે, તે વખતે સુરજનો સોનાનો તેજ જોઇને તેઓને ઘણો આનંદ થાય છે; એજ મીશાલે પારસીઓ સહવારના પોહોરમાં સુરજ તરફ મોહોડું ફેરવીને ભણે છે; જેમ સુરજનો રથ બનાવેલો છે, તેજ પ્રમાણે હાલમાં પણ કેટલાએક ગાડાંઓ ખાનદેશમાં બનાવેલા જોવામાં આવે છે. અને તેજ પ્રમાણે ગુજરાત પ્રાંતમાં પણ બનાવેલાં મલે છે. અને તે ગાડાઓની ઉપર સુના, રૂપા અથવા પીતલનું કવર કરી લેવામાં આવે છે. અને જ્યારે માણસોમાં એમ કરવાની ચાલ છે, ત્યારે કાંય નહી ફરેસ્તાઓ એવા રથ બનાવી શકે? એ ઉપલી બાબદોનો વીચાર કરતાં એમ લાગે છે કે રથ, ગાડી, ઘોડા વાપરવાનો વેદીક જમાનામાં જેવો રેવાજ હતો તેવો આજ સુધી પણ ચાલે છે અને તેમાં કાંઇપણ ફેરફાર થયો નથી. સુરજ જે વખતે અસ્ત પામે છે તે વખતે દુન્યામાં બધે અંધકાર ઉત્પન્ન થાય છે અને માણસો આધાંર વગરના થઇને તેની પ્રાર્થના કરે છે કે "હે પરમેશ્વર, હે સુરજ હમણા તમે ગયાછો, અને એ સર્વે ઠેકાણે અંધકાર જોવામાં આવે છે અને તેથી અમુને બીક લાગે છે કે ઘણા જાદુગરો અને રાક્ષસ તેમજ રાતના ભટકનારા બીજા પ્રાણીઓ અમોને ત્રાસ આપશે, માટે હે પરમેશ્વર, હે સુરજ તમે તે લોકોનો નાશ કરજો અને જલદી પાછા આવજો," તેજ પ્રમાણે તે લોકો સહવારના પણ પ્રાર્થના કરતા હતા કે "હે પરમેશ્વર, હે સુરજ આકાશમાં જે સારા અને મજબુત રસ્તા બાંધેલાછે, અને જે રસ્તા ઘણાજ જુના અને સાફ છે, અને જે રસ્તાથી તમે હમેશાં આવ્યા કરો છો તે રસ્તાથી આજે જલદી આવજો અને હમોને કેહેજો કે હે ઉપાસક અથવા પુંજનાર તમે કાંઇ બીહતા ના, તે રાક્ષસ અને બીજાઓ તમોને કાંઇબી તસદી આપશે નહી, અને મારી પુર્ણ મદદ તમુને છે એવું આવીને તમે કેહેજો. 'રીગ-વેદ'માં સુરજને 'જાતવેદ' અથવા બધું જાણનાર તરીકે ગણ્યો છે, કારણકે તે બધી દુન્યાઓ ઉપર ફરે છે, અને તેથી દુન્યાઓમાં જેટલા પદાર્થો છે તે તેના જોવામાં આવે છે "જુઓ કે સૂર્યના ચલકતા ઘોડાઓ તે દેવતાને અથવા સુરજને ઊંચે લાવે છે કે જેથી બધા તેને જોએ." (રીગ-વેદ પ્રથમ મંડલ ૫૦મો બાબ, પેહેલી લીટી). હીંદુઓમાં એક ક્રીયા છે કે જેનું નામ 'प्रत्य व रोहण' છે અને જે માગસર મહીનાની પુનમની રાત્રે કરવામાં આવેછે. એ ક્રીયા કરવાની મતલબ એ છે કે સુરજના પુંજનારાઓને તેમજ તેઓની બાયડી છોકરાંઓને, પાણીમાં અથવા પૃથવી ઉપરના રહેનારાઓ તરફથી કાંઇબી દુ:ખ પોંહોંચે નહીં; આએ ક્રીયા કરતી વખતે ઉપલી કવીતા ભણવી જોઇએ, પણ હમણાના હીંદુઓ એમ કરતા નથી. (બીજી લીટી) 'સુરજના દેખાવથી તારા તેમજ રાત નાસી જાય છે, (૩) તેના કીરણો તેના વાવટાની મીસાલે પુશકલ લોકોમાં હારમાં એક પછી એક જોવામાં આવે છે, કે જે કીરણો આતશોની મીસાલે ચલકતા છે, એ લીટીમાં સુરજને રાજાની સાથે સરખાવવામાં આવ્યો છે, અને તેના કીરણો તેના વાવટા છે; જેમ રાજા કોઇ દેશમાં આવે છે, અને પ્રથમ તેના વાવટા જોવામાં આવે છે. તેમજ જ્યારે સુરજ પૃથ્વી ઉપર આવેછે ત્યારે તેના કીરણો પેહેલવેહેલાં જોવામાં આવે છે. (૪.) ઓ સુરજ, તું એક મુસાફર છે કે જેને બધા જોય છે. અને જે રોશણી આપેછે: તું સુરજ આકાશી મંડલને રોશણી આપેછે; એ ઉપરથી જોવામાં આવે છે કે અસલના હીંદુઓ અને ઇરાનીઓનું લખાણ ઘણું ખરૂં

એકજછે, અને તે 'ખોરશેદ યશ્ત' સાથે સરખાવ્યાથી માલમ પડશે. એ લીટી-માં પુંજારી સુરજને મુસાફર તરીકે ગણે છે; પૃથ્વીનો મુસાફર અને આએ મુસાફરમાં એ તફાવત છે કે આપણી પૃથ્વીનો મુસાફર જ્યાં હશે ત્યાંજ જોવામાં આવશે, પણ સુરજ જ્યાંબી હોય ત્યાં બધાઓને માલમ પડે છે અને વલી તે સઘલે ફરે છે અને જે જે ઠેકાણે જાયછે ત્યાં રોશણી ફેલાવે છે, અને તેના જેવો મોટો વટેમાર્ગુ માણસની જાણમાં બીજો કોઇબી નથી. (૫.) એ સૂર્ય તું આકાશી રહેવાસીઓની સાહામણે, અને માણસોની સાહામણે ઉગે છે કે જેઓ તુંને જોઇ શકે. એની મતલબ એ છે કે સુરજ ઉગે છે તેની અગાઉ કોઇબી માણસ અંધારામાં જોઇ શકતો નથી, અને તેને જોવાને શક્તીવાન થવા સારૂ, તે દેવતાઓ, માણસો અને સ્વર્ગની દુન્યાની સાહામણે ઉદય પામે છે, એટલે તે માણસની સાહામણે ઉદય પામે છે એમ નથી, અને જો કે તે એકજ ઠેકાણે ઉદય પામેછે તોપણ હરેક માણસ અને હરેક દુન્યાને એમ લાગે છે કે તે મારીજ સાહામણે ઉભો છે. જેમ માણસને સુરજ અગત્યનો છે, તેમજ સ્વર્ગ વાસીઓને અને દેવતાઓને પણછે; સ્વર્ગની દુનીયા દેવતાઓની દુન્યાથી ઉંચી અને પ્રકાશીત છે: દરેક દુન્યાઓના રહેવાસીઓને લાગે છે કે સુરજ પોત પોતાની સાહામણે ઉભો છે. (૬.) અને તારા પ્રકાશીત ઉદયમાંથી હે સુરજ, હે પાવક, હે વરૂનના જેવા સુરજ તું મેહેનતુ દુન્યાને એક એક પછી હારમાં જોયછે અથવા જ્યારે સુરજ ઉગેછે ત્યારે દુન્યામાંના લોકો પોત પોતાના કામ સારૂ અંહીયાથી ત્યાં ને ત્યાંથી હીયાં જતા આવતાં જોવામાં આવે છે. સુરજને એ લીટીમાં જે 'પાવક'નું નામ આપ્યું છે તેનો અર્થ (પુ=સાફ કરવું) સાફ કરનાર થાય છે અથવાતો સઘલી મરકી અને રોગનો નાશ કરનાર થાય છે. હવે હમણાની સંસકૃત ભાષા-માં 'પાવક' નામ અગ્નીને લગાડવામાં આવે છે અને વેદમાં પણ એ બોલ 'અગ્ની' ને લાગુ પડે છે. ખુરશેદ યશ્તમાં સુરજ ને મરકી અને રોગનો નાશ કરનાર તરીકે જણાવેલો છે. એ એકજ બોલ 'પાવક' સુરજ અને અગ્નીને લાગુ પાડવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે એ બે ચીઝોના પ્રતાપથી સઘલી ચીઝો સાફ થાય'છે અને સારી રીતે પ્રકાશીત થાય છે; સુરજનો બીજો એલકાબ 'વરૂન' છે; તેનો અસલ અર્થ 'ખરાબ ચીઝોનો નાશ કરનાર' છે; 'વરૂન' વલી એક બીજા દેવતાનું પણ નામ છે. (૭.) તું રાત અને દહાડો આકાશના બોહોળાં ખેતરમાં ફરે છે અને જુદાં જુદાં પ્રાણીઓને જોય છે? તે આકાશના ખેતરમાંથી ચાલીને સ્વર્ગમાં બધે જાય છે અને જ્યાંબી જાય છે ત્યાં રાત્રને દહાડામાં ફેરવી નાખે છે, અને જ્યાંબી તેના કીરણો જાય છે ત્યાં તે છે એવું જણાય છે. (૮.) અરે ઇશ્વરી અને દુર સુધી જોનાર સુરજ, સાત કપીલા અથવા બદામી રંગના ઘોડાઓ તુંને તારી ગાડીમાં લઇ જાય છે તું કે જે કીરણી બાલનો છે તેને; એ લીટીમાં એવું જણાવ્યું છે કે સુરજ રથમાં બેસે છે, અને તેને સાત પીલા ઘોડાઓ દોડીને લઇ જાય છે; જેમ માણસના આંગ ઉપર બાલ રહે છે તેમજ સુરજના આંગ ઉપર બાલ રહે છે; એ બાલ તે સુરજના કીરણો સહમજવાં. (૯.) ત્યાં સુરજ સાત સ્વચ્છ નારીઓને કે જેઓ તેની ગાડીની છોકરીઓ છે, તેઓને ઘોડાનો સામાન પેહરાવેછે, અને તે પોતાની મેલે ઘોડાના સામાન પેહેરેલી ઘોડીઓની મદદથી જાય છે; એ ઉપરથી એમ જણાય છે કે સુરજને ઘોડાજ

નહી પણ ઘોડીઓખી લઇ જાય છે, અને તે ઘોડીઓ તે રથની છોકરીઓ છે, કે જેઓ કાંઇખી ભેલસેલવાલા રંગની નથી, અને પોતાની મેલેજ ગાડીમાં જોડાય છે; જે પ્રમાણે પોતાના ઘરડા બાપની ચાકરી કરવા છોકરીઓ તૈયાર રહેછે તેજ પ્રમાણે સુરજની ચાકરી કરવા તેની ઘોડીઓ તૈયાર રહે છે; સુરજના રથને કોઇવાર સાત ઘોડા તો કોઇવાર સાત ઘોડીઓ જોડેલી છે; તે ઘોડાઓ, અથવા ઘોડીઓની સંખ્યા આંઠ, નવ અથવા બીજી કાંઇ નથી, તેનું કારણ એમ છે કે અઠવાડીઆના સાત દહાડા છે અથવા અવસ્તા પ્રમાણે દુન્યા સાત કેશવરમાં વેહેંચાયલી છે, અથવા વરસાદની કમાનના સાત રંગછે. અવસ્તામાં કેટલા ઘોડી અથવા ઘોડા છે તે જણાવ્યું નથી પણ એકજ બોલ 'અઉરવત-અસ્પઅ' વપરાયલો છે કે જેનો અર્થ 'તેજઘોડાવાલો' છે; પણ બીજા હાથ ઉપર 'મેહેર' કે જેણે સુનેરી બખ્તર પેહેર્યું છે અને જેના હાથમાં એક કમાન છે અને જેથી જે કીરણો ફેંકે છે, તેને વાસ્તે જણાવ્યું છે કે ચાર ઘોડાઓ તેની ગાડી લઇ જાય છે, કે જે ઘોડાઓ સફેદ રંગના અને કાંઇખી ભેલસેલ વગરના છે; મેહેર ખોટું બોલનારના હાથ બાંધે છે, તેની આંખ બંધ કરે છે, કાન બેહેરા કરે છે અને પોતાની સો ગાંઠવાલી લાકડીથી પીલતન માણસો અને ઘોડાઓને કચડી નાંખે છે; કેટલાક વીદ્વાનો મીથ્ર અથવા મેહેરને સુરજ અને રોશનીના ઇઝદ ગણે છે, પણ ઘણાઓનું મત છે કે ખુરશેદ યઝદ રોશનીનો ઇઝદ છે. રીગ-વેદમાંના સુરજના હાથમાં કાંઇખી લાકડી નથી, અને તે ખોટું બોલનારને મારતો પણ નથી, (૧૦) જુઓ અંધારાના કરતાં ઊંચી રોશની તરફ જોતાં આપણે સૂર્ય અથવા દેવતાઓના દેવતાને મેલવ્યો છે કે જે સૌથી ઊંચી રોશની છે. પુંજારી પૃથ્વી ઊપર અંધારામાં પોતાને ઊભો રહેલો ધારે છે અને સુરજ ક્યારે આવશે તેની વાર જોતો ઊભો રહે છે અને એટલા-માંજ સુરજ ઊદય પામે છે. (૧૧.) ફાયદાકારક રોશણીના ઓ સુરજ, કે જે આજે ઉગે છે અને સૌથી ઊંચા આકાશની ઉપર સ્વારી કરે છે તે સુરજ મારા બહારના અને અંદરના દુ:ખોને ટાળ. સુરજને પુંજારી પોતાના એક મીત્રની માફક દુ:ખનું નીવારણ કરનાર સહમજે છે. ભણનાર સુરજની રોશણીમાંગે છે કે જેથી તેના અંત:કરણનું દુ:ખ સાફ થાય. ખુરશેદ યશ્તમાં પણ સુરજને મરકીનો નાશ કરનાર તરીકે ધારવામાં આવ્યો છે. (૧૨.) અમારી બહારની મરકીઓ અથવા રોગો, પોપટો અને 'સારીકા' પંખીમાં મુકો અને વલી 'હરીદરવ' ઝાહાડમાં પણ મુકો; એમ કરવાનું કારણ એ છે કે પોપટ અને 'હરીદરવ' ઝાહાડ કે જેઓના રંગ ફીકા છે તેમાં અમારા રોગો દાખલ થાય. (૧૩.) 'આદીત્ય' અથવા સુરજ ઉગવાથી પુંજારી પોતાના દુશમનોને તાબામાં લેછે. હીંદુઓના પુરાણાઓમાં અને વેદોમાં 'આદીત્ય' નો અર્થ કેટલેક ઠેકાણે સુરજ થાય છે, પણ તેના બીજાખી અર્થો થાય છે, જેવાકે 'पूशा' 'भग' 'मित्र,' અને 'वरूण.' 'દુશમનો' અહીંયાં અંધકારને લાગુ પડે છે.

(૧૧૫મું ભજન) પેહેલી લીટીમાં 'રીશી' લખે છે કે દેવતાઓંનું ખુબસુરત મોહોડું ઉગ્યું છે; મીત્ર, વરૂન અને અગ્નીની આંખ ઉગી છે; ચાલતી અને નહી ચાલતી દુનીઆઓની જીંદગીના રક્ષણ કર્ત્તાએ પોતાના તેજથી આકાશ, જમીન, અને હવાને ભરપુર કીધી છે; એ ઉપલી લીટી પુંજારી સહવારના પોહોરમાં સુરજનું તેજ જોઇને બોલે છે; મીત્ર, વરૂન અને અગ્નીને જે આંખ

જોઇતી હોએ તો તેઓ સુરજને પોતાની આંખ તરીકે લેખે છે. (૨) સુર્ય 'ઉશસ' દેવતાની પુઠે જેમ એક જુવાન માણુસ જુવાન બાયડીની પુઠે ચાલે છે તેમ પુઠે પુઠે જાય છે; પવીત્ર માણસો સારા સૂર્યને સઘલું સારૂં ઇચ્છે છે. 'ઉશસ' અથવા જરથોસ્તીઓનો 'ઉશહેન' નો અર્થ સહવારનું ઝહઝકલું થાયછે કે, જેની પછવાડે સુરજ તરતજ પ્રકાશે છે. (૩.) સૂર્યના આર્શીવાદ પામેલા, સુંદર અને શાબાશીને લાયકના કપીલા ઘોડાઓ સૂર્યની આરાધના કરવા આકાશની સપાટી ઉપર દુન્યાની આસપાસ ફરે છે. સુરજના ઘોડાઓ તે તેના કીરણો સહમજવાં. (૪.) સુરજનું દેવતાપણું અને મોટાઇ એ ઉપરથી દેખાય છે કે તે આપણા કામમાંથી પોતાની રોશની ખેંચી લેછે અને પોતાના કપીલા ઘોડાઓને પોતાની રથમાંથી છોડી નાંખે છે એટલે કે અંધારૂ થાય છે. આટલી મોટી શકતી અને સાહાસ કામ બીજા કોઇમાં નથી. અને તેથી સુરજનું દેવતાપણું સીધ્ધ થાય છે, તે પોતાના ઘોડાઓ છોડી લેછે કે જેનો અર્થ એમ થાય છે કે તે પોતાના કીરણો ખેંચી લે છે અથવા રાત પડે છે. (૫.) મીથ્ર કે જે દીવસ ઉપરનો મુવકેલ ફરેસ્તો છે તેનુ જ્ઞાન લોકોને આપવાસારૂ સુરજના ઘોડાઓ અથવા કીરણો પૃથવી ઉપર આવે છે તેમજ 'વરૂન' જે રાત્ર રૂપી દેવતો છે તેનુ જ્ઞાન લોકોને આપવા સારૂ તે કીરણો પાછા લેવામાં આવે છે અને અંધારૂ પડે છે. (૬.) સુરજ ઉગતી વખતે આ દહાડે એ દેવતાઓ ધાસ્તીમાં અને ઠપકામાંથી અમારો છુટકો કરો, અને મીત્ર, વરૂન, આદીતી, દરીયો, પૃથવી, અને સ્વર્ગ આ ઉપલી ચીઝને અમારી ઉપર લાગુ પાડે; એની મતલબ એ છે કે સુરજના ઉદય પામવાની વખતે જ્યારે સૂર્યની પ્રાર્થના કરવા માં આવે છે, ત્યારે ઉપલા દેવતાઓ કે જે સૂર્યના સાથીઓ છે તેઓપણ પુંજારીઓનો, પાપ ઠપકો અને બીજા સંકટોમાંથી બંચાવ કરેછે; મીત્ર અને વરૂન જે દહાડા અને રાત ઉપરના મુવકેલ દેવતાઓ છે તેઓ દીનકરદ (વાલમ ૪ના) લખનારના કેહેવા મુજબ 'સ્પેનતેમેનીઉશ' તથા 'અંધરેમેનીઉશ'ના પેદા થયલા દેવતાઓની મીસાલે છે; 'સ્પેન્તેમેનીઉશ' રોશની અને 'અંધર-મેનીઉશ' અંધકાર પેદા કરે છે.

૧૯૨મું ભજન, પાંચમો બાબ, ચોપડી પેહેલીની નવમી લીટીમાં સુરજ ને 'આદીત્ય' ના છોકરા તરીકે ગણેલો છે, જે બધાને જુએ છે. જે વગર જણાયલા ઝેહેરી જીવજંતુઓને મારે છે અને જે પર્વત ઉપરથી બધાં ઝેહરોનો નાશ કરીને ઉપર ઉડે છે (૧૦.) જેમ દારૂગાલનારના ઘેરમાં દારૂના વાસણો (ચામડાનાં) રહેછે, અને તે દારૂ ગાલનાર છાકતો થતો નથી તેમજ સોનાના ઘોડા ઉપર સવાર થયલો સુરજ જો કે પુંજારીનુ સઘલું ઝેહેર ચુસી લેછે, તોપણ પોતાની મીઠું કરવાની શકતીથી તે મરતો નથી અને પુંજારીઓ પણ મરતા નથી. (૧૧, ૧૨, ૧૩, ૧૪) સુરજ સીવાય પુંજારીનું ઝેહર નીચલી ચીઝો પણ ચુસી લેછે. નાહનું સકુનતીકા (એક જાતનું પક્ષી). ૨૧ ચલ્લીઓ ૨૧ મોરની માદાઓ અને સાત નદીઓ પ્રાથના કરનારનુ ઝેહેર ચુસી લેછે. આગલા વખતના હીંદુઓ ફક્ત ઝેહેર ચુસવાની ચીઝોનાં નામો દેવાથીજ તે ઝેહરનો નાશ થશે એમ સહમજતા હતા.

રીગ-વેદ સનહીતા; બીજી ચોપડી.

એ ચોપડીમાં સુરજને વાસ્તે કાંઇબી જાણવાજોગ આપણને મલતું નથી.

રીગ-વેદ સનહીતા; ત્રીજી ચોપડીથી આંઠમી ચોપડી સુધી.

૩૦મા બાબની ૧૨મી લીટીમાં 'રીશી' લખે છે કે સુરજ સોનેરી ઘોડાઓના હાકમ અથવા ઇંદ્રના હુકમથી દરરોજ ચાલે છે અને જ્યારે આખો રસ્તો પુરો કરીને ઘોડાઓ છોડી નાખે છે ત્યારે અંધારૂ પડેછે. (૧૩.) જ્યારે રાત્ર પુરી થાય છે ત્યારે 'ઉશા' આવે છે અને તેની પછવાડેથી સુંદર અને તેજવાલો સુરજ આવે છે, એ સઘલું ઇંદ્રના પ્રકારમથી થાય છે. (પાંચમા અનુવકા સુકત ૫૧ની) પેહેલી લીટીમાં લખ્યું છે કે બોહોલી, પંથરાયલી અને અક્કલ આપતી રોશની પુર્વમાં અંધારામાંથી ઉગી છે, અને 'ઝલકાટવાલી સહવાર' અથવા 'આકાશની છોકરી' માણસોને કામ કરવાની શક્તિ આપે છે. (૨.) ઘણા અવ્યયોવાલી સહવારો પુર્વમાં ઉગે છે, અને તે અવ્યયો ચલકતા અને સાફ દેખાય છે કે જેઓ અંધારાના દરવાજાઓને ખોલા મુકી દેછે; તે અવ્યયો એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે જેમ ભોગ આપવાની જગાના ઠાંભલાઓ એક સરખી રીતે ગોઠવાયલા હોય તેમ. (૩.) સહવારનું અજવાલું પરતાંજ લોકો પૈસાની ધીરધાર કરે છે, અને જેઓ પોતાનો ખજાનો નહી આપવા માંગતા હોય તેઓ અંધારાની ઘોરમાંજ સુઇ રહે. (૪.) ઓ ઇશ્વરી સહવારો તમારી રથ જુની અથવા નવી હોય તોપણ દરરોજ આવજો કે જેથી તમો સાત મોહઢાંવાલા 'અંગરીસાસ' કે જેઓ ૯ અથવા ૧૦ દીવસ વેર પુંજા કરેછે તેઓ ઉપર તપો. (૫) ઇશ્વરી સહવારો તમો દેશો ઉપર ઘોડાઓ કે જેઓ ભોગની સામે હાજર થાય છે તેઓની સાથેજલદીથી મુસાફરી કરો છો, ઉંઘતાને જગાડો છો કે જેઓ બે પગા અથવા ચાર પગા હોય અને તેઓને તેઓના કામે લગાડો છો. (૭.) કવીતા ગાનારને અને ભોગ આપનારને તે સારી જુની સહવારો પોતાના સુંદર આર્શીવાદો અને દોલત આપે છે. (૮.) તે સહવારો એકજ જાતની એકજ દેશમાંથી પથરાય છે અને ભોગ આપનારાઓને ઉઠાડે છે કે જેઓ તે સહવારોની પુંજા કરે છે; (૯.) તેઓ એકજ આકારની, તરેહવાર રંગની, સ્વચ્છ, ઝલકાટવાલી, રોશનીવાલી, પોતાના ચલકાટથી અંધારાને ઢાંકી નાખે છે. (૧૦.) ઓ આકાશની સુંદર છોકરીઓ અમુને દોલત આપો, અને અમારે ત્યાં સારાં બચ્ચાંઓની વૃધ્ધીકરો. (૧૧.) અમો પુંજારીઓ તમો સહવારોને ઇજવાથી માણસોમાં વખણાયલા થઇશું. રીગવેદના ત્રીસમાં 'અશતકમા' સુરજને 'મનુ' સાથ સરખાવવામાં આવ્યોછે. ચોથા અશતકના ૧૫ માં સુકતમાં લખ્યું છે કે ઇંદ્રએ સુરજના રથનું એક પઇડું કહાડી લીધું છે અને બીજું પઇડું 'કુનસ' દેવતાને દોલત મેલવવા આપ્યું છે, અને તે ગરજણાથી ચોરોને અને દુશમનોને મારે છે. ૪૦ માં સુકતમાં લખ્યુંછે કે જ્યારે 'અસુર સ્વરભાનુ'ના છોકરા સૂર્યએ 'ઇંદ્રને' અંધારાથી ઢાંકી નાખ્યો, ત્યારે દુન્યામાં ગભરાટ થયો અને સૂર્યને તેની જગા માલમ પડી નહીં, અને ત્યારે એક ગ્રહણ થયું. ૪૪ માં સુકતમાં રીશી જણાવે છે કે સાત ઘોડાનો હાકમ સૂર્ય કે જેને એક કંઢાલા ભરેલા

રસ્તા ઉપરથી એક દુરનો છેડો પસાર કરવાનોછે તેના કીરણો અથવા હાથો હમેશાં દુરથી આવતાં ભોગ આપનારના ખોરાક ઉપર પડે છે. સૂર્ય દેખઇતી રીતે દરીઆમાંથી ઉગે છે અને તે પોતાના ચલકતા ઘોડાઓને ગાડીમાં બાંધે છે; દાહ્યા પુંજારીઓએ તેને દરીઆની આરપાર એક વહાણની મીશાલે પાડયો છે, અને તેના હોકમો સાંભલીને પાણીઓ નીચે આવે છે. ૮૧ માં સુક્તમાં જણાવ્યું છે કે 'સાવીત્રી' ત્રણ મુલકો ઉપર ફરે છે, અથવા તો સુરજના કીરણો સાથે ભેલાઇ જાય છે. 'સાવીત્રી' એ ઉગવાની અગાઊનો સુરજ છે, અને સૂર્ય એ સાધારણ સુરજ છે. આઠમાં અધીયયની બીજી લીટીમાં રીશી લખે છે કે એ ચલકતા સુરજ, ચલકાટવાલા દેવતાઓ કે જેઓનો પેદા કરનાર 'દખ્શ' છે, તેઓને બીજાઓ દુ:ખ નહી આપે; તેઓ કે જેઓ બે વખત જન્મેલા, ભોગ આપવાને આતુર, સાચા, દોલતવાલા અને પુંજા કરવાને લાયક છે અને જેઓની જીભ અગ્ની છે, તેઓ અમુને દુ:ખ આપે નહી. ત્રીજા અશતકના ૪૩ માં સુક્તની બીજી લીટીમાં રીશીએ જણાવ્યું છે કે જેને સૂર્યની છોકરીએ પસંદ કીધો છે તે મને સુખી કરશે, અને જલદીથી ભોગ આપનાર તરફ આવશે અને પુંજારીઓને સુખ આપશે, અને તેની તેજી ઘોડાઓથી જોડાયલી ગાડી જલદી ચાલે છે. (૬.) લીટીમાં જણાવ્યું છે કે વાદલાંએ સુરજના ઘોડાઓને ભીનાસ આપ્યો છે, કે જે ચલકતા ઘોડાઓ જલદીથી પક્ષીઓની માફક ચલકાટથી પ્રકાશતા જાય છે, અને તે જલદીથી ચાલતી રથ ઘણીજ વખણાયલી છે કે જેમાં સૂર્ય સ્વારી કરે છે. ચોથા અશતકના ચોથા અધીયયના ૭૩માં સુકતની પાંચમી લીટીમાં રીશી લખે છે કે જ્યારે સૂર્ય અશવીનોની જલદીથી ચાલતી રથની ઊપર સ્વાર થાય છે, ત્યારે અશવીનોની આસપાસ ચલકતા તારાઓ પંથરાઇ જાય છે. રીગ-વેદમાં 'ઇંદ્ર' અને 'કુનસ' ના ઘોડાઓનું વર્ણન આવે છે પણ તે ઘોડાઓને સૂર્યના ઘોડાઓ સાથે કાંઇપણ સંબંધ નથી. ત્રીજા અશતક આંઠમાં અધીયાય સુક્ત (પ૨) ની પેહેલી લીટીમાં રીશી લખે છે કે આકાશની છોકરી સહવાર જણાઇછે જે માણસોને માયાલુ રીતે ચલાવે છે, ફાયદાઓં આપે છે અને રાત્રના જવા પછી રોશની નાખે છે. (૨.) એક સુંદર ઘોડીની મીસાલે રોશણીના કીરણોની ચલકાટવાલી માતા તરીકે તેણી અસ્વીનોની તંદરોસ્તી ઇચ્છે છે; (૩.) તેણી દોલત ઉપર હકુમત કરે છે. (૪.) અમો પુંજારીઓ આભારોથી તુંને જગાડીએ છીએ કે જે સચ્ચાઇવાલી દુશ્મનાઇને મારનાર અને હુશીઆરીની લાવનાર છે. (પ.) સૂર્યના શો ભાગવંતા કીરણો વરસાદના ઝાપટાની મીસાલે દેખાય છે અને સહવારે દુનીઆને પુશકલ રોશની આપે છે (૬.) એ તેજવાલી 'ઉશસ' તું ચલકાટથી અંધારાને નસાડે છે. (૭.) અને આકાશને કીરણોથી ભરપુર કરીને સઘલી પેદાએશવાલી ચીઝોને તેજવાલી કરે છે. ચોથા અશતકના ત્રીજા અધીયયના ૪૭ માં સુકતની પેહેલી લીટીમાં 'પ્રતીરાય' રીશીએ લખ્યું છે કે વખાણવા લાયક પરોઢયું આકાશમાંથી આવે છે, અને માણસોને ઉંઘમાંથી જગાડે છે; તે એક જોરાવર માતા તરીકે છે કે જે પોતાની છોકરી અથવા પૃથ્વીને ઉઠાડે છે. તેણી પવીત્ર હમેશાં જુવાન, અને કીર્ત્તીવાલી છે અને જ્યારેબી તેની પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે તેણી બીજા રક્ષણ કરતા દેવતાઓ સાથે ભોગોની નજદીક આવે છે, એટલે કે તેના કીરણો ભોગો ઉપર

પડે છે. (૨.) રોશણીના કીરણો આસપાસ પંથરાઇને, દહાડો લાવવાની પોતાની ફરજ બજા લાવે છે અને અમર્ગ સુરજની તકતી સાથે રહે છે, કે જે કીરણો આકાશમાં તેમજ દુન્યામાં પંથરાઇ જાય છે. (૩.) તે જલદી જતી રથ વરસાદને વરસાવનાર, દવને પાંથરનાર તરીકે ઉગમણમાં આવી છે; ઘણા રંગવાલો અને બધે દેખાતો સૂર્ય આકાશની બેઉ બાજુએ જાય છે અને દુન્યાને બંચાવે છે. (૪.) ચાર મુખ્ય ધર્મગુરૂઓ તેની પ્રાર્થના અને વખાણ કરે છે, અને દસ મુલકો તેને તેની ગતી ઉપર ચાલવાને જોર આપે છે, અને ત્રણ કીરણો (અથવા ઠંડી, ગરમી અને વરસાદના કારણો) આકાશની હદ ઉપર મુસાફરી કરે છે. (૫.) ઓ માણસો તમો આએ નહીં વર્ણન થાય એવો આકાર અથવા સુરજને જુઓ કે જ્યાં નદીઓનું વેહવું છે, પાણીઓ રહે છે અને બે રૂતુઓ (રાત અને દહાડો) તેને ટેકવી રાખેછે. (૬.) ઓ પુંજારીઓ સૂર્યની ઘણી ઘણી વખાણ કરો; આકાશી માતાઓ તેને માટે એક બચાંની માફક રોશણીના ઝભા વણે છે અને તેની બાયડીઓ અથવા કીરણો આએ દુન્યાની ઉપર આવે છે. ચોથા અશતકમાં બીજા અધયના ૪૧ માં સુક્તમાં પુંજારી રાત અને દહાડાની (બીજા વખાણવા લાયક દેવતાઓની મીશાલે) પુંજા કરે છે અને અરજ કરે છે કે તમો બેઉ પુંજારીઓની નજદીક સઘલું ભોગ આપવાને માટે લાવો. ત્રીજા અશતક, ત્રીજા અધીયય, સુક્ત ૫૪ ની ૧૧ મી લીટીમાં 'પ્રજાપતી' રીશી લખે છે કે સુનેરી હાથવાલી, નરમ જીભવાલી 'સાવીત્રી' આકાશમાં ઉતરી આવેછે કે જેથી તે દરરોજ ભોગ આપવાની વખતે ત્રણવાર હાજર રહે; ઓ સાવીત્રી તું પુંજારીઓની અરજ કબુલ કર અને અમારી આશાઓને પાર પાડ; દહાડાના ત્રણ ભાગો જે વેદમાં કીધા છે તે આપણ જરથોસ્તીઓના દહાડાના ત્રણ ભાગ હાવન, રપીથવન અને ઉજીરન અથવા સહવાર, બપોર અને સાંહાજને મળતા આવેછે; વળી એજ અશતકમાં રીશી લખે છે કે ઓ સાવીત્રી, તું કે જે આકાશ ઉપરથી ઉતરી આવી છે તે દરરોજ અમુને ત્રણ વખત આર્શીવાદ આપ. એજ અશતકમાં 'વામ દેવ' રીશી સાવીત્રી પાસે પુશકળ દોલત તથાં મરજી પ્રમાણેનું ઘેર માગે છે, કે જે આકાશને ટેકવી રાખે છે, દુન્યાને બંચાવે છે, પોતાનું સુનેરી બખતર પેહેડે છે, દુન્યાને ફૂલદરૂપ કરે છે, આકાશ ઉપર આબાદી ફેલાવે છે, દુન્યાના લોકોને દોલત આપે છે, ડાહ્યા માણસો ચાલાક, મોટા, ઇજવા લાયક સાવીત્રીની પુંજા કરે છે, ધર્મગુરૂઓને સલાહ આપે છે, અંધારૂ જાહેર કરવાથી સઘલા આકારોને જાહેર કરે છે, બે પગા અને ચોપગા જનાવરોને સાફ કરે છે, પરોઢીયાની પછી પ્રકાશે છે, જીવતાઓની તકેદારી કરે છે, દુન્યા ઉપર રાજ કરે છે, માણસોને પાણી સાથે ખોરાક આપે છે, તેઓને વાસ્તે ભાજીપાલો ઉગાડે છે અને પોતાના ઇજનારાઓનો બંચાવ કરે છે.

પાંચમાં અશતકમા રીશી ગાય છે કે સુરજની છોકરી 'અશવીનના' રથ ઉપર સ્વારી કરે છે, અને હઝારો લોકોને બંચાવે છે: સાવીત્રી બખશેશો આપવાને પોતાનો હાથ લંબાવે છે; તે વખાણવા લાયક જુવાન દેવતો પાણીના ભરેલા હાથો દુન્યા ઉપર લંબાવે છે, તથા તે લોકોની આબાદ હાલત ઉપર નેગાહ રાખે છે, અને કોઇપણ દુશમનને ફાવવા દેતો નથી; તે એક છટાદાર

બોલનારની માફક પોતાના સુનેરી હાથો લંબાવે છે; ઇંદ્રએ સૂર્ય અને પાણીઓને દુન્યાને આપ્યા છે; સૂર્ય પાણીઓને પોતાના કીરણોથી ચલાવે છે. આકાશી 'સાવીત્રી' માણસોને માટે સારી ચીઝો અને દોલત લાવે છે; સૂર્ય સાવીત્રીને શકતી આપે છે અને તેને છટાદાર જીભવાલો, ચાલાકી ભરેલો અને દોલતના હાથવાલો બનાવે છે. સૂર્ય 'મીત્ર' અને 'વરૂન' એ બેઉ ઉપર ઉગે છે, હાલતી અને વગર હાલતી ચીઝોનો બંચાવ કરે છે, અને માણસોના સાચા અને ખરાબ કામો ઉપર નજર રાખે છે; એ વીચાર ઇજીપ્શીઅનોના 'રા'ને તદનજ મલતો છે, અને તે આપણે ઇજીપ્શીઅનોનું વર્ણન કરતાં જોઇશું. સૂર્યએ પોતાના સાત તપખીરીઆ ઘોડાઓને સામાન પેહેડાવ્યો છે, અને તે ઘોડાઓ પાણી નાખતા સૂર્યને લઇ જાય છે જે 'મીત્ર' અને 'વરૂન'નો દોસ્તદાર છે અને જે ટોલાં ઊપર ભરવાડની માફક નજર રાખે છે; 'મીત્ર' અને 'વરૂન'ને માટે તે આકાશમાં પ્રકાશેછે, અને 'આદીત્યો,' 'મીત્ર,' 'વરૂન' અને 'અઇરીઅમન' તેને માટે રસ્તો તૈયાર કરી આપેછે; તે માણસોના ટોલાં ઊપર પોતાનાં બોહોલાં અને પુશકળ કીરણો ફેંકે છે; પેદા થયલાઓ તેને દહાડામાં ચળકતીરીતે પ્રકાશતો જોયછે; પુંજનાર અરજ કરે છે કે ઓ સૂર્ય તું અમારી આગળ તારા કીર્ત્તીવાન સફેદ ઘોડાઓ સાથે ઉગ, અને મીત્ર, વરૂન, અરીયમન, અને અગ્નીની નજદીક અમુને બેગુનાહ કર. ભાગ્યવંત સુરજ કે જે સઘળાની આંખ છે અને માણસોનો સાધારણ બાપ છે તે ઉગે છે; સુરજ, 'મીત્ર' અને 'વરૂન' ની આકાશી આંખ છે અને અંધારાને તોડેછે; માણસોનો જીવનગાર અને મોહટો વરસાદ લાવતો સૂર્યનો વાવટો, જે દુનીઆના પઇડાં ઉપર ફરતો અને જે સફેદ ઘોડાઓએ તેની રથને જોડયો છે તેની આગળ જાય છે; સૂર્ય પોતાના પુંજારીઓની વખાણથી ખુશી થઇને પરોઢીઆના ખોલામાંથી ઊગે છે અને પુંજારીઓની ઇચ્છાઓને બર લાવે છે અને પોતાનું તેજ સઘળાને આપે છે અને પોતાના ચળકાટની હદ બાંધતો નથી; તે આકાશોની આરપાર રોશની પાંથરતો જાય છે અને તેનાથી જીવ પામેલા સઘળા જીવજંતુઓ પોતાનું ઠેડવેલું કામ બજાવે છે! જે અમર્ગ માણસોએ તેને માટે રસ્તો બનાવ્યો છે તે ઊપરથી તે એક શકરાની માફક કુદતો પસાર થાય છે, અને જ્યારે સુરજ ઉગે છે ત્યારે સઘળા પુંજારીઓ તેને વખાણોથી વધાવી લેછે, અને તેના બદલામાં સૂર્ય તેઓને આર્શીવાદ આપે છે. સવારનું પરોઢયું સૂર્યની ઓરતની માફક છે કે જે અજાયબ જેવી દોલત ધરાવે છે અને સઘળાઓને ખોરાક આપે છે; તેણી દોલતના ખજાના ઉપર હકુમત કરેછે અને પુજવા લાયક છે; તેણી (અરૂણોદય=પરોઢીઊ) સઘળા જનાવરોને દેખીતાં કરે છે; પેહેલ વેહેલા 'ઉશસ' નો વાવટો પૂર્વમાં દેખાય છે અને પછી તેણી પશ્ચીમમાં ઊંચી જગાઓની ઉપર દેખાય છે. 'ઊશસ' સુરજના ઊગવાની અગાઊ એક બે વક્ત ઘણી આગળ જતી માલમ પડી છે. છેક અસલના સાધુઓએ સચ્ચાઇ ધારણ કરીને છુપી રોશણી જોઇ અને બંદગી કરીને 'સહવાર' અથવા 'અરૂણોદય' ને પેદા કીધી; ઓ 'ઊશસ' તું સહવારના પોહોરમાં ઢોરને ખેતરમાં લઇ જાય છે, અને ખોરાક આપે છે, અને સહવારના પોહોરમાં લોકો તારી પ્રાર્થના કરેછે. 'ઊશસે' માણસની પાંચ જાતને ઊઠાડી છે, અને તે પોતાના જોરાવર બલદોથી રોશની પાંથરે છે; તારા

પુંજારીઓ એક ગાથાના જોરથી તારી પુંજા કરે છે; તું હમને એવી સહમજ આપ કે હમો દોલત મેળવીએ. 'ઇંદ્ર' અને 'વરૂન' એ સૂર્યને આકાશના હાકમ તરીકે મુકરર કીધો છે. સૂર્યને માટે આઠમાં મંડલમાં એક દંત કથા નીચે પ્રમાણે છે; તે એ છે કે જ્યારે સૂર્યએ 'ઇતાસા' ને દુઃખ દીધું, ત્યારે 'સાતાકરાતુ' પાછલાની મદદે 'અરજુની' ના છોકરા 'કુતસ' ને લઇ ગયો, અને પોતાના એ પવનની માફકના તેજદાર ઘોડાઓ તેની મદદે લઇ ગયો અને જોરાવર 'ગંધરવ' ની નજદીક 'સાતાકરાતુ' ચોરી છુપાઇથી ગયો. એવું જણાય છે કે 'સ્વાસ્વ' (અથવા સારા ઘોડાઓનો સરદાર) રાજા એક છોકરાને માટે ઇંતેજાર હોવાથી તેણે સૂર્યની પુંજા કીધી કે જે પોતાને રાજાના છોકરા તરીકે ગણતો હતો; ત્યાર પછી રીશી 'ઇતાસા' અને સૂર્યને મારામારી થઇ જેમાં ઇંદ્રએ 'ઇતાસા' ને ઘણી મદદ કરી હતી. અરૂણોદયના સફેદ અને ચળકતા કીરણો પાણીના મોજાની માફક પંથરાઇ જાય છે જેથી દુન્યા સુંદર દેખાય છે, તેણી ખુશી, શોભા અને ખુબસુરતીથી ભરેલી છે; રાતી અને ચળકતી ગાયો શોભાગવંતી, ઓહોલી થતી અને તેજસ્વી સહવારને લઇ જાય છે, અને તેણી તીર ફેંકનાર લડવૈયાની માફક અથવા દુશમનને હઠાડનાર તેજસ્વી ઘોડાની માફક અંધારાને હાંકી કહાઢે છે. ઉપલાની મતલબ એ છે કે ખેડુતો સહવારના પોહોરમાં ગાય ઢોરને ખેતરમાં લઇ જાય છે. ઓ ઊશસ? તારા રસ્તાઓ, પાહડો અને દરીયા ઊપરના પેહેલા છે, અને ઓ આકાશની છોકરી, તારી મોહોટી અને સુંદર રથમાં હમારે માટે દોલત લાવ; એની મતલબ એ છે કે સહવારના પોહરમાં લોકો કામકાજે લાગે છે અને પૈસા મેલવે છે, કે જે પૈસા અલંકારીક રીતે સહવાર પોતાની રથમાં લાવે છે; તારા હુગવાએ પક્ષીઓ માલામાંથી ઊઠે છે; તું રાતના પ્રકાશતા ગ્રહોને દાબી દે છે; ઓ અરૂણોદય (સહવાર) તું કે જેને જાંબુરી ઘોડાઓ રથમાં લઇ જાય છે તે જેમ જેમ આકાશમાં જાય છે તેમ તેમ પ્રકાશે છે; તું સહવારના ભોગો શરૂ કરાવ: સહવારો પુંજારીઓને કીર્ત્તી, રોજનો ખોરાક, પૈસા, જોર, છોકરાઓ, ઢોરો, ઘોડાઓ, દોલત અને વરસાદ આપે છે; 'ઊશસ' સાચ્ચા સાથે સાચ્ચી મોહટા સાથે મોહટી, દેવતાઓમાં ઇસ્વરી અને વખાણવા જોગ છે કે જેને માટે ઘણુંખરૂં ગાય ઢોર દુઆ માંગે છે; તેણી પોતાનો સફેદ અને ચળકતો ઘોડો કે જે સુરજ છે તેને લઇ જાય છે અને માણસોના દુશમન રોગોને હાંકી કહાઢે છે; આએ પાછલું લખાણ ખોરશેદ યશ્તમાંના લખાણને મલતું આવે છે. 'ઉશસ' સુરજ, ભોગ અને આતશને ઉતપન્ન કરે છે; તેણી પૃથ્વીને ચીકણા દવથી નરમ કરે છે; જ્યારે તેણી રોશની નાખતી નાખતી આગળ ચાલે છે ત્યારે સુરજ પોતાના કીરણો ફેંકતો જાય છે. ઠપકા વગરની સહવારો ચળકતા દહાડાને લાવે છે, અને 'અંગીરાસાસે' સૂર્યને અથવા ઓહોલી રોશણી ને મેલવી છે; સુરજના ઊગવાથી ચોરાયલાં ઢોરો મલી આવે છે; સાચ્ચું બોલનારી મોહોટી દેવી તું અસ્વીનોને ઉઠાડ; જ્યારે 'ઊશસ' પોતાના ચળકાટથી ચાલે છે, ત્યારે સૂર્યના જેટલીજ પ્રકાશે છે, અને અસ્વીનોની રથ ભોગના ઓરડામાં જાય છે કે જ્યાં પુંજારીઓ એકઠા થયલા હોય છે.

ખાન્દોગીયા ઉપાનીશાદ ; પેહેલી ચોપડી.

જ્યારે સુરજ ઉગે છે ત્યારે તે 'ઊડગાથ્રી' ની માફક સઘળા માણસોને સારૂ ગાય છે, અને અંધારાની બીક કહાડી નાખે છે, અને જે 'ઊદગીથા' જાણે છે તે અજ્ઞાનપણાની ધાસ્તી તેજ માફક કહાઢી નાંખે છે. 'ઊદગીથા' અથવા મોહોઢામાંના પવનને સુરજ સાથ સરખાવવામાં આવ્યો છે. સુરજને 'પ્રન્ય સ્વર' (પડઘા) સાથે પણ સરખાવવામાં આવ્યો છે, કારણ કે તે દરરોજ પાછો આવે છે. 'ઊત' બોલ સુરજને માટે પણ વપડાયલો છે, કારણ કે તે ઊંચો છે. વલી 'સામાન' બોલ પણ સુરજને માટે વાપડવામાં આવ્યો છે, કારણ કે સુરજ આકાશ ઉપર બેઠો છે ('સા'=આકાશ અને 'આમા'=સુરજ); 'રીક' શબ્દનો અર્થ સુરજની સફેદ રોશની થાય છે, અને 'સામન' તે આસમાની રોશની છે કે જે સુરજ ઉપર નજર ટાંકી રાખનારા જોય છે; જે સુનેરી મરદ સુરજમાં જણાય છે અને જેની સુનેરી દહાડી, સુનેરી બાલ અને જેનું નખ સુધીનું બદન સુનેરી છે, અને જેની આંખ કમળ ફુલ ઊપર છે તેનું નામ 'ઊત' છે, કારણ કે તે સઘળી ખરાબીને દુર કરે છે, અને સુરજ ની પેલી મેર દુન્યાઓનો હાકમ છે, અને તે સઘળા દેવોની મરજી ઊપર આધાર ભોગવે છે; તેને પીછાનવા વગર જેબી કોઇ 'ઊદગાત્રી' ભણે છે તે ખોટા પડે છે, કારણ કે 'ઊદગીથા' ને આદીત્ય (સુરજ) દેવતો અર્પણ કરવામાં આવ્યો છે, અને સુરજનું નામ 'ઊત' છે. સામ-વેદના અસલના લખાણોમાં 'ધુ' અક્ષર સુરજને અર્થે વપડાયલો છે.

બીજી ચોપડી.

જો આપણે પાંચ ઘણી 'સામન' ને પાંચ દુનીઆ તરીકે ગણીએ તે હેઠેથી ઉપર ગણતાં 'પ્રતીહાર' શબ્દ સુરજને માટે વપડાયલો મલશે; તેનું કારણ એ છે કે દરેક જણ સુરજને પોતાની તરફ આવેલો જોવાને ઇંતેજાર છે (પ્રતી=નજદીક); જો આપણે ઉપરથી હેથે ગણશું તો 'પ્રસનાવ' શબ્દ સુરજને અર્થે આપણને મલશે. 'સામાન' શબ્દ પણ સુરજનું એક વીશેષણ છે, કારણ કે તે હમેશાં એકનો એકજ રહે છે (સમ=એક) અને દુન્યાનો દરેક મરદ એમ વીચારે છે કે તે તેની તરફ જોયછે; દરેક જીવજંતુઓ અને જનાવરો તેની ઉપર આધાર રાખે છે. સુરજના સઘળાં મલીને સાત નામ જુદી જુદી વખતે વપડાયલાં મલે છે, જેમકે (૧) સુરજ ઊગવાની અગાઉ તેનું નામ 'હીતકારઅ' છે, કારણ કે જનાવરો સુરજ ઉગવાની અગાઉ 'હીન' શબ્દ બોલે છે. (૨) જ્યારે સૂર્ય પેહલો ઉગે છે ત્યારે તેનું નામ 'પ્રસતાવ' છે; તેનું કારણ એ છે કે માણસો તેની ઉપર આધાર રાખે છે અને તેની વખાણ (પ્રસ્તુતી) માં ભાગ લે છે. (૩) જ્યારે ગાયનુ દુધ દોહવામાં આવે છે અથવા વાછરડાઓ તેઓની માતાઓ આગળ દુધ પીવા જાય છે, ત્યારે તેનું નામ પેહેલો આદી (ઓમ) છે; તેનું કારણ એ છે કે એ સુરજ ઉપર પક્ષીઓ આધાર રાખે છે અને તેઓ આકાશમાં વગર આધારે ઉડે છે, અને સુરજની 'આદી' ધરાવે છે. (૪) બપોરના સુરજને 'ઉદગીથા' કહે છે. એની ઉપર દેવોનો આધાર છે, અને એનાથીજ તેઓ પ્રકાશે છે. (૫) બપોરની પછી

અને પાછલા પોહોરની અગાઉના સુરજને 'પ્રતીહાર' કહે છે, કારણ કે તેની ઉપર સઘળા 'મુલો' આધાર રાખે છે, અને તે મુલો પડી જતાં નથી, તેનું કારણ એ છે કે તેઓ ભરપુર (પ્રતીહરીતા) થયલા છે. (૬) પાછલા પોહોર અને સુરજ અસ્ત પામવાની અગાઉ તેનું નામ 'ઉપા દ્રવ' છે; એની ઉપર જંગળનાં જનાવરો આધાર રાખે છે અને માણસોને જોઇને તેઓ નાહસી જાય છે (ઉપઅ-દ્રવન્તી) (૭) જ્યારે તે અસ્ત પામે છે ત્યારે તેનું નામ 'નીધાન' છે જેની ઉપર બાપો આશા રાખે છે અને તેઓ વડવાઓના આત્માઓને બનાવેલી રોટલીઓ તે વખતે નીચે મુકે છે (નીદાધતી). હવે આપણે એ સાતે શબ્દોના અક્ષર તપાસીએ. 'હીનકરઅ' અને 'પ્રસતાવ' માં ત્રણ અક્ષરો છે. આદી (પેહેલો, ઓમ) માં બે અક્ષરો છે અને 'પ્રતીહાર' માં ચાર છે, અને જો બેમાં ચારમાનો એક લઇને મુકીએ તો બેઉમાં ત્રણ થઇ રહે. 'ઉદગીથા' માં ત્રણ અને 'ઉપાદ્રવ' માં ચાર અક્ષરો છે, અને તેથી છેલ્લામાંથી એક અક્ષર કહાડી નાખ્યે તો બેઉના ત્રણ અક્ષરો થઇ રહે; 'નીધાન' માં પણ ત્રણ અક્ષરો છે. એ સાતે શબ્દોના સઘળા મલીને ૨૨ અક્ષરો થાય છે. ૨૧ અક્ષરોથી એક માણસ સુરજ આગળ જઇ પુગે છે કારણ કે અહીંયાથી સુરજ એક વીશમો છે (૧૨ મહીના+પાંચ રૂતુઓ+ત્રણ દુન્યાઓ) અને પછી એક વીશમો સુરજ છે. ૨૨ માં અક્ષરથી તે સુરજની પેલી મેર જઇ પુગે છે અને સુખ મેળવે છે, અને સુરજની ઉપર ફતેહ મેળવે છે; અને વલી એથીબી વધારે ફતેહ તેને એ મલે છે કે જે ફતેહ તેને મોતની પેલી ગમ લઇ જાય છે. બીજો શબ્દ 'બ્રીહાત' 'સૂર્ય' અથવા 'આદીત્ય' ને અર્થે વપડાયલો આપણુને મલે છે; જે કોઇ મરદ 'બ્રીહાત' ને સુરજમાં લપેટેલો જાણે છે તે પ્રકાશીત અને જોરાવર થાય છે, ઘણા વરસ જીવે છે, તેને ત્યાં બચ્ચાંઓ અને ઢોરોનો વધારો થાય છે, તે કીર્તીથી મોહોટો થાય છે અને તેના રાજની નીશાની નીચે પ્રમાણેની છે 'સુરજની ગરમીથી કદી પણ બડબડતો ના'; એ ચોપડીના ૨૧માં ખંડમાં સુરજને એક દુનીઆ તરીકે ગણવામાં આવી છે; તે નીચે પ્રમાણે છે. ૧. ઉદગીથા અગ્ની (આતશ), વાયુ=પવન અને આદીત્ય=સુરજ. બ્રાહમન વેદના શીખવનારાઓ લખે છે કે સહવારની બંદગી 'વાસુઓને' લાગુ પડે છે બપોરની 'રૂદ્રઓને' અને સાંહઝની 'આદીત્યો' ને લાગુ પડે છે; ત્રીજી બંદગીની અગાઉ ભોગ આપનાર 'બહાવનીયા' નામની પવીત્ર જગાની પછવાડે બેસે છે, અને ઉત્તર તરફ મોહોઢું કરીને 'સામન' ગાય છે. અને આદીત્યો અને વીસ્વદેવોને વીનંતી કરે છે કે "દુન્યા (અથવા) બેહસ્તનો દરવાજો ખોલ કે હમો તુંને જોઇએ અને બેહસ્તમાં સરસ ગણાઇએ" પછી તે ભોગ આપે છે અને બોલે છે કે 'આદીત્યો અને વીસ્વ દેવોને' આરાધના હોજો કે જેઓ બેહસ્તમાં અને દુનીઆમાં રહે છે, તે દુન્યા મારે માટે મેળવો; હું ભોગ આપનાર ત્યાં જવશ, જ્યારે મારી જીદંગી ખતમ થશે; આએ (ભોગ) લેવો અને ઇસ્તાપરીને દાબી દેઓ.' ઉપલું બોલીને તે ભોગ આપનાર ઉઠે છે; જો કે કોઇ ધર્મગુરૂ ઉપલી ક્રીયાઓ સહમજતો નહીં હોય, તોપણ તેણે તો તે કરવી જોઇએ, અને આદીત્યો અને વીસ્વદેવો તેને માટે દુઆ પાર પાડશે. ભોગ આપનાર સુરજની બંદગી કરતી વખતે ઉપલા પ્રમાણેજ બોલેછે.

ત્રીજો પ્રાપથકઅ.

સૂર્ય દેવોનું મધ છે, કારણકે દરેક જણ તેથી ખુશી થાય છે અને દરેક ભોગોનો તે સૌથી સરસ બદલો છે; બેહેસ્ત એક આરૂં પાટીઉં છે કે જેમાંથી આકાશ એક મધપુડાની માફક લટકે છે, અને હવાઓ તે મધમાખીના ઈંડા છે. સૂર્યના પૂર્વ તરફના કીરણો આગલના મધના ભાગો છે; રીક કવીતાઓ અથવા રીગ-વેદને માખો સાથે સરખાવવામાં આવે છે અને ભોગ તે ફુલ છે, અને જ્યારે ફુલની આસપાસ મધમાખો ભમે છે ત્યારે ફુલો વાસ મારે છે, અને તે સુગંધ ભોગ આપવાથી જેટલા ફાયદા થાય છે તેટલા બતલાવે છે કે જે ફાયદા બીજી દુનીઆ અને સુરજમાં ભોગવવાના છે, અને તેથી તે સુગંધ સુરજ સુધી જાય છે એવું જણાવ્યું છે. દક્ષીણ તરફના કીરણો જમની બાજુના મધપુડાઓ છે, અને 'યાજુસ' કવીતા (માંખો) ભોગો (ફુલો) ઉપર ફરી વલવાથી તેનો સુગંધ સુરજ વેર ઊંચે જાય છે, અને તે સુગધ તે સુરજની સફેદ રોશણી છે, પશ્ચીમ તરફના કીરણો પછવાડેના મધપુડા છે અને 'સામન' કવીતાઓ (માંખો) સામ-વેદ-ભોગ (ફુલ) ઉપર પંથરાવાથી સુગંધ ફેલાય છે જે સુરજ વેર ઉંચે જાય છે, અને તે સુગંધ સુરજની કાલી રોશણી છે ઉત્તર તરફના કીરણો ડાહબી બાજુના મધપુડા છે; આથવન ગીરાસ (માખીઓ) ઇતીહાસપુરાન (ફુલ) ઉપર ફરી વલવાથી સુગંધ ફેલાય છે, જે સુરજની ઘણીજ કાલી રોશની છે. સુરજના ઉપલાં કીરણો ઉપરનો મધપુડાઓ છે. છુપા કલામો માખીઓ છે અને તે કલામો બ્રાહમન (ઓમ) ઉપર પંથરાય છે, અને તેમાંથી સુગંધ (અમરત) કીર્ત્તી ચેહરાની ખુબસુરતી, ચળકાત, જોર, કૌવત અને તંદરોસ્તી ઉત્પન્ન થાય છે; તે સઘળી ચીઝો સુરજ ઉપર ઉંચે જાય છે, અને તે ચીઝ થઇ જાય છે કે જે આપણે સુરજના મધ્ય ભાગમાં હાલતી જોઇએ છીએ; ઉપલા સઘળા સુરજના રંગો સર્વથી સરસ સુગંધીથી ભરેલાછે; જ્યાં સુધી સૂર્ય ઉગમણમાંથી ઉગીને પશ્ચીમમાં આઠમે છે અને 'વાસુ' ઓ ઉપર રાજ કરે છે ત્યાં સુધી વાસુઓ લાલ રોશની ઉપર અથવા પૂર્વે અગ્નીના હાથ તલે રહે છે. દક્ષીણે સફેદ રોશની ઉપર રૂદ્રઓ ઇંદ્રના તાબામાં રહે છે; પશ્ચીમે કાલી રોશની ઉપર આદીત્યો વરૂનના તાબામાં રહે છે; ઉત્તરે ઘણીજ કાલી રોશની ઉપર 'મારૂતો' 'સોમ'ના તાબામાં રહે છે, અને ઊપર 'સાધીયાઓ' સુરજની વચમાં બ્રાહમનના હાથ તલે રહે છે.

અંતઃકરણને માટે પાંચ દરવાજા છે કે જેમાં પૂર્વ તરફનો દરવાજો પ્રાન (=ઊપર શ્વાસ લેતો) અથવા આંખ છે કે જેને આદીત્ય અથવા સુરજ સાથે સરખાવવામાં આવે છે, અને જેબી કોઇ ઉપલું સહમજે છે તે ચળકાટવાલો, તંદરોસ્ત અને સ્વર્ગની દુનીઆના ચોકીબાનો માંનો એક છે. વરસાદના દીવસોમાં કાલાં વાંદલાંઓમાંથી ઇંદ્ર સુરજને બહાર કહાડે છે અને પુંજારી રાતના અંધારાં પછી સુરજની રોશણી જોયછે, કે જે સુરજ દેવતાઓમાં રોશણી અને જીંદગીનો આપનારો છે; સુરજને બ્રાહમનના પગ સાથે પણ સરખાવવામાં આવ્યો છે. જો આપણે 'આદીત્ય' અથવા 'સુરજ' ને બ્રાહમન તરીકે ગણીએ તો તેની દંતકથા નીચે પ્રમાણે છે. પેહલાં તો તેનો

આકાર અને નામ હતા નહીં, પછી તે જન્મ પામ્યો અને વધ્યો, અને એક ઈંડાના આકારમાં ફેરવાઇ ગયો, કે જે ઈંડુ એક વરસ સુધી એમનું એમ રહ્યું, પછી તે ભાગી ગયું અને એક ભાગ રૂપાંનો કટકો થયો અને બીજો ભાગ સુનાનો થઇ ગયો. રૂપેરી કટકો આ દુનીઆ થઇ અને સુનેરી કટકો તે આકાશ થયું; ઈંડાની સફેદીનો જાદો ભાગ તે પાહડો થયા, અને દાળનું પાતલું પડ તે ધુમસ સાથના વાદલાં થયાં, જીની જીની નસો તે નદીઓ થઇ અને પાણી તે દરીયો થયો; તે ઈંડામાંથી આદીત્ય અથવા સુરજ જન્મ પામ્યો અને તેજ વખતે લોકો ખુશીમાં આવી ગયાં, અને દરેક પ્રાણી અને દરેક ચીઝ જન્મ પામી; તેથી આપણ સર્વેની ફરજ છે કે જ્યારેબી સુરજ ઉગે ત્યારે તેની વખાણ કરવી જોઇએ કે જેથી પેલી દુન્યામાં સઘળા પુંજારીઓ સ્વર્ગ ભોગવે અને આ દુન્યામાં લોકો તેને વખાણોથી વધાવી લે. ઉપાનીશાદની ત્રીજીથી પાંચમી ચોપડીમાં સુરજને માટે કાંઇબી લખાણ આવતું નથી. 'છઠ્ઠી ચોપડી, ઊપાનીશાદ' માં તેનો લખનાર કહે છે કે સુરજનો રાતો રંગ તે આતશનો રંગ છે. તેનો ઉજલો રંગ તે પાણીનો છે, અને તેનો કાલો રંગ તે પૃથ્વીનો છે; સૂર્ય એક બોલવાનું નામ છે, પણ ખરૂં જોતાં તે જુદા જુદા રંગોનો બન્યો છે, જેમાંના મુખ્ય ત્રણ રંગો છે કે જ્યારે બાકીના ભુરો, સફેદ, આશમાની, પીલો અને રાતો એવા રંગો છે; આએ પાછલા રંગવાલી ચીઝો દીલની નશોમાં મલી આવેલી છે.

આઈતઈરીય આરનીયાકઅ, બીજો અધીયાયઅ, પેહેલો ખંડ.

સુરજને માણસના આકાર સાથે સરખાવવામાં આવ્યો છે; જેમ આકાશમાં સુરજ છે, તેમ માથામા આંખ છે; સુરજ માણસના દમની માફક પણ છે; જેમ શરીરમાં જમની બાજુ ઉપર ૫૪૦ ભાગ છે અને ડહાબી બાજુ ઉપર પણ ૫૪૦ છે, અને બધા મલીને ૧૦૮૦ થયા, તેમ સુરજના કીરણો પણ ૧૦૮૦ છે; તેનું કારણ એ છે કે જેમ 'માહા વ્રત'માં 'બ્રીહાતીસ' (સુરજની) ૩૦ લીટીઓ છે, અને દરેક લીટીમાં ૩૬ શબ્દો છે, તેથી ૩૦ લીટીમાં ૧૦૮૦ શબ્દો થાય છે. વરસનું કારણ સુરજ છે અને આપણા બદનનું તેમજ સઘલી હીલચાલ કરનારી વસ્તુઓનું મુલતત્વ પણ સુરજ છે; તે દરેક માણસને જુદો દેખાતો હોય એમ માલમ પડે છે. સુરજની અંદર જે માણસ જણાય છે તે બ્રાહમન છે.

સામ-વેદ પેહેલી ચોપડી.

એ કેતાબની 'પ્રપાથક' પેહેલાની સાતમી 'દસાતી'ની ત્રીજી લીટીમાં તેનો લખનાર લખે છે કે અગ્નીની બીજી રોશણી સુરજમાં વશેછે અને આંઠમી 'દસાતી'ની ચોથી લીટીમાં લખે છે કે અગ્ની સુરજની માફક બે તેજ રાખે છે; એક સફેદ અને બીજું રાતું. ઓ વૃદ્ધી કરનારા સૂર્ય! તું અમુને દોલત આપ કે જેથી અમો આએ ભોગમાં આબાદી લાવનારો બદલો લાવીએ.

સામ-વેદ બીજી ચોપડી.

છઠ્ઠા બાબમાં એવું લખાયું છે કે પુંજારી સુરજને અરજ કરે છે કે ઓ ઇશ્વરી સવીતા! કે જે કુદરતી પેદાએશોનો બાપ છે; તું અમુને પુશકલ દોલત અને ઘણા છોકરા આપ, અને મોતનો નાશકારક સ્વપનો લાવનારને અમારેથી દુર કર; એ વેદમાં પુંજારી મીત્ર, વરૂન અને અઇરીઅમનની પણ મદદ માંગે છે કે તેઓ તે પુંજારીને સીધે રસ્તે ઉતારે. ઉશસ દેવી સહવારના આકારમાં ચંદ્રના દુરના મુલકમાંથી આએ નીચેની દુન્યામાં આવીને પોતાનું તેજ પાંથરે છે. ત્રીજીથી પાંચમી ચોપડીમાં સુરજને માટે કાંઇપણ જાણવા જોગ મલતું નથી.

સામ-વેદની પાંચમી ચોપડી.

નવમા બાબની આંઠમી લીટીમાં પુંજારી સવીતા દેવતા અથવા સુરજની આરાધણા કરે છે કે જે આકાશ અને દુન્યાનો બાપ છે, ડાહ્યાઓના ભોગ ઉપર તકેદારી રાખે છે, પવીત્ર ધર્મોને આબાદ કરે છે, બખશેશો આપે છે, પોતાની ચાલાકીથી ચહવાયલો છે, અને જેનો ચલકાટ ઊંચેથી, ડાહ્યાઓના શબ્દોમાંથી ભોગની આસપાસ પ્રકાશે છે, અને સુનેરી હાથવાલો સારા કામોનો બજાવનાર બેહેશત તરફ જાય છે. સુરજની શાથે વરસાદના મોકલનારને ઘણોજ અતલગનો સંબંધ છે; ઓ સ્વર્ગની ચલકતી આંખ અથવા સુરજ અમો તારી મદદ માંગીએ છીએ. અવસ્તામાં સુરજને હોરમઝદની અને આકાશની આંખ તરીકે ગણવામાં આવ્યો છે. સુનેરી રંગવાલો, દુર સુધી જોનારો, વરસાદનો મોકલાવનાર અથવા ઇદ્રનો ઘોડો સુરજના પ્રકાશને લીધે તેની અદેખાઈ કરે છે. સૂર્ય સહવારના કીરણોને પોતાના કીરણો સાથે ભેલી નાંખે છે; મીત્ર અને વરૂન જેઓ સ્વચ્છ રોશનીના હાકેમો છે તેઓ પાસેથી પુંજારી ખોરાક અને મદદ મેલવે છે. સૂર્યની રોશણી આકાશના ઉંચાણોમાંથી દુન્યાના ઊંડાણમાં જાએ છે, ઇદ્ર સુરજ, આતશ અને પવનોનાં આકારમાં બદલાય છે; એક મોહોટો ધર્મ-ગુરૂ પોતાના ખાનદાનને સુરજનાં જેવું ચલકાટવાંલુ ગણે છે. અસ્વીની એક ઘોડાની માફક ઝહડપવાલી અને કીરણોની માતા છે; તેણી કે જે સુરજની છોકરી છે તે માણસને રેહેઠાણ પણ આપે છે. સુરજના કીરણો હથીઆરબંધ માણસોની માફક હવાવાલા મુલકો તરફ જાય છે. સહવારના કીરણો સુરજને માન આપે છે, અને તે કીરણોથીજ આતશ સલગાવવામાં આવે છે; સહવારની રથ અસ્વીનીના છોકરાઓ જોડે છે; સૂર્ય ઘણો જોરાવર છે અને તે પોતાના કીરણોના જોરથી અસુર અથવા મરકીનો નાશ કરે છે; તે દેવતાઓને શીખવનાર છે, અને તેહેનો ચલકાટ બોહોલો અને નહીં નાશ પામે એવો છે. સામ-વેદમાં નીચલા બોલો સૂર્યને માટે વપડાયલા મલે છે (૧) મીત્ર (૨) વરૂન (૩) પુશા (૪) આદીત્ય અને (૫) સૂર્ય.

હીંદુઓની સુરજની દંતકથા વીશેનું સેવટ.

વેદીક ધર્મમાં સુરજને કેટલીએકવાર આતશ સાથે સરખાવવામાં આવ્યો છે. રેવરંડ જે. મરે. મીચલ નામનો વીદ્વાન પોતાની ઝંદ અવસ્તાની ચોપડીમાં લખે છે કે પેહેલવેહેલાં જ્યારે ઇરાની કુટુંબની શાખાઓ પશ્ચીમ તરફ ગઇ, ત્યારે ઇરાનીઓ અને હીંદુઓ ઘણું કરીને થોડો વખત સાથે રહ્યા, અને તેથી એ બેઉ પ્રજાઓની ધરમની બાબદો ઘણી ખરી મલતી આવે છે. વેદમાં જેમ સુરજને સાત ઘોડાની ચલકતી ગાડીમાં જોવામાં આવે છે, તેમજ મીથ્રને પણ અવસ્તામાં ચાર ઘોડાની ગાડીમાં જોવામાં આવે છે.

સૂર્યદેવતાના ઘણા સાધારણ નામો નીચે પ્રમાણે છે:—

(૧.) દીવા-કરઅ=દહાડાનો બનાવનાર.
(૨.) ભાસકરઅ=રોશણીનો બનાવનાર.
(૩.) વીવસવત=ચલકતો.
(૪.) મીહીર કે જે દુન્યા ઉપર વરસાદ લાવે છે, અથવા દરીઆઓમાંથી ભીનાસ ઉપર લે છે કે જેથી વાદલાંઓ થાય છે.
(૫.) ગ્રહાપતી=સેતારાઓનો હાકમ.
(૬.) કરમ સાક્શી=(માણસોના) કામોનો શાખ્શી.
(૭.) મારતન્દ=મ્રીતન્દથી ઊતરી આવેલો.

દરેક દુન્યાની પ્રજાઓમાં સુરજ અને ચંદ્ર ગ્રહણ શોધવાની અને તેની આગાહી કરવાની જીજ્ઞાસા હતી. રીગ-વેદના કવીઓના વડવાઓએ સહવારના ઝલકાટને 'અરૂસ્ત્ર'નું નામ આપ્યું હતું, અને 'આદીતી' તે દૂષ્ટીમર્યાદાની પેલીમેરની જગા હતી, અને સુરજને બતલાવવા સારૂ આકાશમાં તેઓએ ઘોડા અથવા અશ્વને મુક્યો હતો. ઇજીપ્શીઅનો અને ચાલદીઅનોએ સુરજના તફાવત ઉપરથી જ્યોતીશ-શાસ્ત્ર ઉભું કીધું હતું. ઇજીપ્શીઅનોએ માણસના શરીરનું એક સરખાપણું જોઇને સુરજને ('રા'ને) કપાલનો હાકમ બનાવ્યો હતો. 'કારદાન' નામના વીદવાને આગાહી કરી છે કે ખ્રીસ્તી ધર્મ ઘણો વખત સુધી ચાલશે, કારણકે તે જ્યુપીતર અને સુરજના જોડાણમાં જન્મ પામ્યો છે. દરેક પ્રજાના લખાણોમાં સુરજને માટે આપણને કાંઇને કાંઇ મલે છે. ચાલ્દીઅનો, ઇજીપ્શીઅનો, ચીનાઓ, હીંદુઓ, ગોલ્સો અને પીરૂવીઅનો ખગોળ વીદ્યાને માટે કાંઇને કાંઇ વીચાર ધરાવતા હતા. ચીનાઓ ૩૮૫૮ વરસ ઉપર સુરજને માટે અવલોકન કરતા હતા. 'બ્રીહાદારનયાક' ચોપડીમાં એવું લખાયલું છે કે રીશીએ આખી 'સફેદ-યાનીર-વેદ' સુરજમાંથી મેલવી હતી. 'સૂર્ય-સીધાન્તઅ' નામની સંસ્કૃત ચોપડીમાં ગ્રહોની ચાલ તથા સુરજની ગતીને વીશે લખાણ આવે છે. 'લેફ્તેનન્ટ કર્નલ તોડ' પોતાની પશ્ચીમ હીંદુસ્તાનની ચોપડીમાં સૂર્યના દેહડાઓને માટે નીચલો એહવાલ આપે છે. ગુજરાતમાં આવેલા 'સુદરપર' શેહેરમાં સૂર્યનું દેહેડું આવેલું છે કે જે દેહેડામાં સૂર્યની એક આકૃતી મુકેલી છે. એ સૂર્યના દેહડાની પાસે એક ઝહરો અથવા કુંડ છે કે જેની

ઉપર એક લેખ મારવામાં આવ્યો છે. એ લેખ ઉપરથી માલમ પડે છે કે એ દેહેડું ૪૦૦ વરસ ઉપર સમારવામાં આવ્યું હતું.

સૂર્યનું બીજું દેહેડું પાંટણ-સોમનાથની નજદીક હીરણ્ય નદી ઉપર આવેલું છે. એ દેહેડાંનો સદંતર નાશ 'અબીસાહ' નામના મુસલમાન સૈયદે કીધો હતો. એનું શીખર ઉપરથી નીચે પડેલું છે, તથા દેવાલના કટકાઓ જ્યાં ત્યાં પડેલાં છે. એ દેહેડું ઘણુજ મજબુત હતું તથા પુશકલ સીંગારવાલું હતું. તેના દરવાજા 'જાસ્પર' પથરના અથવા કદાચ સંગેમરમરના પણ હોય. એ દેહેડાંની વચમાં એક ગુંબજ છે કે જેની નીચે થાંભલાઓ છે. ગુંબજની પેલીગમ એક દેવડી અથવા ઓટલો છે કે જ્યાંથી દેહેડામાં જવાય છે, અને જ્યાં ભરવાડોએ એક રાતા રંગનું ધાબું કર્યું છે કે જે હાલ સૂર્ય-દેવતાની નીશાની તરીકે છે. મહમુદ ગઝનીથી થયલા નુકશાનને લીધે નેહેરવાલાના રાજાએ એ દેહેડું સમાર્યું હતું, અને ત્યારપછી કોઇએ એ દેહેડાંને સમાર્યું નથી. દેહેડાંની ઉત્તરે સૂર્ય-કુંડ છે કે જેના પાણીઓથી બદન અને મગજના દરદો સાફ થાય છે. એ દેહેડાંના પુંજારીઓનું પોશણ જાત્રાલુઓની ભેટોથી થતું હતું.

પશ્ચિમ હીંદુસ્તાનના 'બીરગૌગ' શેહેરથી થોડેક દુર 'માહાલોર'ના જંગલમાં એક સૂર્યનું-દેહડું 'લેફતેનન્ત કર્નલ જેમ્સ તોડે' શોધી કહાઢયું હતું કે જે દેહેડું 'બાલપુર-સીવ' અથવા બાલ શેહેરના સીવને અર્પણ થયલું હતું. એ દેહેડાંની આગલી બાજુ ઉપર એક વહાણ અને પીતલનો ગોધો હતો. ઇજીપ્શીઅનો બાલ (સૂર્ય-દેવતા) અને પીતલના વાછરડાની પુંજા, મહીનાની પંદરમી તારીખે કરતા હતા. અને તેજ પુંજા હીંદુઓ પણ મહીનાની પંદરમીએ કરતા હતા. ઇજીપ્શીઅનોનો બાલ અને પીતલનો વાછરડો તે હીંદુઓનો બાલેશ્વર અને નંદ (ગોધો) છે. 'બાલપુર' શેહેર સીરીઆના 'બાલબેક' અથવા 'હેલીઓ પોલીસ' શેહેરને મલતું આવે છે. અસલના વખતમાં દુન્યાના સઘલા લોકો સૂર્યની પુંજા કરતા હતા, અને તેની નીશાની ગોધો છે કે જે પુશકળતા તથા આબાદાની બતાવે છે.

પશ્ચીમ હીંદુસ્તાનના 'શઉરાશત્ર'ના મુલકમાં સૌથી અસલી જાત 'બાલા'ની હતી, કે જે જાતને બલ્ક અથવા યુનાનીઓના બેકત્રીઆ સાથે સંબંધ હશે. એ જાત ઘણુંખરૂં સુરજનીજ પ્રાર્થના કરે છે અને સઉરાશત્ર દેશમાં સૂર્યના દેહેડાંઓ પુશકલ મલી આવે છે. બરોડામાં સૂર્ય-નારાયણનું દેહેડું હતું કે જેને ૧૮૩૯ના વરસમાં ગાયકવાડના વજીરે બંધાવ્યું હતું. બનારસમાં પણ સુરજનું દેહેડું હતું. હીંદુસ્થાનના 'સાનથલ' લોકો સુરજની પ્રાર્થના કરે છે, અને સુરજને 'ચંદા' અથવા પ્રકાશીત કહે છે. હીંદુઓની 'પુરાણા' નામની ચોપડીમાં એવી રીતનું લખાણુ આવેલું છે કે અયોધ્યામાં સુરજની ઉપરથી ઉતરી આવેલી રજપુત જાતો રહેતી હતી, કે જે જાતોના ૯૫ નામો આપવામાં આવ્યાં છે. સૂર્યને ઘણા નામોથી રીગવેદમાં ઓલખવામાં આવ્યો છે, કારણકે તેના કામો જુદા જુદા છે. જ્યારે સુરજ દેખાતો નથી, ત્યારે તેને સાવીત્રી કહે છે; અને જ્યારે જણાય છે, ત્યારે તેને સૂર્ય કહેવામાં આવે છે. વેદના સૌથી પવીત્ર કલામો અથવા

ગાયાત્રી દરેક પવીત્ર બ્રાહમનને સુરજની તરફ ફરીને ભણુવાની ફરજ છે, અને તે ટુંકી કવીતા નીચે પ્રમાણે છે:—

Let us meditate on that excellent glory of the divine Vivifier.
May he enlighten (or stimulate) our understandings.

રીગ-વેદમાંની કેટલીએક લીટીઓનો ઇંગ્રેજી તરજુમો કવીતામાં 'ઇનીઅન વીસ્દમ' નામની ચોપડીના ૧૯ મા પાનામાં નીચે પ્રમાણે જોવામાં આવે છે:—

Behold the rays of dawn like heralds lead on high,
The sun that men may see the great all-knowing God,
The stars slink off like thieves, in company with night,
Before the all-seeing eye, whose beams reveal his presence,
With speed beyond the ken of mortals, thou, O Sun!
Dost travel on, conspicuous to all.
Thou dost create the light, and with it dust illume,
The universe entire, thou risest in the sight,
Of all the race of men, and all the host of heaven,
Light-giving Varuna! thy piercing glance dost scan,
In quick succession, all this stirring active world,
And penetrateth too, the broad ethereal space,
Measuring our days and nights, and spying out all creatures.
Surya with flaming locks, clear-sighted god of day,
Thy seven ruddy mares bear on thy rushing car.
With these thy self-yoked steeds, seven daughters of the chariot,
Onward thou dost advance. To thy refulgent orb,
Beyond this lower gloom, and upward to the eighth,
Would we ascend, O Sun! thou god among the gods.

ઇજીપ્શીઅનોની સુરજ વીશે દંતકથા.

ઇજીપ્ટના ધર્મગુરૂઓએ જુના ૩૬૦ દહાડાના વરસને પાંચ દહાડા ઉમેરીયા હતા, અને સીરીઅસના ઉગવાથી વરસની શરૂઆત ગણતા હતા; ઇજીપ્શીઅન વરસ સુરજના વરસની ગણત્રી પ્રમાણે ચાલતું હતું.

ગ્રીકોના લખાણો ઉપરથી માલમ પડે છે કે 'હીફીસતસ' સૂર્ય-દેવતાનો બાપ થતો હતો, અને એ ઉપરથી માલમ પડે છે કે ઇજીપ્શીઅનો જે 'પ્રાહ'ની પુંજા કરતા હતા તે આતશ તરીકે નહી, પણ ગરમી અને રોશનીના દેવતા તરીકે કરતા હતા, અને તેઓ તે 'હીફીસતસ'ને રોશણીની શરૂઆત અને મૂળ તરીકે ગણતા હતા. 'પ્રાહ' નામના દેવતાએ દેવતાઓની ઊપર ૯,૦૦૦ વરસ સુધી રાજ કર્યું, અને પ્રતાહ સાચાનો રાજા, સાચાનો બાપ, આસમાનનો રાજકર્ત્તા અને બેઊ દુનીઆઓનો રાજકર્ત્તા છે; જેમ રોશણી સઘલું ખરેખર બતાવે છે, તેમ એ રોશણીનો દેવતા આકાશમાં રાજ ચલાવે છે. લેખોમાં જણાવવામાં આવ્યું છે કે 'પ્રાહ' સુરજ અને ચંદ્રનું ઇંડું ચલાવે છે અથવા સુરજ, ચંદ્ર અને સેતારાઓનો ચલાવનાર છે.

સુરજને અર્પણ થયલું શેહેર ઓન (અથવા હેલીઓપોલીસ) મેમફીસ-ની હેઠે આવેલું છે. સૂર્ય-દેવતા અથવા 'રા' એક મોહોટો દેવતો હતો, અને 'મેનીથો' નામના ગ્રંથકારની ટીપમાં 'રા' દેવતો 'પ્રતાહ'ની પછી આવેછે. 'પ્લુતારક' લખે છે કે ઇજીપ્શીઅનો સુરજને ફાયદા કારક શકતીનું શરીર ગણતા હતા અને સહવારના સુરજને એક તરતના જનમેલા બાલક સાથે સરખાવતા હતા, કે જે બાલક કમલ ફુલ ઉપર બેઠેલું હતું, અને સવાર, બપોર અને સાંહાજના 'હેલીઓસ' અથવા સુરજને તેઓ લોબાન ભેટ આપતા હતા. ઇજીપ્ટના અસલી રેહેવાસીઓ શીઆલાના સુરજને નાહના છોકરા સાથે સરખાવતા હતા, વસંતરૂતુના સુરજને એક જુવાન શખશ સાથે, ઉનાલાના સુરજને એક દહાડીવાલા માણસ સાથે અને પાનખરરૂતુના સુરજને એક બુઢા શખશ સાથે સરખાવતા હતા. એ ઉપરથી જણાય છે કે તેઓ સુરજના વરસની ગતી અને દહાડાની ગતીને માણસની જીંદગી સાથે સરખાવતા હતા. શીલા લેખોમાં 'રા' નીચે પ્રમાણે ઓલખવામાં આવ્યો છે; તે આસમાનના ઊંડાણમાંથી બહાર માલમ પડે છે, સુરજની તક્તીમાં રાજ ચલાવે છે, પોતાનું ઇંડું હલાવે છે, દરરોજ નવો જનમ લે છે અને સઘલા આસમાનો ઉપરનું જેબી છે તે તેણે બનાવ્યું છે. રામે-સીદોની ઘોરમાં સુરજની ચાલને દહાડા અને રાતના કલાકો સાથે સરખાવ-વામાં આવે છે. 'રા' કેવી રીતે દુન્યાની આસપાસ ફરે છે તે એ પ્રમાણે જણાવ્યું છે કે આસમાની પંથરાયલી આકાશની સપાટી ઉપર સુરજની હોડી જણાય છે, કારણકે ઇજીપ્શીઅનો સુરજને એક બોટમાં મુસાફરી કરતો હોય એમ સમજતા હતા કે જેવી રીતે તેઓ નાઇલ નદીમાં મુસાફરી કરતા હતા; તે હોડીમાં 'રા' છે કે જે સહવારના પોહોરમાં એક છોકરાની માફક પોતીકા માહોઢાંમાં આંગલી રાખે છે: જેમ દહાડો વધે છે, તેમ તે છોકરૂં કદમાં વધે છે. અને દરેક કલાકે દેવતાઓ કે જેઓ તે હોડીને ચલાવે છે તેઓ બદલાય છે; બપોરના બુરો સાંપ 'અપેપ' (પ્લુતા-રકનો 'એપોપીસ') જે અંધારૂ છે તે સુરજને ગલી જવાને યત્ન કરે છે; એ સાંપને દહાડામાં 'હોરસ' માણસના માથામાંથી ખેંચી કહાઢે છે કે જેથી તેઓ દીવસના કામ કરે. બાર દેવતાઓ તે સાંપને દોરડાંથી બાજુએ ખેંચે છે કે જેથી સુરજ સાંપના મોહઢામાં ગલાતો નથી. રાત્રે સુરજ-દેવતા હોડીમાં પોતાના પડમાં ભરાઇ બેસે છે, અને દરેક કલાકે બદલાતા દેવતાઓ તેને નીચેની દુન્યામાંથી પૂર્વ તરફ લાવે છે અને સહવારના પાછો પ્રકાશે છે. એ દેવતાઓ અને અવસ્તાના હઝારો મીનો ઇઝદો જેઓ રોશણીને ટેકો આપે છે તેઓને ઘણોજ સંબંધ છે. ઇજીપ્શીઅનો સુરજને હોડી સાથે સરખાવે છે તેનું કારણ એ છે કે અસલના વખતમાં તેઓનો મુખ્ય ધંધો હોડી ચલાવાનો હતો. શીલા લેખોમાં એવું કોતરેલું છે કે રાતના હોડી ચલાવામાં ૭૪ કલામો વપડાયલા છે. 'એદફુ'ના કોતર-કામોમાં એવું લખ્યું છે કે સૂર્ય-દેવતો દહાડાના બાર કલાકમાં પેહેલાં છોકરામાં પછી જુવાનમાં પછી માણસમાં અને છેલ્લાં લાકડીપર ટેકતા બુઢા શખશમાં બદલાઇ જાએ છે; આએ બુઢો શખશ પાછો બીજે દહાડે છોકરો થાય છે. અવસ્તા અને હીંદુઓના વેદમાં સુરજ ઘોડાની રથમાં ફરે છે જ્યારે ઇજીપ-

શીઅનોના વીચાર પ્રમાણે તે દેવતો હોડીમાં મુસાફરી કરે છે. ઇજીપ્શીઅનોનો 'રા' દેવતો (સૂર્ય) હીંદુઓના 'રવી' ની સાથે તદનજ મલતો આવે છે: રવીવાર અથવા આદીતવાર (Sun-day) સૂર્યને અર્પણ થયલો દહાડો છે. અવસ્તામાં કદીપણ સુરજને માણસની પંકતી ઉપર ઊતારેલો આપણે જોતા નથી, પણ વેદ અને ઇજીપ્શીઅનોમાં આપણે તેમ જોઇએ છીએ. પુતલાંઓમાં 'રા' રાતો પાડવામાં આવ્યો છે, અને તેના માથા ઉપર સુરજની તકતી છે, એક હાથમાં રાજદંડ છે, અને બીજા હાથમાં જીંદગીની લાકડી છે; તેના પસંદ કીધેલાં પ્રાણીઓ બીલાડી, કપીલા રંગનો ગોધો અને સકરો છે. વારંવાર તે માણસના માથાને બદલે સકરાના માથા સાથે લેખોમાં મલી આવે છે, અથવા તો તે એક સકરાની માફક જણાય છે જે સુરજની તકતી લઇ જાય છે. સઘલા મઠોના દરવાજાઓ ઉપર સુરજની તકતીને બે પાંખો પકડતી હોએ એમ પાડેલી છે. ઇજીપ્ટના રાજાઓ સૂર્ય-દેવતા પાસેથી જોર અને શકતી મેલવતા હતા, અને પોતાને 'રા' ના છોકરાઓ તરીકે લેખતા હતા. જેમ 'રા' દુન્યા ઉપર રાજ કરે છે તેમ રાજાઓ ઇજીપ્ટ ઉપર રાજ કરતા હતા. 'રા' અથવા સુરજ ઇશ્વરની ફેલાવો કરનારી અને જીંદગી સંભાળનારી શકતી હતી. જ્યારે સુરજ ઉગતો હતો ત્યારે કમલ ફુલવાલું છોકરૂં હોડીમાંથી ઉઠીને પોતાના કીરણો દુન્યામાં નાખતું હતું; વલી તખ્તીઓ ઉપર સુરજનું ચક્ર 'આરતેમીસ' નામની દેવીના માથા ઉપર છે, અને માણસના માથાને બદલે બીલાડીનું માથું પાડવામાં આવ્યું છે. 'હેલીઓ પોલીસ' શેહેરમાં 'રા' ની સબી બીલાડાના જેવી પાડી છે. 'પોસ્ત' ના લેખ પ્રમાણે 'આરતેમીસ' 'રા' ની છોકરી છે. 'રા' ને પોતાની છોકરી અથવા પવીત્ર બીલાડીની મદદે બોલાવવામાં આવતો હતો, કારણ કે બીલાડી સાંપથી બીતી હતી કે જે સુરજના રસ્તા-માં વચ્ચે આવતો હતો. ઇજીપ્શીઅનોની દંતકથા પ્રમાણે 'આતુમ' અથવા 'તુમ' આથમતા સુરજનું નામ હતું અને 'મેન્તુ' ઉગતા અથવા પૂર્વના સુરજનું નામ હતું. 'તુમ' એ તાજો પેહેરે છે, પીછાં બાંધે છે અને જ્યારે પીછાં નહી હોય ત્યારે બે શેહેનશાહી સાંપોને પોતાના માથાની આસપાસ બાંધે છે. 'પ્લુતારક'ના કેહેવા પ્રમાણે ઇજીપ્શીઅનો સુરજને બીનાસમાંથી ઉગેલો સહમજતા હતા, અને પાણીથી તે ઉધરતો હતો, અને તેથી પાણી વસ્તુઓનું શરૂઆત અને મૂલ હતું, અને શીલા લેખો ઉપરથી પણ એવુંજ માલમ પડે છે. સુરજની નીશાની કલાકો બતલાવનારૂ હથીઆર છે. જેમ અસલના ઇરાનીઓ 'સ્પેન્તમેનીઉશ'ને દહાડાનો બનાવનાર અને 'અંઘરમેનીઊશ' ને રાતનો બનાવનાર તરીકે ગણતા હતા તેજ પ્રમાણે ઇજીપ્શીઅનો જુદા જુદા દેવતાઓને રાત અને દહાડાના પેદા કરનાર તરીકે ગણતા હતા. નુકશાનકારક અને ફાયદાકારક શકતીઓની હમેશા મારામારી થતી હતી કે જેમાં ફાયદાકારક શકતી જીત મેલવતી હતી. રાતમાંથી દાહાડો નીકલતો હતો અને જેમ મોત જીંદગીને ગલી જતું હતું તેમ રાત દહાડાને ગલી જતી હતી. અસલના મીસરીઓ સુરજને ફાયદાકારક, બનાવનાર, અને જીંદગીના દેવતા તરીકે ગણતા હતા. સુરજ એ એક મુખ્ય દેવતો હતો જે 'મેનીથો' ની ટીપ પ્રમાણે 'શુ' દેવતાની સાથે 'પ્થાહ' (જ્યુ પીતર) પછી

રાજ કરી ગયો હતો. વરસના ૩૬૦ દહાડા એ ત્રણે દેવતાઓને અર્પણ થયલા હતા અને બાકીના પાંચ દહાડા નીચલા પાંચ દેવતાઓને અર્પણ થયલા હતા જેવાકે 'ઓસીરીસ,' 'હોરસ,' 'તાઇફોન,' 'આઇસીસ' અને 'તેફ્થીસ' કે જે નાહના દેવતાઓ પીરામીડોના વખતમાં ઉત્પન્ન થયા હતા. 'રા' દેવતાએ 'ઓસીરીસ' ને સુંદર રોશણી આપી હતી કે જે રોશણી તેની આંખમાં ચલકતી હતી. 'હોરસ' પણ રોશણીનો દેવતા છે કે જે અંધારૂ, શીઆલો અને તંગી દુર કરે છે. જ્યારે સઘલા આદમીઓ સુરજને જોય છે ત્યારે ખુશી થાય છે; સુરજ ઇજીપ્ટના રાજાઓને જીંદગી અને ફતેહ આપતો હતો, અને તેજ પ્રમાણે એસીરીઅન રાજાઓ પણ સુરજ પાસેથી ફતેહ અને મદદ મેલવતા હતા. યુનાનીઓ ઇજીપ્શીઅન 'રા'ને હેલીઓસ કહેતા હતા અને 'હોરસ'ને 'એપોલો' કહેતા હતા. 'હોરસ'ની પુંજાની મોહોટી બેઠક 'એલેપો'ના બે મોહટા અને નાહના શેહરો. (એદફુ અને કુસ) અને ઓમબુસ હતાં. 'હોરસ'ને કદાચ અવસ્તાના 'હવરે' બોલ સાથે સરખાવાએ કે જેનો અર્થ પણ સુરજ છે. અવસ્તાનો સુરજ ઘોડા ઉપર સ્વારી કરે છે અને ઇજીપ્શીઅનોનો સુરજ હોડીમાં જાય છે; તે ઉપરથી એમ સમજવું કે ઇજીપ્શીઅનો જેઓ નાઇલ નદીની આસપાસ પોતાની બોટો ચલાવતા હતા તેઓએ સુરજને હોડીમાં જતો વીચારયો હોય, જ્યારે ઇરાનીઓના મુલકમાં કોઇપણ મોહોટી નદી નાઇલ જેવી નહી હોવાથી, તથા ઇરાનીઓનો લડાયક ટોલો મેદાનમાં ઘોડા ઉપર લડાઇ કરવાને ઘણો ખાહેશમંદ હોવાથી કુદરતી રીતેજ અવસ્તામાં 'અઉરવત-અસ્પ' અથવા 'તેજ ઘોડાવાલો' બોલ વપરાયલો છે. 'હોરસ' 'ઓસીરીસ'નો છોકરો હતો, કે જેણે પોતાના બાપનો કીનો લીધો હતો; તે કમલફુલ ઉપર હોઠમાં આંગલી લઇને બેઠેલો છે. 'હોરસ' બોલને વલી કેટલાએક વીદ્વાનો યુનાનીઓના 'હારપોક્રેતીસ', અથવા 'હારપેચરૂતી' સાથે અને ઇજીપ્શીઅનોના 'હરપાને' છોકરાં સાથે સરખાવે છે. તે છોકરૂં 'બુતો'માં ઉછરે છે અને એક ખુબસુરત જવાન બને છે. અને તે વલી મોહોટો મદદગાર અને દુન્યાનો થાંભલો છે. 'હોરસ' શકરાનો અવતાર લઇને સાંપ અથવા અંધારાની સાહામણે લડાઇ કરે છે, અને બેશરમપણુ અને ગુનાહનો નાશ કરે છે. હોરસને કેટલાએકો 'ચેમ' અને 'રા' સાથે સરખાવે છે, પણ 'હોરસ' તો જુવાન રોશણીના દેવતા તરીકે મશહુર છે. ઇજીપ્શીઅનો શકરાઓ અને બીલાડીઓને ખાવાનું આપતા હતા, કારણકે તેઓ સુર્યના પવીત્ર પ્રાણીઓ હતા, અને તેઓ એટલેવેર સુરજને માન આપતા હતા કે જ્યારે બીલાડીને કોઇ મારી નાખતું તો તે મારી નાખનારને ઇજીપ્શીઅનો એકદમ ગરદન મારતા હતા. અને જો તે મારી નાખનાર નાસી જતો હતો તો સઘળા લોકો તેની પુઠે જાઇને તેને ઘણીજ ઘાતકી રીતે મારી નાખતા હતા. 'હેલીઓપોલીસ' શેહેરમાં સુરજની ભક્તી લોકો ઘણીજ કરતા હતા, અને તેથીજ એનું નામ પડયું છે; 'હેલીઓસ'=સુરજ અને પોલીસ=શેહેર અથવા સુરજનું શેહેર છે. 'હોરેપોલો' નામનો લખનાર કહે છે કે ફીનીક્સ નામનું પક્ષી સુરજની નીશાની છે, અને તે પક્ષી ૫૦૦ વરસપછી અરેબીઆથી 'હેલીઓપોલીસ' માં આવતું હતું. પેહેલા 'સીસુરતીસન' (૨૩૭૧-૨૩૨૫ B. C.) નામના રાજાએ સુર્ય-દેવતા હોરસના માનમાં 'નીચલા-ઇજીપ્ટ', 'ફ્રાયમ'

અને 'હેલીઓપોલીસ'માં થાંભાઓ ઊભા કીધા હતા. 'હેલીઓપોલીસ' શેહેરનો થાંભો ૬૦ ફીટ ઊંચો છે, અને 'માતારીહે'ના ગામડાની નજદીક ખંડીએર હજુર સુધી પડેલો છે. બીજા રામસીસની બીજી દરબારમાં એવું જણાયલું છે કે બીજા રામસીસે પોતાને હાથે આએ રહેઠાણ 'રા' અથવા સુરજના માનમાં બાંધ્યું હતું. ન્યુબીઆ દેશમાં 'અબુસીમબેલ'ના ગામમાં ખડકની બનેલી ઊંચી દેવાલોમાંથી દેહેડાંઓ કાપી કાહાડયાં છે, કે જે દેહડાઓમાંનું એક મોહોટું દેહડું બીજા રામસીસે 'રા'ને અર્પણ કર્યું હતું, અને 'દરેસબુઆ' શેહેરમાં પણ તેણે 'રા'ને એક દેહેડું અર્પણ કર્યું હતું. પાંચમાં રામસીસની ઘોરની દીવાલો ઉપર સૂર્ય-દેવતાને હોડામાં જતો પાડયો છે. 'થીબ્સ'ના વીચાર પ્રમાણે 'રા'ને બદલે બે સૂર્ય-દેવતાઓ 'તુમ' અને 'મેન્તુ' હતા. ઇજીપ્શીઅનોનો ધર્મ ઘણું કરીને સુરજ અને રોશણીની બંદગીનો હતો, અને તેથી તેઓ માણસની જીંદગીના ફેરફારો સેતારા, સુરજ અને ચંદ્રમાં થતા હોય એમ માનતા હતા; તેઓ સુરજ અને ચંદ્રગ્રહણની ચાલાકીથી આગાહી આપતા હતા, અને તારા અને સુરજની ગણત્રી કરવામાં ઘણા હુશીઆર હતા. હોરસને વરસનો છેલ્લો મહીનો, અને મહીનાનો બીજો દહાડો અર્પણ થયલો હતો. જો કે 'રા' એક મોહોટા દેવતા તરીકે જણાયલો છે, પણ તે ઘણુંખરૂં પાછલા વખતનું છે. ૧૮મી વંશના એક રાજાએ સુરજની ભકતી શીવાય બધી પુજાઓ કહાઢી નાખવાનો યત્ન કર્યો હતો.

મેમફાઇતના લીસ્ટ પ્રમાણે 'રા' સાત દેવતાઓમાંનો બીજો છે, જ્યારે થીબનની ટીપ પ્રમાણે 'રા' દેવતાને બદલે 'મેન્તુ' અને 'આતમુ' આવે છે. દરેક દેવતાઓને 'રા' સાથે સરખાવવામાં આવતા હતા કે જે એક દેવતાનો ઘણો ખરો કબુલાયલો આકાર હતો. ઇજીપ્શીઅનો પોતે આએ બધા દેવતાએને 'રા'માંથી ઉત્પન્ન થયલા સહમજે છે. 'રા,' 'મેન્તુ' અથવા 'આતમુ'નો છોકરો 'શુ' છે કે જે સુરજની રોશણી છે, અને તેની બાયડી 'તેફનેત' 'રા'ની છોકરી છે.

વલી 'રા' બીજા દેવતાઓની સાથે જોડાઇ જાય છે, જેમકે 'એમન,' 'તુમ,' અને 'સેબેક'ની સાથે જોડાવાથી 'એમન-રા,' 'તુમ-રા' અને 'સેબેક-રા' બને છે. દરેક રાજા પોતાને 'રા'ના છોકરા 'રા' તરીકે જણાવતો હતો. 'રા'ને (હીંદુઓથી ઉલટું) કોઇપણ બાયડી સાથે જોડવામાં આવ્યો નથી, તોપણ કોઇજવાર તેનું વર્ણન 'ઓરતરા' દેવી સાથે આવેછે. તે હમેશાં બુરા ઊપર ફત્તેહ મેલવે છે, અને માણસોને બચાવે છે, જો કે તે દુન્યા ઉપર રહેતો નથી. 'હેલીઓપોલીસ' શેહેરમાં બે જનાવરો 'રા'ને અર્પણ કરવામાં આવ્યાં હતાં, પેહેલું કાલો ગોધો 'મ્નેવીસ' અને બીજું ફીનીકસ (બેનુ). વખણાયલા ફેરોહના કપતાનનું નામ 'પોતીફાર,' 'પેતફ્રા' અથવા 'પુતીફ્રા' હતું જેનો અર્થ 'રાએ આપેલુ" થાય છે.

ઇજીપ્શીઅનોનો એક મુખ્ય દેવતો 'એમન,' 'એમેન' અથવા 'આમુન' છે જેને યુનાનીઓ 'ઝીઉસ' અથવા 'જ્યુપીતર' સાથે સરખાવે છે; તેનો આકાર એક રાતા તાજવાલો શખશ છે, જે તાજની આસપાસ સુરજની તકતી છે, કે જેથી તેનો સુરજનો ખવાસ છે એવું જણાય છે;

તેના ખેલકાબ્ઓ નીચલા પાંચ છે (૧) આકાશનો હાકમ (૨) દેવતાઓનો હાકમ (૩) દુન્યાઓનું મુલતત્વ (૪) દુન્યાના તાજો ઉપર રહેનાર અને (પાંચમું) હમેશનો રાજ કરનાર છે; તે આએ દુન્યા તેમજ પેલી દુન્યા ઉપર મુવકેલ છે, અને એકવાર તેને ખુદ સુરજના રૂપ સાથે સરખાવવાની કોશેશો થઇ હતી. તેને 'રા' સાથે જોડવામાં આવ્યો હતો, અને તેથી 'એમન-રા' અથવા 'એમન-હરમાકીસ'નો અર્થ કેટલાક વીદ્વાનો દ્રષ્ટિમર્યાદા ઊપરનો સુરજ કરતા હતા. તેની પુંજા 'થીબ્સ,' 'મીરો,' 'સીઊહ,' 'બેતુઅલી,' 'ફીલી,' 'દેબુદ' વગેરે ઠેકાણે થતી હતી. તે સુરજના જન્મની વખતે મદદે આવે છે, અને જ્યારે રાતના સુરજ 'એપોફીસ' સાંપ સાથે લડે છે ત્યારે તેને મદદ કરે છે. તેનો 'છોકરો' 'ખોતસુ' અથવા 'ચોન્સ' છે, અને લેખોમાં તેને ઊંચા પીછાં સાથે ચીતારવામાં આવ્યો છે; તેની બે આંખ 'આઉસીસ' અને 'નેફથીસ' છે. તેના પુતલાંઓ 'એલહમણામાત'ની ખીણમાં અને 'વાદીહાલફા'માં હતા. 'મેદીનાત હાબુ' શેહેરમાં તેના માનમાં એક મેલો ભરાતો હતો, કે જેમાં ૨૦ ધર્મગુરૂઓ તેના પુતલાંને લઇ જતા હતા અને તેઓની આગલ ત્રીજો 'રામસીસ' તરતનું ઉગેલું અનાજ કાપતો હતો, અને એક નર મેંઢાનો તેને ભોગ આપવામાં આવતો હતો. હીરોદોતસ કહે છે કે ઇજીપ્શીઅનોના છ મોહોટા તેહેવારોમાં સુરજ અથવા 'રા'નો તેહેવાર ચોથો હતો, કે જેની પુંજા 'ઓન' અથવા 'હેલીઓપોલીસ' શેહેરમાં થતી હતી.

બેબીલોનના અસલી રહેવાસીઓ.

તેઓનો સુરજને વાસ્તે નીચલો વીચાર જણાયલો છે. પેહેલાં સઘલે અંધારૂં અને પાણી હતા. એક ખોમાં ભયંકાર જનાવરો, બે તથા ચાર પાંખવાલા અને બે મોહોઢાંના માણસો તથા ઓરતો, સાંપો, માછલીઓ અને તરેહવાર ઘોડાઓ તથા કુતરાના માથા સાથના માણસો રહેતા હતા; એ સઘલાંઓની ઉપર 'ઉમરકા' નામની ઓરત રાજ કરતી હતી. ત્યારપછી 'બેલ' દેવતાએ અંધારૂં તોડયું, અને તે ઓરતના બે ભાગ કીધા, એક ભાગમાંથી દુન્યા બનાવી, અને બીજામાંથી સુરજ, ચંદ્ર અને ગ્રહો બનાવ્યા, અને પાણીને કહાઢીને દુન્યામાં રેડયું; પણ આએ સઘલા જનાવરો સુરજની રોશણી નહીં ખમવાથી મરી ગયાં. પછી 'બેલ' દેવતાએ પોતાનું માથું કાપી નાખીને લોહીમાંથી દુન્યાને નવેસરથી પેદા કીધી, અને પછી 'ઓન' નામની એક બે માથાવાલી માછલીએ સઘલા જનાવરોને બધી વીદ્યાઓ શીખવી. પેહેલા રાજા 'અજીરસ'થી તે કસીતરૂસ રાજા સુધી ૪,૩૨,૦૦૦ વરસ વહી ગયા, ત્યાર પછી એક મોહોટી રેલ આવી: 'બેલ'ના સઘલા દસ્તાવેજો 'સીપારા' અથવા સુરજના શેહેરમાં એકઠા કરવામાં આવ્યા હતાં, અને ત્યારપછી તે દસ્તાવેજોને પાછા ખણી કાઢવામાં આવ્યા હતા. 'યુફ્રેતીસ' નદી ઉપરના 'બેબીલોન' શેહેરની ઊપર 'સીફેરીઆ

શેહેરના ખંદીએરો એ શેહેરનો બાકી રહેલો ભાગ છે એવો તવારીખ નવેશોનો વીચાર છે. 'સીપારા' શેહેરનું નામ હીબ્રુઓએ 'સીફારવાઇમ' અથવા 'બે સફર' આપ્યું છે. (સેફર=લખાણો) એ શેહેર બેબીલોનીઅન ધર્મ પુસ્તકોનું શેહેર ગણાય છે. એ શેહેરમાં 'આદર,' 'આનુ,' 'આદ્રમાલેક' અને 'અનામાલેક' દેવતાઓની પુંજા થતી હતી. શીળા લેખોમાં 'સીપારા'ને બદલે 'શીપાર' બોલ મલે છે; એક 'આનુ' દેવતાનુ 'શીપાર' શેહેર,અને બીજું સૂર્ય દેવતાનું 'શીપાર' શેહેર છે. 'શીપારા' નો અર્થ 'દુન્યાના ચાર ખુણાઓના સુરજનું શેહેર' થાય છે, કે જેમાં પાદરીઓની નીશાળો પણ હતી. 'યુફ્રેતીસ' બોલનો અસલ અર્થ 'સીપારાની નદી' થાય છે, અને તે કારણથી એ શેહેર 'યુફ્રેતીસ' નદી ઉપર આવ્યું હોય. 'સેનકરેહ' શેહેરમાં 'ઉરૂખ' રાજાએ 'સમ્સ' અથવા સૂર્ય-દેવતાનું દેહેડું બંધાવ્યું હતું. એ શેહેરમાંથી મલી આવેલા નલીઆંઓ ઊપરથી જણાય છે કે 'બેબીલોન,' 'સુમીર' અને 'આકાદ' ના રાજા 'પુરનાપુરીઆ' એ ઇસવીસન પૂર્વે ૧૪૦૦ વરસમાં એ દેહેડું પાછું બાંધ્યું હતું. ચાલદીઅનો અને ઇજીપ્શીઅનોના વરસ, મહીના, ગ્રહોની ચાલ અને આકાશના ભાગોને લગતા વીચારો તદનજ જુદા છે. ઇજીપ્શીઅનો આસમાનના ૧૨ દેવતાઓની પુંજા કરતા હતા કે જેમાં 'રા' પણ એક હતો, અને વરસમાંનો એક મહીનો અને એક રાશી તેને અપર્ણ થયલી હતી. બેબીલોનીઅનો નો સૌથી મોહટો દેવતો 'એલ' હતો કે જે ઉપરથી 'બાબેલ' નામ પડયું છે, અને ત્યારપછી 'આનું,' 'બેળ,' 'હીઆ,' 'સીમ,' 'સમ્સ' (સૂર્ય) અને 'બીન'છે, અને પછી ગ્રહોના દેવતાઓ 'આદર,' 'મેરોદાન,' 'નરગાલ,' 'ઇસ્તાર' અને 'નીબો' છે. 'બેલ' આસીરીઅન લેખો પ્રમાણે દુન્યાનો હાકમ, અને દેવતાઓને રોશની આપનાર છે. સમ્સ અથવા સૂર્ય-દેવતો, બીજા દેવતાઓથી જુદો, એક ગોળાકાર નીશાની બતાવે છે, અને શીલા લેખો પ્રમાણે તે આકાશ અને દુન્યાને રોશની આપે છે, અને તે વલી દહાડાનો રાજા છે. સઘળા બેબીલોનીઅન દેવતાઓને આકાશના મંડલ સાથે ઘણોજ બારીક સંબંધ હતો; માણસની જીંદગી, તેઓનું ઊંઘાવું અને જાગવું, તેઓનું જોર અને સુસ્તી સુરજના ઉગવા ઉપર આધાર રાખતા હતાં; તેઓના જ્યોતીસ શાસ્ત્રમાં સુરજ સારા અને નઠારા સેતારાઓની અધવચમાં ગણાતો હતો. ગ્રહોએ સુરજના રસ્તાને બાર ભાગમાં વેંહેચી નાખ્યાં હતાં; સુરજનું ખરેખરૂં ઘેર 'લીઓ' અથવા સીંહરાશીના સૌથી ઊંચા ભાગમાં હતું. અથવાડીઆના સાત દહાડા સુરજ, ચંદ્ર અને પાંચ ગ્રહોને અર્પણ કરવામાં આવ્યા હતા, અને એજ ચાલ હીંદુઓમાં પણ હતો. મધરાત પછીના પેહેલા કલાકમાના ગ્રહને આખો દહાડો અર્પણ કરવામાં આવતો હતો. ચાલદીઅનો સુરજ, ચંદ્ર તથા આકાશી મંડળની પુંજા કરતા હતા. સુરજ અને ચંદ્રની ગતીની સરખામણી કરીને તેઓએ શોધી કહાડયું હતું કે ચંદ્રના બાર મંડળ પસાર કરીને સુરજ પાછો પોતાની જગાએ આવતો હતો; અને વરસના ૧૨ મહીના કીધા હતા, અને દરેક મહીનાના ૩૦ દહાડા ગણીને, તથા બીજા ફેરફારો કરીને આખા વરસના તેઓએ ૩૬૫ા દહાડા કીધા

હતા. ચાલદીઅનો, એસીરીયનો અને બેબીલોનના બીજા અસલી રહેવા-ઓમાં સૂર્ય-દેવતા જુદા જુદા રૂપોમાં મોટો પુંજા કરવા લાયક દેવતો હતો. આકેદીઅન દંતકથાનો મોહટો ભાગ સુરજને લગતો હતો. સૂર્ય-દેવતા 'ઇસ્તર'નો ભાઇ લાગતો હતો, અને જ્યારે 'ઇસ્તર' ઉપર, નીચેની દુન્યાની રાણી 'બાહુ'એ જુલમ પાડયો, ત્યારે સૂર્ય-દેવતાએ ફરીયાદ કીધી, અને તે કેદ થયલા દેવતા ઇસ્તરને અંધારામાંથી બહાર કહાડી રોશણીમાં લાવ્યો. બેબીલોનીઅન ધર્મગુરૂઓ પુંજા કરનારની સૂર્ય-દેવતા સાથે ઓળખાણ કરાવતા હતા, અને પુંજારીની પક્ષમાં પોતાના હાથ ઊંચા કરીને તે સૂર્ય-દેવતાની પ્રાર્થના કરતા હતા. સૂર્ય-દેવતાની નીશાની એક સાદો ગોળ આકાર, અથવા ક્રોસ કીધેલો ગોળ આકાર હતો.

એસીરીઅનો અને ચાલદીઅનો.

એ બેઉ જાતોની સુરજને વીશેની દંતકથા ઘણુંખરૂં મલતી આવે છે; તેઓ સુરજને 'san' અથવા 'સનસી' કહેતા હતા; એ શબ્દનો મુળમીનીંગ ચલકતું (શાની)છે. ખ્રીસ્તીઓનો sun અને ઉપલી બેઉ પ્રજાઓનો san એકમેકને મલતા આવે છે. એ રૂટ ઉપરથી ઇંગ્રેજી ભાષાના sheen અને shine શબ્દો નીકળ્યા છે; એસીરીઅન san નો 'સેમેટીક' આકાર (form) 'શમ્સ' છે. 'શમ્સ' શબ્દ હીબ્રુઓ અને આરબોમાં સુરજને માટે વપડાયલો છે. 'શમ્સ' સુરજની કામ કરતી શકતી પણ બતાવે છે. 'બેઠસેન' શબ્દમાં સુરજનું હેમેનીક નામ છે, કે જેનો અર્થ સુરજનું ઘેર થાય છે. 'બેથસેન' શેહેરને હાલના 'બએસાન' શેહેર સાથે સરખાવવામાં આવે છે. એસીરીઅનો અને ચાલદીઅનોનો સુરજ (સન) મોહોટી હીલ-ચાલ કરનાર, દરેક કામનો ચલાવનાર, આકાશ અને દુન્યાનો રાજ ચલાવ-નાર, રાજાના દુશમનોનો નાશ કરનાર અને દુશમનાઇને ભાંજનાર છે. તેની હીલચાલ કરતી શકતી ઊપરથી તે એસીરીઅન અને ચાલદીઅન રાજાઓના દીલમાં લડાયક વીચાર લાવતો હતો. શીલા લેખો ઉપરથી આપણને માલમ પડે છે કે સુરજનું કામ રાજાને ફતેહ આપવાનુ છે. કેટલા-એક રાજાઓએ સુરજ પાસેથી મદદ માંગી હતી અને તેઓને ફતેહ પણ મલી હતી, જેમકે પેહેલા 'તીગલાથ પાઇલેસીઅર' નામના રાજાએ સૂર્ય-દેવતાની મદદ લઇને માણસો ઉપર રાજ ચલાવ્યું હતું; 'આશર-ઇદાની-પાલ' સૂર્યની મદદથી પોતાની લડાઇઓ ચલાવતો હતો; 'સારદાનાપાલુસ' નામનો રાજા કહી ગયો છે કે સૂર્ય-દેવતા સઘલી ચીઝો ઉપર હકુમત ચલાવતો હતો, તથા રાજાઓના બાદશાહી તાજ ઉપર બેસતો હતો, અને તેઓને દુશમનોની સાહમણે મદદ કરતો હતો. 'સારગોન' રાજાએ સૂર્ય-દેવતાને શેહેરનો ઉત્તર તરફનો દરવાજો અર્પણ કર્યો હતો, અને 'ખોરસાબાદ' શેહેરમાં તેના અને 'સીન' દેવતાના માનમાં એક દેહેરૂં બાંધ્યું હતું. સુરજની પુંજા બીજા

દેવતાઓને અર્પણ થયલા દેહેડાંઓમાં થતી હતી. 'નીબુચાડનેઝર' (Nebuchadnezzer) બેબીલોન શેહેરમાંનું સૂર્યનું દેહેડું જોઇને બોલ્યો હતો કે સૂર્ય સૌથી સરસ રાજ કરતા છે અને દુશમનની લડાઇઓ ઊપર કડવી નજરથી જોય છે, અને સઘલી કુદરતનો બંચાવનાર અને બાંધનાર છે. બેબીલોનીઅન ક્રીયામાં સૂર્ય-દેવતા સર્વેથી પેહેલ્લો દરજ્જો ભોગવતો હતો. તેની દેખઇતી દરરોજની ચાલ ઉપરથી ચાલદીઅનો એવું સમજ્યા હતા કે તે માણુસોના વીચારો ઉપર લાગણી ધરાવતો હતો. તેના બે વખણાયલા દેહેડાં હતા કે જ્યાં તેની પુંજા લોકોના ટોળેટોળા કરતા હતા: પેહેલું દેહેડું લારાનક્ષ (લારસા, એલસાર) શેહેરમાં હતું કે જે શેહેર હાલના 'સેનકેરેહ' શેહેર સાથે સરખાવવામાં આવે છે, અને બીજું સીપારા (હાલનુ મોઝાઇબ) શેહેરમાં હતું. બેઉ દેહેડાંઓમાં સૂર્ય-દેવતાને તેની બાયડી 'ગુલા' અથવા 'આનુનીત' સાથે પાડવામાં આવ્યો હતો. પેહેલું દેહેડું કે જેનું નામ કદાચ 'બૈત-પારા' હોય તેમાંથી અસલના ચાલદીઅન રાજાઓની બેશુમાર ઇતરડાંઓ મલે છે; એ દેહેડાંને (Nebuchadnazzer) 'નીબુચાડનેઝર' નામના રાજાએ સમાર્યુ હતું. 'પારા' શબ્દનો અર્થ સુરજ થાય છે; ઇજીપ્શીઅન ભાષામાં (પી-રે=તે સુરજ) 'ફ્રાહ' અથવા 'ફેરોહ,' અને મેમફીતીસ ભાષમાં 'ફ્રા'નો અર્થ સુરજ થાય છે. બીજાં દેહેડાંનું નામ પણ 'બૈત-પારા' હતું, કે જે ઘણુંજ અસલી અને પેહેલાના કરતાં વધારે વખણાયલું હતું: એ દેહેડાંની દીવાલો ઘણીજ જાડી અને ઊંચી છે, અને કીલ્લાના આકારમાં તે બંધાયું છે. પુંજારીઓ દેવતાની નજદીક જઇને પુંજા કરતા હતા. ચેલદીઅનોના વીચાર પ્રમાણે આકાશના દેવતાઓ પુંજારીઓની ભેટોને ઊંચાઇએથી કબુલ કરે છે. એ દેહેડાંઓ અંદરની બાજુથી ચોરસ ઇતરડીઓ સાથે બંધાયા છે, કે જે ઇતરડીઓ જાડાઇમાં ત્રણ અથવા ચાર ઇંચ હતી; દેહેડાની બહારની બાજુઓ બલેલા નલીઆંની બાંધેલી છે. બેબીલોનના ધર્મ-પુસ્તકો યુક્રેતીસ નદી ઊપર આવેલાં 'સીપારા' અથવા 'સીફારવાઇમ' શેહેરમાં હતાં. 'બુરોસુસ' નામના લખનારે 'સીપારા' શેહેરનું નામ ત્યાંના દેહેડાં ઉપરથી 'હેલીઓપોલીસ' આપ્યું હતું. શિલા લેખોમાં એ શેહેરનું નામ 'સમાર શા શમ્સ' અથવા 'સુરજનું સીપારા' છે. 'સીપારા'નો આકાર વખત જતાં 'સીવર' અને 'સુર'માં બદલાઇ ગયો, કે જે ઉપરથી સંસકૃતનો સૂર્ય અને ગુજરાતીનો સુરજ બોલ નીકલ્યો છે. આરબ ઇતીહાસકર્ત્તાઓએ 'યુક્રેતીસ નદીને 'સુરની નદી' કહેલી છે. 'સીપારા'નું દેહેડું 'નીબુચાડનેઝર' અને 'નાબોનીડુસે' સમાર્યું હતું: સૂર્ય-દેવતાની ઓરત અને મરદને લગતી શક્તીઓને યુનાનીઓ 'એપોલો' અને 'દાએના' સાથે સરખાવતા હતા. એ ઊપરથી જણાય છે કે સુરજની પુંજા પશ્ચીમના સઘળા દેશોમાં થતી હતી. ખ્રીસ્તીઓના ધર્મ પુસ્તકમાં પણ એને મલતું લખાણ આવે છે. તે એ છે કે 'સીફાર-વઇથ' (સીપારા) શેહેરના બે દેવતાઓ હતા પેહેલો (૧) 'આદરામાલેક' અને બીજો 'આનામ માલીક.' 'સીફારવાઇતો' અથવા સીપારાના રહેવાસીઓ એ દેવતાને પોતાના છોકરાંઓ આતશમાં બાલીને અર્પણ કરતા હતા (2 Kings xvii 31): 'આદરામાલેક'નો અર્થ આતશનો બાદશાહ

થાય છે; તેના બે એલકાબો 'ગોઠવનાર' અને 'ફાયદાકરનાર' સુરજને લાગુ પાડી શકાય છે. 'આનામમાલેક' નામની બાયડીરૂપી દેવીને સુરજની બાયડી 'આનુનીત' સાથે સરખાવી શકાય. એસીરીઅન દેવતાઓની ટીપમાં સુરજનું વર્ણન વારંવાર આવે છે. 'સેના કરીબ' નામનો લશકરનો અમલદાર 'લારાનકા' શેહેરનું સૂર્ય-દેવતાનું પુતળું જબર જસ્તીથી લઇ ગયો હતો. એસીરીઅનો, અસલી ઇરાનીઓ અને હાલના જરથોસ્તીઓની માફક દહાડામાં ત્રણવાર સુરજની નમસ્કાર કરતા હતા; તેઓ પેહલાં ઉગતા સુરજની, પછી બપોરના સુરજની, અને છેલ્લાં આથમતાં સુરજની પ્રાર્થના કરતા હતા; તેના વીશેષણો નીચલાં ચાર છે. (૧) આતશનો હાકમ, (૨) દેવતાઓની રોશણી, (૩) દહાડાનો હાકમ અને (૪) આકાશ અને દુન્યાઓને રોશણ કરનાર. તેના અક્ષરોની આંકડા સંબંધી રકમ ૨૦ થાય છે અને વીસમું નંબર એક રાજાને અર્પણ થયલું છે. મેનદીઅનો, હીબ્રુઓ, આરબો અને સીરીયનો સુરજને 'શમ્સ'ના નામથી ઓળખે છે. પાંચમી સદીમાં 'હારન'ના સેબીઅનો સૂર્યની 'બેલ-શામીન'ના નામથી પ્રાર્થના કરતા હતા. સુરજની બાયડીને લગતી શક્તીનું નામ 'ગુલા' અથવા 'આનુનીત' છે, પણ તેણીનું પેહેલું નામ 'આઇ' હતું. કદાચ એ ત્રણે શબ્દોના અર્થો ઉગતો, બપોરનો અને આઠમતો થાય. 'ગુલા'નો અર્થ અસલ બેબીલોનીઅન ભાષામાં મોહટો થાય છે; તે શબ્દ ચાલદીઅન દંતકથામાંના 'ગાદલાત' શબ્દને મલતો છે. એક લેખમાંથી એવું માલમ પડે છે કે 'ગુલા' દેવી 'બપોરના સુરજની બાયડી'ને લગતી છે. બાબીલોન શેહેરના 'બેલમેરોડાક'ના દેહેડાંના પુતલાંઓની ટીપમાં એ મોહોટી દેવીને જીંદગાની અને આબાદાનીની દેવી ગણવામાં આવી છે. 'નીબુચાદનેઝર'ના લેખ ઉપરથી એવું માલમ પડે છે કે ગુલા દેવીને તેણે બે દેહેડાંઓ બાબીલોનમાં અને ત્રણ 'બોરસીયા'માં અર્પણ કર્યાં હતાં. તેણી જીંદગાનીની ગોઠવનાર, લોકોને ફાયદાકારક અને આશીરવાદ આપનાર છે. કેટલાએક વીદ્વાનો તેણીને 'બેલાત-ઇલ'ની સાથે ભેલી નાખે છે, પણ તે ખોટું છે. 'આઇ' દેવીના વીસ એલકાબોનો પેહેલો એલકાબ 'ઓરતરૂપી સૂર્ય' છે. 'કોલા' શેહેરમાં પણ 'ગુલાનું' દેહેડું આવેલું છે. એસીરીઅન અને બેબીલોનીઅન તખ્તીઓમાં 'શમ્સ' અથવા પુરૂષ જાતીના સુરજના ચાર ભાગો કરવામાં આવ્યા છે, અને ગુલા, આઇ અથવા આનુનીતના આઠ ભાગ કરવામાં આવ્યા છે. એસીરીયનોએ પેહેલવેહેલાં છાયા-શંકુયંત્ર (sun-dial) વખત માપવાને માટે વાપર્યું હતું. સુરજની સાધારણ પુંજા cylinder અથવા લંબગોળ આકાર ઉપરથી માલમ પડે છે, અને ઘણાખરા સીલીન્ડરો સૂર્યના ગોળ આકાર સાથના છે, અને આએ ગોળ આકાર એક સરકલ ◯ અથવા ચાર ભાગવાલો ગોળાકાર છે, અથવાતો ચાર કીરણોવાલો ગોળાકાર છે; સુરજના અને ચંદ્રના ગોળાકારો વારંવાર લેખોમાં સાથે મલે છે. સૂર્યદેવતાની ઓરત ગુલાનો આકાર આંઠ કીરણોવાલું ચક્ર છે, કે જે ચાર કીરણોવાલા 'સન' અથવા સુરજના ચક્ર પછી લેખોમાં મલી આવે છે. એ ચક્રને બદલે કેટલીએકવાર આઠ કીરણોવાલો તારો * અને વલી કોઇકવાર છ કીરણોવાલો તારો છે*: આએ આકારો ઉપરથી એવું પણ માલમ

પડે છે કે અસલના ચાલદીઅનો તારાઓની પણ પુંજા કરતા હતા. એબીલોનીઅન લેખો ઉપરથી માલમ પડે છે કે શાહાઝાદો 'શમ્સ' (સુરજ) આકાશ અને દુન્યા ઉપર રાજ કરતો હતો, હાકમોને દહાપણ આપતો હતો, અને તે 'એલ' અને 'હીઆ' ની મસલહતથી પેદા થયો હતો; તેણે સાત બુરી શકતીઓ ઉપર ફત્તેહ મેલવી હતી.

મીડીઆના રહેવાસીઓ.

તેઓ સૂર્યને એક કુદરતના દેવતા તરીકે ગણતા હતા. યુનાની લખનારાઓનું મત એ છે કે ઇરાની પુંજાની સૌથી અસલી રીતમાં 'મીથ્ર' ની પુંજા થતી હતી કે નહી તે શોધી કહાઢવું ઘણું ગુચવણ ભરયું છે. કેટલાક વીદવાનો કહે છે કે ઝોરોઆસ્ત્રીઅનોએ હીંદુઓ ઉપરથી મીથ્રની પુંજા દાખલ કરી હતી. મીથ્ર હીંદુ અને ઇરાની ધર્મમાં સાધારણ છે, પણ ગાથાઓમાં 'મીત્ર' બોલ આવતો નથી; એ ઉપરથી એવું માલમ પડે છે કે જ્યારે ગાથાઓ રચાયા હતા ત્યારે તેની પુંજા થઇ નહીં હતી; કદાચ ઇરાની પુંજારીઓની બે તડો હતી, એક તડ 'મીથ્ર' ની પુંજા કરતી હતી, અને બીજી મીથ્ર અથવા સુરજની પુંજા નહીં કરતી હતી; આ પેહેલી તડનો પુરાવો આપણને વેદ અને ઝંદ અવસ્તામાં મલતા દેવતાઓના સરખાપણા ઉપરથી માલમ પડે છે.

અસલી પરશીઅનો (ઇરાનીઓ.)

તેઓના વીચાર પ્રમાણે મીથ્ર અથવા સુરજની નીશાની એક સાદો ગોલ આકાર છે. કોતર કામોમાં જ્યાં હોરમઝદ અને મીથ્ર ને સાથે પાડવામાં આવ્યો છે ત્યાં હોરમઝદને વચમાં પાડવામાં આવે છે, અને મીથ્ર ની જગા તકતીની જમની બાજુ ઉપર છે. સુરજની નીશાની કોતર કામની ઘોરોમાં સાધારણ છે, પણ બીજે ઠેકાણે દેખાતી નથી. યુનાની ગ્રંથકારો ખુરશેદ યઝદને માટે એક બોલ પણ બોલતા નથી એ ઘણું તાજુબી ભરેલું છે. અવસ્તામાં એવું જણાવેલું છે કે હોરમઝદ પોતે આ દુનીઆના ઇઝદોની બંદગી કરે છે, પણ બાઇબલમાં જણાવ્યું છે કે સુરજ, ચંદ્ર ઇત્યાદી હોરમઝદની આરાધના કરેછે જેમકે "Praise Him, Sun and Moon, praise Him all ye stars of light". ઓ સુરજ, ચંદ્ર અને રોશણીના તારાઓ! હોરમઝદની પુંજા કરો. આપણા અવસ્તાના જે પુસ્તકો બાકી રહયાં છે તે ઉપરથી સુરજને માટે કાંઇ પણ પક્કો વીચાર આપણને માલમ પડતો નથી. વંદીદાદ પરગરદ ૧૯ (ફ. ૪), મેહરયસ્ત, અરશીશવંઘ યસ્ત અને આબાન યસ્તમાંના લખાણો ઉપરથી આપણને માલમ પડે છે કે પૃથવી ગોળ છે, અને ફરવરદીન યસ્ત (ફ. ૨) ઉપરથી માલમ પડે છે કે પૃથવી અધર છે; અને વલી વંદીદાદ ૫ (ફ. ૨૫) અને યજશનેના ૪૪ માં હા (ફ. ૪) ઉપરથી પણ ઉપલી બાબદ સીધ્ધ થાય છે; વંદીદાદ

૨૨મી પરગરદ (ફ. ૧) ઉપરથી આપણુને દેખાય છે કે પૃથવી ફરે છે. બુનદેહેશ (બા. ૫) માં તો બેશક ખોલ્લી રીતે મલી આવે છે કે પૃથવી ફરે છે; બુનદેહેશનું લખાણુ અને હાલનું (Diurnal and annual motion) દર રોજની તથા વાર્ષિક ગતીનું વર્ણન એકમેકને મલતું આવે છે, અને જે વર્ણન પ્રમાણેની ગતીને લીધે, દીવસ, રાત તથા રૂતુઓ ઉતપન્ન થતી હાલ સહમજાવામાં આવે છે, તેવુંજ અને તેને મલતુંજ વર્ણન બુનદેહેશમાં આવે છે. બુન દેહેશના લખનારે અવસ્તાના પુસ્તકોનો આધાર લીધો છે એવું તેનાજ લખાણ ઉપરથી માલમ પડે છે, અને તેથી અસલી અવસ્તાના પુસ્તકોમાં સુરજ, ચંદ્ર, દુન્યાનું ફરવું અને એવીજ બીજી બાબદો આવી હશે. મી૦ જમશેદજી પાલનજી કાપડીયા પોતાના 'મેજીઅન મોનારકીઝ' નામની ચોપડીના ૨૨૭ માં પાનાની નોટમાં જણાવે છે કે "મી૦ ચારલસ પોસતન કહે છે કે અસલી ઇરાનીઓ ખગોળ વિદ્યા સંબંધી ઓહોલું જ્ઞાન ધરાવતા હતા.' ગેલીલીઓની સેંકડો વરસની અગાઉ અસલી ઇરાનીઓ સહમજતા હતા કે પૃથ્વી ગોળ છે તથા તે સૂર્યની આસપાસ ફરે છે; તેઓ આસમાનના નકસા બનાવતા હતા, અને (Astrolabe) 'આસત્રલેબ' અથવા તારાની ઉંચાઇ માપવાનું હથીઆર વાપરી જાણતા હતા. અવસ્તાનો 'હવરે-ખશઅએતઅ' અથવા ઇરાનીઓનો ખુરશેદ બોલ હાલમાં આપણે 'જમશેદ' બોલના 'શેદ' માં મલે છે; 'શેદ' એ 'ખુરશેદ' બોલનો અપભ્રંશ (Abbreviation) છે, અને એનો અર્થ ચલકતો થાય છે (ખશએતઅ= ચલકતો, ખ્શી=રાજ કરવું). જમશેદને તેનો એલકાબ આપવાનું કારણુ એ છે કે તે શેહેનશાહનું ખુરશેદના જેવું ચલકતું મોહોડું હતું.

સેબીઅનો.

તેઓ એક અસલી ધર્મ પાલનારી પ્રજા હતી, અને એકજ દેવતાની પુંજા કરતા હતા, પણ આડકતરી રીતે ખોદાના પેદા કીધેલા પ્રતીનીધી, જેવાકે ચંદ્ર, સુરજ અને સેતારાઓને પુંજતા હતા. આરબો પોતાના વટલાવાની અગાઉ ઘણા ખરા સેબીઅનો હતા.

આરબો અને મુસલમાનો.

બીદુઇનોની કેટલીએક જંગલમાં દુર રહેતી જાતો સુરજ, ઝાહાડ ઇત્યાદીની પુંજા કરે છે; તેઓ વરસને 'સોહીલ' અથવા 'કેનોપસ'ના ઉગવાથી શરૂ કરે છે, અને તેઓ સવારના સુરજને પગે પડે છે. દક્ષીણ તરફના આરબોમાં 'હીમારાઇત્સ' નામની જાત સુરજ, ચંદ્ર અને દેશના બીજા દેવોની પ્રાર્થના કરતી હતી એવું 'બાઇઝેન્તાઇન્સ' લોકો કહે છે; આરબોની દંતકથામાં એવું લખાયલું છે કે 'અબ્દ-શમ્સ સબાહ' સેબીઅન લોકોના રાજનો પાયો નાખનાર હતો. 'અબ્દ-શમ્સ'નો અર્થ 'સૂર્ય-દેવતાનો ચાકર' થાય છે. એ 'શમ્સ' બોલ હાલની અરેબીક ભાષામાં સુરજને અર્થે વપડાયલો છે. આરબો માનતા હતા કે સેબીઅનોના ધર્મમાં

સૂર્ય-દેવતાની પુંજા સર્વેથી ચડતી હતી, અને એ બાબદ શિલા લેખો ઉપરથી પણ સીદ્ધ થાયછે. લેખોમાં સૂર્ય-દેવતાનું નામ 'શમ્સ,' તથા 'સામાસ' આવે છે, અને એ ઉપરથી જણાય છે કે ચાલદીઅનો અને સેબીઅનોના સૂર્યના બોલ એકમેકને મલતા આવે છે. 'હીમારાઇતો' સૂર્યની ગરૂડપક્ષી (નસર)ના આકારમાં પુંજા કરતા હતા, અને 'હામડાનીડા' કે જેઓ 'સાના' અને 'મારેબ'ની ઉત્તરે હતા, તેઓ સુરજની ઘોડાના આકારમાં પુંજા કરતા હતા, અને 'યમન' શેહેરની પ્રજા સુરજની સીંહના આકારમાં પુંજા કરતી હતી. 'એજબેકર' નામની જાત 'ઉદ્દ' અથવા બલતા દેવતાની પુંજા કરતી હતી, અને સોગંદમાં પણ તેનુંજ નામ વાપરતી હતી. પશ્ચિમ લખનારાઓના વીચાર પ્રમાણે 'નાબાનીઅનો' પણ સૂર્ય-દેવતાની આરાધના કરતા હતા; આરબોની અગાઉ સેબીઅન ધર્મ દુન્યામાં વખણાતો હતો. તેઓ દહાડામાં ત્રણવાર ભણતા હતા. પેહેલ્લાં સુરજ ઊગવાની અરધો કલાક અગાઉ એવી રીતે કે સુરજ ઊગે ત્યાં સુધીમાં તેઓ આઠ કલામો ભણી રહે, અને દરેક કલામ ભણતી વખતે તેઓ ત્રણવાર નીચે નમતા હતા. બીજીવાર તેઓ બપોરના બાર વાગા પછી ભણતા કે જયારે તેઓ પાંચ કલામો પુરા કરતા હતા, અને વલી પાછું ત્રીજીવાર તેઓ સુરજ અસ્ત પામવાની અગાઊ નેમાજ કરતા હતા. મુસલમાનોનો પેગમબર એવું કહેતો હતો કે જ્યારે તે આકાશ ઉપર ગયો હતો ત્યારે ખોદાએ તેને દહાડામાં ત્રણવાર (સહવાર, બપોર, સાંઝ) નેમાજ કરવા ફરમાવ્યું હતું. હીંદુઓ, પારસીઓ અને યાહુદીઓમાં પણ ઉપલી ચાલ હતી, અને પારસીઓમાં તથા મુસલમાનોમાં પણ તે હાલ ચાલુ છે. એ લોકો પોતાને સેબીઅન કહેતા હતા તેનું કારણ એ છે કે 'સાબા'નો અર્થ આકાશી મંડળ થાય છે, કે જેની તેઓ પુંજા કરતા હતા. અસલના આરબો સેતારાઓના ઊગવા અને આઠમવાને વખતે તથા ચંદ્રની ગતી ઉપરથી રૂતુની અગમચેતી કરતા હતા; તેઓ ખગોળ વિદ્યામાં ઘણા હુશીઆર હતા, અને તારાઓ તથા ગ્રહોના નામો આરબોમાં ઘણાજ હતાં. તેઓમાં એવી દંતકથા છે કે જ્યારે સુરજ પશ્ચિમમાં ઊગશે, મોટો થશે અને દુન્યાની નજદીક આવશે ત્યારે દુન્યાની આખર આવશે. જ્યારે 'ઇસરાફીલ' ફરેસ્તો દુન્યામાં રણશીંગડું ફુંકશે, ત્યારે સુરજ કાલો થઇ જશે અને આકાશ પીગલી જશે, અને જ્યારે પારકા ધર્મવાલાઓ દોઝખમાં જશે ત્યારે સુરજ ઢંકાઇ જશે, અને દુન્યામાં કાંઇપણ રોશની પડશે નહીં. મહમદીઅનો એવું વીચારે છે કે ખોદાતાલાએ પેહેલાંથીજ સુરજ પેદા કીધો છે; ખોદાતાલા સુરજને પ્રકાશવા કહે છે, અને ફકત તે સાહેબનાજ હુકમથી તે પ્રકાશે છે. તેઓમાંની એક જાત 'મોટાઝાલાઇટ્સ' બે મુલતત્વો દેખાડે છે એક રોશણીનું અથવા ખોદા કે જે સારૂં બનાવે છે, અને બીજુ મુલતત્વ અંધારાનું છે અથવા એહરેમન જે ખરાબ ચીઝનો બનાવનાર છે; એ જાત 'મેજાઇ'ના જેવો વીચાર ધરાવતા હતા. કોરાનમાં લખવામાં આવ્યું છે કે દરેક પ્રજા આકાશની ચોકસ જગા તરફ ફરીને ભણે છે, જો કે આરબોનો પેગમબર તેઓને 'કાબા' તરફ ફેરવે છે. સમજુ માણસો આકાશ અને દુન્યાનું પેદા થવું તથા દહાડા અને રાતનું ફેરવાવું એને ખોદાની નીશાની તરીકે ગણે છે.

અસલના આરબોમાંના કેટલાકોજ એવો વીચાર ધરાવતા હતા કે સુરજ પૃથ્વીને મધ્યબીંદુ તરફ ખેંચે છે, જ્યારે બાકીનાઓ 'તોલેમી'નો ખોટો વીચાર ધરાવતા હતા. મહમદીઅનોના વીચાર પ્રમાણે ખોદા પોતે દહાડાની પછી રાત અને રાતની પછી દહાડો લાવે છે.

કોરાનના પાંચમા બાબમાં જણાવ્યું છે કે એબ્રાહામે જ્યારે સુરજને ઉગતો જોયો ત્યારે તે પોકારી ઉઠયો કે એ મારા હાકમ આએ સર્વેથી મોહોટો છે, પણ જ્યારે આફ્તાબ અસ્ત પામ્યો ત્યારે તે બોલ્યો કે "તમો લોકો કે જેઓ એવું માનોછો કે સઘળું ઇશ્વરે બનાવ્યું છે તેઓની સાથે હું મલતો થાઊંછું, અને જેણે આકાશ અને દુન્યા બનાવી તેની તરફ મારૂં મોહોડું ફેરવું છું; હું રાસ્તી રીતે ચાલનાર છેઊં અને બીજાઓની માફક મુર્ત્તીપુંજક નથી." કોરાનના તેરમાં બાબમાં જણાવ્યું છે કે ઇશ્વરે દેખઇતા થાંભલા વગર આકાશ ઉભું કીધું છે, અને સુરજ અને ચંદ્રને પોતાની ફરજ બજા લાવવાને હોકમ કર્યો છે, અને એ બેઉ મુકરર કીધેલી ચાલ પ્રમાણે પોતાનું કામ બજાવ્યા જાય છે. કોરાનના ૯૧ માં બાબમાં એવું લખવામાં આવ્યું છે કે મુસલમાનો અગાઊ સુરજના સોગંદ ખાતા હતા. સોગંદ ખાનાર નીચે પ્રમાણે સોગંદ ખાય છે. "હું સુરજથી અને તેના વધતા ચલકાટથી, ચંદ્ર કે જે તેની પુઠે ચાલે છે તેથી, રાતથી, આસમાનથી, દુન્યાથી અને આત્માથી સોગંદ ખાઊં છું કે જે માણસ ઉપલી ચીઝોને પાક કરે છે તે સુખી છે, અને જે તેઓને નુકશાન કરે છે તે દુ:ખી થાય છે. ૯૩ માં બાબમાં મુસલમાનોનો પેગમબર લખે છે કે ખોદાતાલાએ માણસજાતને વીસરી નથી, અને તેઓને તજ્યા નથી, કારણકે તેણે માણસજાતને સુરજનું તેજ આપ્યું છે, અથવા આએ દુન્યામાં તે સુરજને પ્રકાશવા દે છે. ૧૧૩ માં બાબમાં તેઓનો પેગમબર લખે છે કે દુન્યાની નાશકારક ચીઝોમાંથી હું સહવારના પોહરની પનાહમાં જાઊં છું કે જ્યારે રાતને ફાડી નાખીને દહાડો રોશણ થાય છે. ૪૧ માં બાબમાં તે સાફ જણાવે છે કે "ઓ લોકો તમો સુરજ અને ચંદ્રની પુંજા ના કરો, પણ ખોદાની પુંજા કરો કે જેણે તે બેઉને બનાવ્યા છે, કે જેથી તમો ખોદાની સીધી રીતે ચાકરી કરો." સાતમાં બાબમાં તેણે જણાવ્યું છે કે સુરજ, ચંદ્ર અને સેતારાઓ હોરમઝદે બનાવ્યા છે અને તેઓ તેના હોકમમાં છે. તેણે લોકોને મુર્ત્તી પુંજવાને સાફ મનાઇ કીધી છે, પણ ફકત એકજ ઇશ્વરની પ્રાર્થના કરવા ફરમાવ્યું છે. આરબોની એક અસલી જાત 'કોરેશ' હતી કે જેઓની ચાર મુખ્ય મુર્ત્તીઓમાંની એક 'અબ્દ-શમ્સ' (અથવાતો સુરજનો ચાકર) નામની હતી; તેઓના મુખ્ય દેવતાઓ સુરજ, ચંદ્ર અને સેતારાઓ હતા.

આરબ તથા ઇરાની કવીઓ ઘણુંખરૂં, વસંતરૂતુ, ખુરશેદ, સેતારા, તથા કુદરત ઉપર પોતાની કવીતાઓ લખે છે. તે કવીઓનો એક નામીચો કવી 'અનવરી'ની નીચલી બેત ઘણી જાણવા જોગ છે:—

જરમે ખુરશીદ ચુ અઝહઉત દરઆયદ બેહમલ
અશહબે રૂઝ કુનદ અદહમે શબરા અરજલ.

એટલે કેઃ—જ્યારે સુરજનું શરીર મીનરાશી (Piesces) માંથી મેષરાશી (Aries) માં આવે છે, ત્યારે સુરજ રાતના ભુરા રંગના ઘોડાને સફેદ પગનો ઘોડો બનાવે છે.

પારથીઅનો.

એ લોકો જરથુસ્ત અને મેજાઇના વીચારો પ્રમાણે ચાલતા હતા. તેઓનો પુજા સુરજ અને ચંદ્રની હતી કે જેઓ રાજની વંશાવલી ઉપર અને કુટુંબના દેવતા ઉપર મુખ્ય હતા. હેરોદીઅનના લખાણ પ્રમાણે સુરજની ઉગવાની વખતે દેહેડાંઓમાં પુંજા થતી હતી, અને મીથ્રના નામથી તેને ભેટો અર્પણ થતી હતી; તેના માનમાં કેટલાએક પુતલાંઓ સ્થાપવામાં આવ્યાં હતાં; સુરજનું ચંદ્રની સાથેજ ઘણુંખરૂં વર્ણન કરવામાં આવતું હતું. પારથીઅનો 'હાત્રા' શેહેરમાં સુરજની પ્રાર્થના કરતા હતા; એ શેહેરના સુરજના દેહેડાનો ખજાનો ઘણો હતો, કારણકે ઘણો લાંબો વખત અગાઉ ધર્મી લોકો એ દેહેડાંમાં ધર્મ કરતા હતા. એ શેહેરની ઉપર 'સેવીરસે' (Severus) હુમલો કર્યો હતો. પારથીઅનો પાછલથી જુદા જુદા ધર્મોમાં વટલાઇ ગયા હતા.

આફ્રીકનો.

એઓની 'આકરા' નામની જાતમાં ઉગતા સુરજની પ્રાર્થના કરવામાં આવતી હતી એવું 'રોમર' (Rœmer) નામનો ઇતીહાસી કહી ગયલો છે. તેઓ 'ફેતીશ' ધર્મ પાલે છે, અને તેઓનો વીચાર એ છે કે જ્યારે આપણે ઘાસ, અનાજ અને ઝહાડપાનો વરસાદ અને સુરજના તડકાંથી ઉગતાં જોઇએ છીએ, ત્યારે તેઓની પુંજા કરવાની આપણી ફરજ છે. સૂર્ય 'દેહોમી' માં મુખ્ય દેવતો હતો. 'આફ્રીકા'નો ધાતુ અર્થ root meaning 'આપ્રીકા' અથવા સુરજવાલું થાય છે, એવું સેવીરસ (Severus) નામના વીદ્વાનનું મત છે. આફ્રીકા ખંડમાં સુરજનો તાપ ઘણો પડે છે, કારણકે 'ઇકવેતર' (equator) એ મુલકમાંથી પસાર થાય છે, અને તેથી કદાચ એ ખંડનું નામ 'આફ્રીકા' અથવા સુરજવાલું પડયું હોય.

સીરીઅનો (અથવા કેનનાઇત્સો.)

એ લોકોનો આકાશની શક્તીઓ વીશેનો વીચાર 'બાબીલોનીઅનોને' મલતો આવે છે. 'ફાઇલો'ના વીચાર પ્રમાણે તેઓ સુરજ, ચંદ્ર અને ગ્રહોને દેવતાઓ તરીકે ગણતા હતા. પેહેલાં તદન નહી જણાયલી અને હાલતી હવા હતી, ત્યારપછી મોત કે જે કીચલ છે તે ઉત્પન્ન થયું; ત્યારપછી દરેક ચીઝના બીઆં ઉત્પન્ન થયાં, અને ત્યારપછી સુરજ, ચંદ્ર અને બીજા ગ્રહો પેદા થયા. પછી પવનો, વાદલાંઓ, વરસાદ, વીજલી ઉત્પન્ન થઇ કે જેથી પુરૂષ અને ઓરત જાતની ચીઝો હાલવા ચાલવા લાગી; ત્યારપછી 'જીનોસ' અને 'જીનીઆ' પેદા થયા અને તેઓ સુરજને આસમાનનો એકજ હાકમ ગણવા લાગા, અને સુરજનું નામ 'બેલ-સામેન' પાડયું. પાછલા દેવતાને ફીનીશીઅનો આકાશનો હાકમ અને યુનાનીઓ

'ઝીઇસ' તરીકે ઓળખવા લાગા. 'બાલ' એ સુરજની ફાયદાકારક શક્તી-ઓનો દેવતા છે, કે જેને 'બીજા રામસીસ'ના લેખમાં 'ચેતા'ના દેવતા તરીકે ઓળખવામાં આવ્યો છે. મોઆબાઇત્સો 'બાલ'ની પુંજા 'પીઓર'ના પહાડની ઊંચી ટેકડી ઉપર કરતા હતા, અને સીરીઅનોએ 'સરબોની-અન' સરોવર ઉપર આવેલા 'કેસીઅસ,' 'કારમેલ,' 'તાબોર' અને 'હરમોન' પહાડો ઉપર સુરજની પુંજા કરી હતી. 'ફીલીસ્તાઇનો' સુરજની પુંજા 'એકરોન'માં કરતા હતા. 'કેનાન' દેશમાં 'બાલ'ની પુંજા ઘણાઓ કરતા હતા તે નીચલી જગ્યાઓ ઉપરથી માલમ પડે છે; બાલ-હામોન, બાલ-હાઝોર, બાલ-મીઓન, બાલ-ગાડ, બાલ-પેરાઝીમ, બાલ-તામાર, બાલાથ અને '**બાલ-બેક**.'

જ્યારે સુરજ દુન્યાથી ઘણે દુર જણાતો હતો ત્યારે સીરીઅનો એવું ધારતા હતા કે 'તાયર' શેહેરનો 'બાલ' ઊંઘમાં હશે અથવાતો લાંબે મુસાફરી ગયો હશે. સુરજની આશાએસની જગાઓ તેઓના વીચાર પ્રમાણે પશ્ચિમના ફીનીશીઅન ગામડાઓ, 'ક્રીત,' 'સીસીલી,' 'ગાડીસ' અને આથમના સુરજની દુરની જગાઓ હતી કે જ્યાંથી સુરજ વસંતરૂતુની શરૂઆતમાં પાછો આવતો હતો. ફેબ્રુવારીના છેડામાં અથવા માર્ચની શરૂઆતમાં સુરજને ઉઠાડવાનો પવીત્ર દહાડો આવતો હતો. યુનાનીઓનો વીચાર એ હતો કે 'આયોલસ' અથવા 'જુબાલ' કે જેનો અર્થ 'બાલની ખુબસુરતી' થાયછે તે સુરજને ઉઠાડતો હતો.

હીબ્રુઓ કહેછે કે જ્યારે તંગી પડી ત્યારે 'બાલ'ના ધર્મગુરૂઓ 'કારમેલ'માં એકઠા થતા હતા, અને એક ગોધો જે પવીત્ર જગા ઉપર મુકવામાં આવતો હતો, તેને બાલી નાખીને તેઓ સુરજ દેવતાની મદદ માગતા હતા, પણ તે દેવતાએ તે ધર્મગુરૂઓનું કાંઇ સાંભળ્યું નહી, અને યાહુદીઓ તેઓની મશકેરી કરવા લાગા, અને ધર્મગુરૂઓએ ઉશકેરાઇ જઇને પોતાના દીલમાં છરીઓ અને ખંજરો ભોકીને લોહી કહાડયું. સીરીઅનોના વીચાર પ્રમાણે આઠમતો સુરજ પશ્ચિમમાં ગેપ થઇ જતો હતો, કે જ્યાં આસ્તારની અથવા ચંદ્રની દેવી પણ ગેપ થઈ ગઈ હતી. જ્યારે ચંદ્ર દેવી ગેપ થઇ ગઈ ત્યારે ભટકતો સૂર્ય-દેવતો તેણીની શોધમાં ગયો, અને તે દેવી તે દેવતાને શરણ થઈ અને તેઓ બેઉ પરણ્યા; એ જોડામાંથી જીંદગાની, સમાધાની અને કાયદા પંથરાયા; એ લગ્ન પશ્ચિમમાં 'સામોથ્રેસ,' અને પછી કેદમીઆમાં અને છેલ્લે પશ્ચિમના દરીઆના સુખી ટાપુઓ ઉપર થયાં હતાં. ઉપલું લખાણ હાલની વિદયાને ઘણું અનુસરતું આવેછે; ચંદ્ર પોતાની રોશણી સુરજમાંથી મેલવેછે અને રાત્રે પ્રકાશેછે, અને એ બેઉની મદદથી દુન્યા જીવેછે અને સઘલે સમાધાની પંથરાયછે. 'આસ્તારતી' અને 'બાલ' (ચંદ્ર અને સુરજ) ત્યાર પછી એકજ દેવતા થઈ ગયા અને 'બાલ' દેવીને શરણ થયો, અને બાયડીના કામ કરવા લાગો, અને તે દેવીએ હાથમાં હથીઆર ધર્યા. એ ઉપરથી 'બાલ'ના પવીત્ર દહાડાઓમાં ત્યાંના ધર્મગુરૂઓ રાતા આરપાર જણાતા બાયડીના પોશાકમાં હાજર થતા હતા, અને બાયડીઓ મરદના પોશાકમાં હાજર

થઇને હાથમાં તલવારો અને ખંજરો લઇને ચાલતી હતી. 'આદોનીસ (Adonis) વસંતરૂતુનો દેવતો ગણાતો હતો. ભાજીપાલાનું ઉગવું થવું તથ લડાઈના દેવતા 'મોલોક' (Moloch) ના ભુંડથી 'એદોનીસ' (Adonis) નું મોત નીપજવું તેનો અર્થ એ છે કે નાશકારક સૂર્ય-દેવતાના પ્રુશકલ તેજથી ભાજીપાલો કરમાઈ જતો હતો. ફીનીશીઅનોના વીચાર પ્રમાણે 'કાબીરી' અથવા ઇનસાફ, કાયદા અને સચાઇના દેવતાઓ 'સીદીક'ના છોકરાં થતાં હતાં, પણ યુનાનીઓના વીચાર પ્રમાણે તેઓ સૂર્ય-દેવતા અથવા બાલ-સામીનના છોકરાં હતાં, અને કેટલાએકોના વીચાર પ્રમાણે 'કાબીરી' દેવતાઓ ઇજીપ્શીઅનોના રોશણીના દેવતા 'પ્રાહ'ના છોકરાં હતાં, અને તેથી એવું અનુમાન થાય છે કે 'બાલ-સામીન' અથવા સૂર્ય-દેવતો ઇનસાફી તથા માયાળુ હતો.

'લુશીઅન' (Lucian) ના કહેવા પ્રમાણે 'મેલકાર્થ' અથવા સૂર્ય-દેવતાના પવીત્ર દહાડા ઊપર 'કારથેજ'થી એક કાફલો 'તાયર' શેહેરમાં આવતો હતો, અને સઘળા ધર્મગુરૂઓ પોતાની આવકનો દશમો ભાગ સૂર્ય-દેવતાને અર્પણ કરતા હતા. હઝારો ધર્મગુરૂઓ, માણસોનો ભોગ, ફરૂતો, જનાવરો અને પવીત્ર કેકો સૂર્ય-દેવતાને ભેટ આપતા હતા. તેઓ ભોગને માટે વારંવાર વલી ગોધાઓ, મેંઢાઓ અને કોઈબી નર જાતીનું જનાવર સૂર્ય-દેવતાને માટે કાપતા હતા, પણ ગાય અથવા નારી જાતીના જનાવરને કાપતા નહી હતા.

બાલ-બેક અથવા હેલીઓપોલીસ (Heliopolis) શેહેરનું સુર્યનું દેહેડું.

સીરીઆ દેશમાં આવેલા 'બાલબેક' અથવા 'હેલીઓ પોલીસ' શેહેરનું વર્ણન 'માર્ક-ત્વેન' (Mark Twain) નામનો અમેરીકન લખનાર કરેછે અને કહેછે કે ત્યાં સુરજનું એક મોહોટું દેહેડું છે, કે જે દેહેડું બીજા નાહના દેહેડાંઓની સાથે આએ કંગાલ સીરીઅન ગામડાંઓની વચમાં આવેલું છે. આએ દેહેડાંઓ એવા તો જોરાવર બાંધેલા છે કે તેઓ ઘણું ખરૂં એક પાહાડને ટેકાવી શકે. જે ચીઝોથી એ દેહેડાંઓ બાંધવામાં આવ્યાં છે તે એક 'ઓમનીબસ' ગાડીના જેટલા મોહોટા પથરના કટકા છે, અને એ પથરોમાંના ઘણાજ થોડા એક સુથારની હથીઆરની પેટીના કરતાં નાહના છે. નીચાણના બાંધકામોમાં એક કનાલ (Canal) ખોડવામાં આવી છે કે જેમાંથી ગાડીઓની આખી ત્રેન પસાર થઇ શકે. એ દેહેડું ૩૦૦ ફીટ લાંબુ અને ૧૬૦ ફીટ પોહોળું છે. તેને ૫૪ થાંભાઓ આસપાસ હતા પણ હાલ ૭ જોવામાં આવે છે; બાકીના નીચે ભાગી તુટીને અંહી તંહી પડેલા છે. એ ૭ થાંભાઓ અને તેના તલીઆંઓ સલામત છે, પણ કોરીનથીઅન થાંભાઓ અને બીજા ૭ દેખાવવાલા થાંભાઓ રહ્યા નથી. થાંભાઓ અને તેની ઉપરના ભાગો કે જેઓ પ્લાસતરથી બનાવેલા જેવા લાગે છે તેઓ ૯૦ ફીટ ઊંચા છે અને પતલા જણાયા છે; જો આપણે ઉપર જોઇએ અને થાંભાઓના કતકાઓ તરફ નજર કરીએ તો આપણને તે આઠ ફીટ અંદરથી જણાશે,

અને પથરાની લાદીઓ ચાર અથવા પાંચ ફીટ જાદી જણાશે. સુરજનું દેહેડું 'બાલબેક' શેહેરમાં સૌથી સરસ ખંડીએર છે, અને તેના ઉત્તર અને પશ્ચિમના ભાગો તે છ થાંભલાઓમાંથી બરોબર જોવાય છે. થાંભલાઓ ઉપર દરેક તરેહના પીકચરો પાડેલાં છે. તેનો મોટો દરવાજો ૨૨ ફીટ પોહળો છે, અને નવ મોહટા પથરોનો બનેલો છે, જેમાંના છ બાજુમાં અને મથાળે ત્રણ છે; દરેક પથરનું કેટલાક મણ વજન છે. એક ગરૂડ પક્ષી ચીતારયું છે, અને તેની ચાંચ જાણે એક પાંખવાલા જીનની તરફ ઉડે એવી પાડી છે, કે જે જીને ફુલો અને ફલોનો હાર પકડેલો છે. જંગલી લોકોએ એ દેહેડાંને ઘણું જોખમાવી નાખ્યું છે. (જુઓ Students Magazine May 1888): સીરીઆ દેશમાં મુસાફરી કરી આવેલા સઘલા યુરોપીઅન મુસાફરો એ દેહેડાંનું વર્ણન ઘણીજ રસીલી ભાષામાં ઉપલાને મલતું આપે છે. સુરજનું દેહેડું બાલબેકના મોહોટા દેહેડાંની ઉત્તરે આવેલું છે. તે એક માચરા ઉપર બાંધ્યું છે અને પૂર્વથી તેમાં દાખલ થવાય છે. થાંભલાઓની ઊંચાઇ ૪૫ ફીટ અને ઘેરાવો ૧૯ ફીટ છે. તેની સીલીંગમાં ઘણા સરસ પથરાઓ છે, અને દરેક પથરામાં છ બાજુનો આકાર કોઇ દેવતા અથવા પેહેલવાનના આકાર સાથે જોવામાં આવે છે. દરેક બાજુએ એક દાદર ઉપરથી દેહેડાંના વચલા ભાગમાં જવાય છે; તેની અંદર ગરૂડ પક્ષીનો આકાર છે જે કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે સુરજની નીશાની છે. એક ગોળ દાદર ઉપરથી છાપરાં ઉપર જવાય છે.

હીબ્રુઓ.

'હેલીઓ પોલીસ' શેહેર હીબ્રુઓના 'ગોશન'ની જમીનની ઘણું નજદીક હતું; 'જોસફ હેલીઓ પોલીસ' ઇજીપ્શીઅન ધર્મગુરૂની છોકરી સાથે પરણ્યો હતો અને તેઓના વીચારો પોતામાં દાખલ કરયા હતા. હીબ્રુઓ ઇજીપ્ટમાં નહાસી ગયા હતા તે ઊપરથી કદાચ તેઓએ ઇજીપ્શીઅન ધર્મના ફરમાનો પોતામાં દાખલ કર્યા હોય. 'મોઝીસ' (Moses) એવું ધારતો હતો કે આકાશ જે દુન્યાની આસપાસ છે તે દરેક ચીઝનો ઇશ્વર અને હાકમ છે. ઘણાઓનો વીચાર છે કે યાહુદીઓના બાપ દાદાઓ કોહરીઆ (Leprous) હતા, કારણકે તે વડવાઓએ 'એમન' અથવા 'સુરજ-દેવતા' ઉપર લીઆનત નાખી હતી અને સૂર્યના દેહેડાંમાં એક મેંઢો કાપી નાખ્યો હતો. જ્યારેબી 'જીહોવા' અથવા હીબ્રુઓનો ઇશ્વર કોઇ પેગમબર સાથે વાતચીત કરવા માંગે છે, ત્યારે તે રોશણીના આકારમાં જાહેર થાય છે. જો કે પારસીઓના ધર્મે યાહુદીઓના ધર્મ ઉપર અસર કરી હતી. તોપણ યાહુદીઓમાં સુરજની પ્રાર્થના કરવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ નહી હતી. 'મોઝીઝ' પેગમબરે સીનાઇના પહાડ ઉપર સાતમાં દહાડાને પવીત્ર ગણ્યો હતો, અને ઇજીપ્ટના સઘલાં દેવતાઓની સાહામણે પોતાના દશ હુકમો (The Ten commandments) કહાઢયા હતા. એક ઠેકાણે 'જોશુઆ' (Joshua) નામનો તેઓનો વડો નીચલું બોલે છે "ઓ સુરજ જ્યાંસુધી તું 'ગીબીએન'ની ઉપર સ્થીર ઉભો રહે, અને ઓ ચંદ્ર જ્યાંસુધી તું 'આજાલોન'ની ખીણુમાં સ્થીર ઉભો રહે, ત્યાંસુધી લોકો તેઓના દુશમનો ઉપર કીનો લે." ત્યારપછી

તેઓની દંતકથા પ્રમાણે સુરજ સ્થીર ઉભો રહયો. હીબ્રુઓ કદાચ સુરજને માન આપતા હશે, પણ તેઓ તેની પ્રાર્થના કદીપણ કરતા નહીં હતા. તેનું કારણ એ છે કે ઇજીપ્શીઅનો સુરજને પુંજતા હતા, અને હીબ્રુઓને ઇજીપ્શીઅનો સાથે મારામારી હોવાથી તેઓ સુરજની બંદગી નહી કરતા હતા.

આરમીનીઅનો.

એઓના ધર્મને માટે થોડુંજ જણાયલું છે. તેઓ ફક્ત 'અનહીતા'ની પુંજા કરતા હતા.

ફ્રીજીઅનો.

તેઓનો દેવતા 'મેત' અથવા 'માનીસ' ઘણુંખરૂં યુનાનીઓનો 'ગીઉસ' અથવા 'જ્યુપીતર' (Jupiter) હતો. અને તેઓના પેહેલા રાજા ગોરદીઅને એક દેવલ ગોરદીઅન શેહેરમાં 'ઝીઉસ'ના માનમાં બાંધ્યું હતું.

સીલીશીઅનો.

તેઓ સીરીયનોના 'બાલ' અથવા સૂર્ય-દેવતાને માનતા હતા. તેને એક ગાદી ઉપર બેસાડવામાં આવ્યો છે. તેના જમણા હાથમાં દરાખો અને અનાજના કનસલાં છે. અને કેટલીએક વાર તેની બાજુમાં એક ગરૂડ પક્ષી ચીતારવામાં આવ્યું છે. વલી બીજાઓના વીચારમાં 'હીરેકલીસ' જાણે એક શીંહને લાકડીથી મારતો હોય એવો ચીતારેલો છે. શીલા લેખોમાં સૂર્ય-દેવતાને 'બાલ-તારસ' અથવા 'તારસસના બાલ'નું નામ આપવામાં આવ્યું છે; વલી હીરેકલીસ જાણે એક શીંહને મારતો હોય એવું શીક્કા ઉપર પાડેલું છે; તેનો અર્થ એ છે કે ફાયદાકારક સૂર્ય-દેવતો સીંહ (Leo the lion) રાશીમાં નુકશાનકારક સૂર્ય-દેવતાને મારે છે અને સુરજના બાલી નાખતા તાપ ઉપર ફત્તેહ પામે છે.

કેપાદોશીઅનો.

એ લોકોમાં પણ સુરજની પ્રાર્થના હોવી જોઇએ, કારણકે આપણને સીનોપ (અથવા સાનાબ), સાઇડ, કોતીરીઆ અને ગાઝીરમાંથી મલી આવતા સીક્કાઓ ઉપર, 'બાલ' અથવા સૂર્ય-દેવતાનો આકાર અને નામ પાડવામાં આવ્યું છે. વલી તેઓ એવું માનતા હતા કે 'કીમેરીઅનો' નામના લોકો હમેશાં અંધારામાં રહેતા હતા અને કદીપણ સુરજનું તેજ તેઓ ઉપર પડતું નહીં હતું, કારણકે તેઓ સુરજની પ્રાર્થના નહી કરતા હતા. ઉપલો વીચાર 'હોમર' (Homer) નામના નામીચા કવીનો પણ છે. કીમેરીઅનો જ્યાં સુરજ આથમે છે ત્યાં રહેતા હતા કે જ્યાંથી નીચેની દુન્યામાં જવાનો દરવાજોછે; આગો સઘલું ઉપરનું ખરેખર જોતાં એક દંતકથા છે.

લીડીઅનો.

તેઓ ફ્રીજીઅનોના દેવતા 'માનીસ' અને 'આતીસ'ની પુંજા કરતા હતા. 'જોઆનીસ લાઇડસ' નામનો ગ્રંથકરતા લખી ગયો છે કે લીડીઅનો

'સેનડૅાન'ના નામથી સૂર્ય-દેવતાની પુંજા કરતા હતા. સેનદૅાન એક ઓરત તરીકે રહી હતી, અને તેથી માણસો તેની પુંજા કરતી વખતે ઓરતનો લેબાસ અને કીરમજી આરપાર જણાય એવાં કપડાં પેહેરતા હતા. એસીરીઅન તકતીઓમાં 'સેનડૅાન' નામ 'સેનડન' તરીકે વપડાયલું છે. સેમેતીક ભાષાઓમાં 'સેનડન'નો અર્થ મદદ કરનાર થાય છે. લીડીઅનોએ સૂર્યદેવતાને 'મદદ કરનાર' નામ એ ઉપરથી આપ્યું છે કે તે તેજ મારતી ગરમીને મારે છે. જ્યારે યુનાનીઓ લીડીઆમાં દાખલ થયા ત્યારે તેઓએ પોતાનો 'એપોલો' લીડીઅન 'સેનદન'માં જોયો, અને 'માઇલેતસ' શેહેરનું દેવલ જ્યાં સુરજની પ્રાર્થના થતી હતી તેને 'બ્રાનચીડી' નામના ધર્મગુરૂઓના હાથમાં સોંપ્યું.

અમેરીકનો.

'ચીનચીમેકસ', 'ઓલમેકસ,' 'તોતોનેકસ.' 'મીકસતેકાસ' ઇત્યાદી જાતોની છુટી છવાઇ તવારીખ ઉપરથી માલમ પડેછે કે એ જાતો સુરજની પ્રાર્થના કરતી વખતે માણસોના ભોગ આપતી હતી. 'તોલતેક' જાતના 'કવેતઝાલકો હુઆન્લ' નામના રાજાએ 'ચોલુલાન' શેહેરમાં સુરજને એક દેહેરૂં અર્પણ કર્યું હતું

પીરૂના રહેવાસીઓ.

તેઓના હાકમ 'ઇનકા' ને સુરજથી ઉતરી આવેલો ગણવામાં આવે છે; તે સુરજનો આ દુન્યા ઊપરનો એલચી છે; તે સુરજથી સલાહ લેતો હતો અને તેના હોકમો પ્રમાણે ચાલતો હતો. જેબી કોઇ ગુનેહગાર થતો હતો તેને ગરદન મારવામાં આવતો હતો, કારણકે તેના ગુનાહથી સુરજને અપમાન થતું હતું. 'ઇનકા' ઓ એકમેકમાં લગ્ન કરતા હતા, અને જો કદાચ બહારની ઓરતો સાથે લગ્ન કરતા હતા તો તેઓ એવું ધારતા હતા કે તેઓના છોકરાંમાંનું લોહી સુરજ અને પૃથવીના છોકરાંના લોહીનું બનેલું હતું. પીરૂવીઅનોએ સુરજના માનમાં 'કુઝકો' ખાતે દેહેડાંઓ બાંધ્યા હતાં, અને સુરજનાં દેહેડાં ઉપર સુનાના પતરાં માર્યાં હતાં, અને અનાજ, ફુલો, થોડાં જનાવરો અને થોડી બનાવેલી ચીઝો સુરજને અર્પણ કરતા હતા. ૧૦૦૦ વરસની વાત ઊપર 'સાનકોકાપાક' નામનો પુરૂષ પોતાને સુરજના છોકરા તરીકે ગણવા લાગો, અને બીજાઓની મદદથી તેણે 'કુઝકો' શેહેર સ્થાપ્યું હતુ.

યુનાનીઓ (ગ્રીક લોકો).

અસલના યુનાની રહેવાસીઓ જે પ્રાર્થના 'એશીઆ' ખંડમાંથી લાવ્યા હતા તે 'આકાશનાં બાપની' પુંજા હતી. તેઓનો સુરજનો દેવતો 'એપોલો બેલેરેફ્રોન્તીસ' હતો કે જેની પુંજા 'કોરીન્થ' માં થતી હતી; તે પોતાના વાદલાઇ ઘોડામાંથી નીચે આવે છે, અને જે જાડા વાંદલાંઓથી સુરજ ઢંકાઇ ગયો છે તેને પોતાના કીરણોના તેજથી ભાંજી નાંખે છે અને અંધારાના દેવતા 'બેલીરીઅસ' ઉપર ફાવે છે. યુનાનીઓના વીચાર

પ્રમાણે પૂર્વ (સુરજ ઊગવાની જગા) લાઇશીઅસ અથવા સૂર્ય-દેવતાની રોશણીની જગા હતી. એપોલોની પુંજા કરવાની જગ્યા (આલટર) 'ડેલ્ફી' શેહેરમાં છે; તેના બીજા આલટરો 'થીબ્સ,' 'દેલોસ' અને 'માઇલેતસ' શેહેરમાં હતાં. તેઓ એવું માનતા હતા કે સુરજ જે ખેતરોને રોશણી આપતો હતો તે એક ઇશ્વરી દેવતાની અસરથી હતી. તેઓએ સુરજને માણસનો આકાર અને ચાલ ચલગત આપી હતી. 'એપોલો' બોલનો અર્થ નાશ કરનાર અને દુ:ખોનો ટાલનાર છે. 'એપેલોન' એ અસલ દોરીક અને રોમન નામ છે. 'ફીબસ'ના નામથી પણ સુરજની રોશણીના દેવતા તરીકે તેની પુંજા થતી હતી. તે શીઆળામાં ગુમ થઇ જતો હતો, અને ઉન્હાળામાં પાછો ફરતો હતો. તેના માનમાં દર વરસે તેહેવારો પાલવામાં આવતા હતા. તેના જનમ પછી 'દેલોસ' ની ઉન્હાળાની રોશણીમાંથી તેને હાંસોની રથમાં 'હાઇપરબોરીઅનસ' ના વારતારૂપી મુલકમાં લઇ જવામાં આવે છે કે જ્યાં તે શીઆળામાં રહે છે. 'એપોલો' સુરજ ઊપરનો એક જોરાવર દેવતો હતો. તે દુન્યા ઉપર શું થતું હતું તે જોતો હતો; તે ભવીશ્યનું (Oracles) કહેતો હતો. જેમ પક્ષીઓ સવારના સુરજને ગાયનથી મુબારકબાદી આપે છે તેમજ 'એપોલો' 'ગાયણનો દેવતો' હતો, અને વલી તે પોતાના ગાય બલદ અને ઢોરોના ટોળાં રાખતો હતો. જ્યારે 'એપોલો' દુન્યામાં દેશનીકાળ થતો હતો ત્યારે તે ભરવાડનો ધંધો કરતો હતો. તેની જન્મભુમી લીશીઆ દેશમાંનું 'ઝેનથસ' શેહેર અથવા બીજાઓના વીચાર પ્રમાણે 'દેલોસ' શેહેર છે. લીશીઆમાં અસલના વખતમાં સુરજની પુંજા થતી હતી, અને ખુદ 'લીશીઆ' નામ સુરજ દેવતાના મુખ્ય નામ (Avkelos) સાથે સંબંધ ધરાવે છે, અને લેટીનમાં Luc-s=lux સાથે સંબંધ ધરાવે છે. લીશીઆ દેશમાંનો બીજો સૂર્ય-રૂપી દેવતો 'બેલેરોફોન્ત' હતો. એપોલો 'દેલોસ' શેહેરમાં 'જ્યુપીતર' (ઝીઉસ) અને 'લેટોસ'ના સંબંધથી જન્મયો હતો, અને તરતજ આખા ટાપુમાં સુનેરી રોશણી પ્રગટ થઇ હતી. પવીત્ર હાંસો ટાપુની આસપાસ સાત વખત ફરયાં હતાં. 'એપોલે'નો જન્મ દીવસ મે મહીનાની સાતમી તારીખ હતી; દરેક મહીનાની સાતમી તારીખ તથા સાતમો આંકડો એપોલોની પવીત્ર ચીજો હતી. તેણે પેહેલાં હાથમાં કમાન પકડી, અને ભવીશ્ય કહેવાની આગાહી આપી; તેના બાલ બાંધવાને જ્યુપીતરે તેને 'મીત્ર' આપી અને એક તંબુરો તથા હાંસોની રથ આપી. તેણે તીરથી સાંપરૂપી-રાક્ષસ 'પાઇથોન' જે જમીનને ખરાબ કરતો હતો તેને મારી નાખ્યો. તેણે એક વર્ણના વેપારીઓને ધર્મગુરૂઓ બનાવ્યા. તે સુરજની મુસાફરીનો દેવતો હતો અને તેણે 'દેલ્ફીનીઓસ'નો એલકાબ ધારણ કર્યો હતો. રોહાદસના ટાપુમાં 'એપોલો'ને બદલે 'હેલીઓસ' ની પુંજા થતી હતી. તે ગાયણનો મુખ્ય દેવતો હતો; તે પશ્ચાતાપ કરનારાઓનો દેવતો તથા કુદરતનું સૌથી ચાલાક મુલતત્વ હતું. તેનો મુખ્ય તેહેવાર 'કારનીઆ' દર વરસે આગસ્ટ મહીનામાં 'સ્પારતા' (Sparta) શેહેરમાં પાલવામાં આવતો હતો. એથન્સમાં પણ મે અને જુલાઇ મહીનામાં તેહેવારો પલાતા હતા. દેલ્ફી શેહેરમાં સુરજના માનમાં ઉન્હાળા અને શીઆળામાં તેહેવારો પલાતા હતા.

થાબ્સમાં સુરજના તેહેવારને દહાડે તેનો આકાર લઇ જવામાં આવતો હતો. તેને દાએના (આરતેમીસ) ચંદ્ર દેવી સાથે જોડવામાં આવ્યો છે. 'એપોલો' કુદરત ઊપરની અસરનો દેવતો હતો અને 'હેલીઓસ' તેના ચક્રને ચલાવતો હતો. તેની નીશાનીઓ કમાન, તંબુરો, ત્રણ પગનું તુલ (Tripod), 'લોરલ' નામનું ઝહાડ. તારનું ઝહાડ, વરૂ, હરણ અને જંગલી કાગડો છે. તેને એવી રીતે પાડવામાં આવ્યો છે કે તે મરદાઈ અને જુવાની એક બતાવે છે.

તેને લાંબા બાલ સાથે કેટલાંએક ચીત્રોમાં પાડવામાં આવ્યો છે. 'એપોલોબેલવીદીઅર' નામનું 'એપોલો'નું પથ્થરનું પુતલું 'આનશીઅમ' (કાપોદીઆનઝો) નામની રોમન શેહેનશાહોની પ્યારી જગા ઉપરથી મલી આવ્યું હતું. વલી રોમમાં એક સંગેમરમરનું માથું જણાયું છે જેની અસલ નકલ કાંસાની હશે અને તેપણ 'એપોલો'નુંજ હતું. એપોલો ઊપરથી પુશકળ નામો પડયાં છે જેવાં કે 'એપોલોદ્રસ', 'એપોલોનીઅસ' ઇત્યાદી. 'યુદોકસુસ' નામના યુનાની ખગોળ વીદ્વાનનો એવો વીચાર હતો કે સુરજના ત્રણ ગોળાકાર આકારો છે, એક રોજનું દુન્યાની આસપાસનું ફરવું, બીજું વરસની અને મહીનાની ગતી અને ત્રીજું તરેહવાર ચાલ ચલણો. 'એરીસતારચુસ'નું મત એવું હતું કે ચંદ્ર આફતાબમાંથી રોશણી મેલવતો હતો, અને દુન્યાથી સુરજનો તફાવત ચંદ્રના કરતાં ૧૮ અથવા ૧૯ ઘણો વધારે હતો. 'હીપારચુસ' એવું વીચારતો હતો કે સુરજ ૧૮૭ દહાડાસુધી ઇકવેતર અને ઉત્તર ધ્રુવની વચમાં રહેતો હતો અને બીજા ભાગમાં ૧૭૮ દહાડા સુધી રહેતો હતો, અને તેથી દુન્યા સુરજની 'ઓરબીત'ની બરાબર વચમાં નહી હતી. એપોલો આકાશી આતશ ઉપર રાજ કરતો હતો; પ્રોમીથીઅસ દેવતાએ આતશને સુરજની રથમાં પેહેલવેહેલાં સલગાવ્યો હતો. યુનાનીઓની દંતકથામાં એવું લખાયલું છે કે ચલકતી શકતી અથવા સુરજ (હેલીઓસ) બલતી શકતી (સં૦ अहन) અથવા સહવારની પછી પ્રકાશે છે. 'હેલીઓસ' એપોલો સાથે બદલાઇ ગયો અને 'અહન' શબ્દ 'દીફ્‌ની'માં બદલાઇ ગયો; એ ઉપરથી યુનાનીઓએ એવી અટકલ કાધી કે એપોલો એક ખુબસુરત દેવતા તરીકે 'દાફ્‌ની' અથવા એક જુવાન દેવીની પુઠે જાય છે. તે દેવી એક ઝાહાડમાં બદલાઇ જાય છે કે જે ઝાહાડનું લાકડું ત્યારપછી ભસમ થાયછે. જો કે આપણે સુરજને પચાસ નામોથી ઓળખીએ કે જેઓમાં જુદી જુદી ખાશીઅતો હોય, તોપણ એ નામો બીજી ચીઝોને પણ લાગુ પડે એજ વીચાર ઉપરથી બ્રાઝીલીઅનો અને ઓસ્ટ્રેલીઅનો સુરજ ઉપરથી નીકલેલાં નામોને જીવતાં માણુસો અને ઓરતો તરીકે સહમજતા હતા. હાલમાં થોડુંક ઉપર એક નવી વીદ્યા ઉભી થઇ છે જે 'કમપેરેતીવ માઇથોલોજી'ને નામે ઓળખાય છે, અને જેનો મુલતત્વ એ છે કે દરેક દેશની દંતકથાઓ કુદરતના દેખાવો બતાવે છે, કે જે કહેવાને આપણુને ઘણા કારણો પણ છે. દરેક જાતની દંતકથાઓમાં કાંઇને કાંઇ મલતું આવે છે, અને કદી એમ તો નહીં બને કે એક પ્રજાએ બીજીમાંથી ઊછીકું લીધું હોએ. બીજું એક ગ્રીક અને લેટીન ભાષામાં જે બોલો જુદી જુદી જાતોને

વાસ્તે વપડાયલા છે, અને જેનો અર્થ હાલ સુધી સહમજ પડતો નહીં હતો, તે સંસકૃતમાં વપડાયલા દવ, સુરજ અને સહવારના વીશેષણો છે. અસલના વખતમાં લોકો ખગોળ વીદયા હાલના જેટલી જાણતા નહીં હતા, અને સુરજને માણુસના જેવી જીંદગી બખ્શી હતી. યુનાની દંતકથા પ્રમાણે સહવારના પોહરની કુમારીકા સુરજના હાથમાંથી દહાડાની શરૂઆતમાં જતી રહેતી હતી, અને સાંહઝના સુરજની આશાએસ વખતે તેને પટાવતી હતી. એજ વીચાર હીબ્રુ ગાયણનો પણ હતો. તે એ છે કે સુરજ પોતાના ઓરડામાંથી એક પરણુતા શખશની માફક આવે છે અને આખો દહાડો એક રાખશની માફક પોતાની ગતીમાં ચાલે છે અને આકાશના છેડાથી તે બીજા છેડા સુધી બધે ગરમી આપતો રહે છે. જેમ જેમ જમાનાઓ પસાર થતા ચાલ્યા તેમ તેમ જુના નામો અને કલામોનો અર્થ વીસરાવા લાગો, અને ઘણીખરી વારતાઓ ઢંગ ધરા વગરની રેહી ગઇ. તેનો એક દાખલો આપણે જોઇએ. "એક પૂર્વ તરફના રાજા 'ઇદીપસે' પોતાના છેકરાને મારી નાખ્યો, અને વલી તેને રાંધ્યો." તેનો અર્થ એ છે કે પૂર્વ તરફના રાજા સુરજે તંગીના વખતમાં પોતાની મોહોરદાર પૃથ્વીના છોકરાં ફલોને કરમાવી નાખ્યાં. કેટલીએક દંતકથાઓમાં એવું લખ્યું છે કે 'સહવાર' સુરજની મોહોરદાર છે, અને ઝહઝકલું જે સુરજના જન્મની અગાઉ પેદા થાય છે તે સૂર્યની માતા થાય છે. સુરજ સાંહજના તેજ ઝાંહાખી રોશણીની સાથે જોડાયલો છે. ઉપલા ઊપરથી યુનાનીઓએ એવી વાર્ત્તા શોધી કહાઢી કે 'ઇદીપસ' પોતાની માતા 'આયોકાસ્તે'ની સાથે પરણ્યો હતો. હાલના યુનાનીઓ જો કે એપોલો અને જ્યુપીતરની પુંજા કરતા નથી, તોપણ હીંદુઓ 'સૂર્ય,' 'ઊશસ,' 'બ્રાહમ,' ઇત્યાદીની પુંજા કરે છે. દીનચુસ્ત હીંદુઓ સૂર્ય નારાયણની પુંજા કર્યા વગર પોતાનું ભોજન લેતા નથી. યુનાનીઓના પેહેલવાન 'હરક્યુલીસે' 'એપોલો' સાથે મારામારી કરી હતી, અને ઝીઉસે વચમાં પડી લડાઇનો અંત આણ્યો હતો. કેટલાક વિદ્વાનો કહે છે કે હરક્યુલીસ એક સૂર્ય-દેવતો હતો, કારણકે તે 'સાઇપ્રસ' અને 'થેસોસ'માં 'મકર' તરીકે ઓળખવામાં આવ્યો હતો, જે શબ્દ તીરીઅન 'મેલકારથ' સાથે સંબધ ધરાવે છે. તેનું ત્રીજું પરાક્રમ શીંગડાવાલા સાબરને અથવા ચંદ્રને પકડવાનું હતું. બારમું પરાક્રમ એ હતું કે તે 'સરબીરસ'ને હાદીસમાંથી ઉપરની દુન્યામાં લઇ ગયો અથવા એક સૂર્ય-ગ્રહણ થયું. તેના એલકાબો 'બીમારીમાં માણસોને મદદગાર' 'ઘણો ફત્તેહમંદ' અને 'ગીતની દેવીઓનો સરદાર' છે. એપોલોને લગતી કવીતા (Hymn) 'દેલફીક' પુંજાની શરૂઆત અને વધારો બતાવે છે. એપોલોને લગતી કવીતા (Hymns) સુરજ, ચંદ્ર ઇત્યાદીના માનમાં રચાયલીછે. અસલના વખતમાં સુરજ દુન્યાની આસપાસ ફરે છે એવું લોકો ધારતા હતા, અને તે એક મુખ્ય ગ્રહ તરીકે ગણવામાં આવતો હતો. ગાયણના વચમાના રાગને સુરજ સાથે સરખાવવામાં આવતો હતો. યુનાનીઓમાં 'ફીબસ' સૂર્ય-દેવતા તરીકે પણ ગણાતો હતો, અને 'એપોલો'ને 'ફીબસ' અથવા સૂર્ય-દેવતાનું નામ આપવામાં આવ્યું છે. એપોલોએ સુરજની રથ હાંકી કહાઢી હતી. તેની બેનનું નામ 'ફીબી' અથવા ચંદ્ર હતું. યુનાની દંતકથા પ્રમાણે 'ઓરોરા'ના

ઘોડાઓ 'એબ્રાક્સ અને ફેઇતોન' હતા. 'હેરીસ' નામનો યુનાની પોતાની 'હરમીસ' નામની કેતાબમાં લખેછે કે સઘલી જાતો સુરજને નર જાતી અને ચંદ્રને નારી જાતીમાં ગણેછે. 'રોહોદસ' (Rhodes) શેહેરને કવીતામાં સુરજનું શેહેર કહેવામાં આવ્યું છે, કારણકે સુરજ તે શેહેરનો રક્ષણ કરનારો દેવતો હતો. રોહોદસનું મોહટું રાક્ષસી પુતલું સુરજને અર્પણ કરવામાં આવ્યું હતું.

ખ્રીસ્તીઓ.

એ લોકોમાં સુરજની દંતકથા મુદલ નથી. સુરજને એઓએ હોરમઝદની પેદાએશોમાંનો એક ગણ્યોછે. કેટલીએકવાર 'જીસસ' (Jesus) ને સુરજ સાથ સરખાવવામાં આવ્યોછે; તે માણુસોને અંધારા રસ્તામાંથી ચલકતા રસ્તા તરફ લાવે છે. ખ્રીસ્તીઓનો 'સેબાથ-ડે' અથવા અઠવાડીઆનો જાહેર દહાડો આતવાર (આદીત-વાર=સૂર્યવાર) અથવા Sun-day છે. જીસસનું જીવતું થવું આએ દહાડે તેના કરૂસ થવા પછી થયું હતું. જ્યારે ખ્રીસ્તીઓ જેરૂસલમ (Jerusalem) શીવાય બીજી જગા ઊપર જવા લાગા ત્યારે અઠવાડીઆના સાત દહાડામાંનો પેહેલો દહાડો અથવા આદીતવાર તેઓએ ધર્મને વાસ્તે જુદો કહાઢયો હતો. Acts XX. 7 માં લખ્યું છે કે 'ત્રોઆસ'ના ચેલાઓ આએ દહાડે ધર્મના કામને માટે તથા રોટલી ભાંજવાને માટે મલતા હતા. નીચલા લખાણોમાં આતવારનો દહાડો પવીત્ર ગણવામાં આવ્યોછે:— 1 cor. XVI. 2, Apostles chap. 14, Egnatius C. 9, Esubis. આએ દહાડાનું નામ મુર્ત્તીપુજક વખતનું છે (Sabbath Vol. 16 p. 126) કે જે દહાડે અસલી રોમનો ભણવાને માટે એકઠા થતા હતા. ઇશ્વરે આતવારને દહાડે દુન્યા પેહેલવેહેલી બનાવી હતી. કોનસનતાઇનના વખતમાં (321 A. D.) પેહેલવેહેલા આતવારને દહાડે અદાલતો, કારખાનાઓ ઇત્યાદી બંધ રહ્યાં હતાં અને ઇગ્લાંડમાં સાતમી સદીની શરૂઆતમાં આતવારને દહાડે સઘલું જાહેરકામ બંધ રહ્યું હતું. છઠ્ઠા એડવરદ અને મેરીએ પારલામેંટમાં એવો ધારો કહાઢયો હતો કે આદીતવારને દીવસે વેપાર, નાટકો, જાહેર રમત ગમત, પારલામેંટ, તથા વેચાણના લખતો બંધ રાખવા અને એ દહાડે જાહેર બંદગી કરવી. ખ્રીસ્તીઓમાં 'સન-ડે' નામ આદીતવારને આપવામાં આવ્યું છે તે ધર્મની મકસદથી નહી, પણ ફકત અસલી રોમન મુર્ત્તીપુજકોના વીચાર પ્રમાણે છે. હીંદુઓના આદીત-વારનો અર્થ પણ સુરજને અર્પણ થયલો દહાડો થાય છે. જો કે અસલના ખ્રીસ્તીઓ સુરજની પુંજા કરતા નહી હતા, તોપણ તેઓના અસલ ખંડીએરોમાં સુરજનો આકાર આપણુને મલે છે. 'મારતીગની' નામનો લખનાર કહે છે કે અસલની પથરની ઘોરોના કાટખુણાઓમાં જે વીચીત્ર મોહઢાંઓ પાડેલાં છે તે સુરજ અને ચંદ્રના છે. સુરજ અને ચંદ્ર ઉપલા કોતરકામો પ્રમાણે રૂતુઓ અને જીંદગી માપે છે. આવા મોહઢાંઓ રોમ શેહેરના "સેંટ-લોરેનઝો-ફાઊસ-લે-મુરાની" ઘોર ઉપર મલી આવે છે સુરજને વેતીકન ઘોર ઉપર ગોળ કીરણો સાથે પાડવામાં આવ્યો છે. 'સાનતે-બારતોલી' શેહેરમાંથી મલી આવેલા એક દીવા ઉપર સુરજ અને ચંદ્રને સારા ભરવાડો સાથે પાડવામાં આવ્યા છે, જે ચોગ્ગો વખત અને

હમેશગી બતાવે છે. 'ફ્લોરેન્સ' શેહેરના 'લોરેનશીઅન' હસ્ત લેખોમાં તથા સેકસન અને આઇરીશ હસ્ત લેખોમાં સુરજ આપણને મલી આવે છે. સેંટપોલના દરવાજા ઉપર સુરજને એક ફરેસ્તા તરીકે પાડેલો છે, તથા જેશુઆના હસ્ત લેખોમાં સુરજને આઠ કીરણોવાલો સેતારો ચીતારયો છે, અને રોમ શેહેરમાં પાંચમી સદીમાં સુરજને આઠ કીરણોવાલો ગણવામા આવતો હતો, તથા કેટલીએકવાર સુરજને તારાઓના તાજ સાથે પાડવામાં આવતો હતો. 'રેમઓન' 'વેલેતરી' અને પેહેલા સેંટ જુલીઅસની દીવાલ ઉપર સુરજને ચીતારવામાં આવ્યો છે. ખ્રીસ્તીઓના મોહટા તેહેવારો આદીતવારને દહાડે પડે છે તથા એ દહાડે તેઓનો દોઝખમાંથી છુટકારો પણ થશે.

ચીનાઓ.

'ચીન' અને 'પીરૂ' દેશમાં શેહેનશાહ 'લોકોના પીતા'નો એલકાબ ધારણ કરે છે, તથા પોતાને 'સુરજના છોકરાની' માફક આકાશમાંથી ઉતરી આવેલો સહમજે છે. ચીનાઓ ખરેખર આકાશ મંડળની પુજા કરતા હતા, તેની નીશાનીઓ એ છે કે પેકીનમાં ધર્મની જગાઓ આકાશને, ઊત્તર સેતારાને, ચંદ્રને તથા પૃથ્વીને અર્પણ કરવામાં આવી છે. ચીનાઓ ઉત્તરાયણને (Summer-solstice) દહાડે મોહટો તેહેવાર પાલે છે અને 'પીરૂ' દેશમાં પણ એજ ચાલ છે. ૨૧ મી ડીસેમબરે જ્યારે દહાડો ઘણોજ ટુંકો થાય છે ત્યારે ચીનાઓ સુરજ ઉગવાની અગાઉ તેની એક મોહોટી પ્રાર્થના કરે છે. ચીનાઓ અસલની બીજી પ્રજાઓની માફક સુરજની પુજા કરતા હતા એવું તવારીખ ઊપરથી પણ સીદ્ધ થાય છે. ચીનાઓમાં ખ્રીસ્તીઓથી ઉલટું ડહાબી બાજુ માન અકરામની બાજુ ગણાય છે; તેનું કારણ એ છે કે ચીનમાં દરેક ઘેર, રાજાની કચેરી તથા હોકાયંત્ર દક્ષીણ તરફ આવેલાં છે, અને તેથી દક્ષીણ કે જે પૂર્વ દીશા અથવા સુરજના ઊગવાની દીશાની ઘણી નજદીક છે તે એક માનની બાજુ તરીકે પૂર્વની ડહાબી દીશા તરીકે ગણાય છે.

આકેડીઅનો.

તેઓ પેહેલાં દરેક ચીઝમાં એક સારો અથવા ખરાબ આત્મા છે એમ સહમજતા હતા, અને ત્યારપછી સૂર્ય-દેવતાને જુદા જુદા આકારમાં એ લોકો પુજવા લાગા, અને તેઓની દંતકથા ઘણી ખરી સૂર્યને લગતી હતી. ચાર મુખ્ય દેવતાઓની પછી સુરજ, ચંદ્ર અને હવાના દેવતાઓની પદવી હતી. સૂર્ય-દેવતાના એક આકાર 'મેરાદાક' ને 'જ્યુપીટર' સાથે સરખાવવામાં આવે છે.

ઈત્રસકનો.

એ લોકોએ યુનાની દંતકથા પોતામાં દાખલ કરી હતી. અને તેઓ એપોલો, હેલીઓસ (સુરજ) ઇત્યાદી દેવતાઓની પુજા કરતા હતા.

ઓસ્ત્રેલીઅનો.

વીકટોરીયા મુલકના પશ્ચીમ તરફની હદનાં ઓસ્ત્રેલીઅનો કહે છે કે સારા બુઢા શખશ 'પુનદીલે' સુરજનું બારણું ઊઘાડયું અને તરતજ સુરજની રોશણી જમીન ઊપર પંથરાઈ ગઇ. બુઢા પુનદીલની છોકરીએ દુન્આને સાંપોથી ભરેલી જોઇ તેઓનો નાશ કરવાને યત્ન કર્યો.

ફીનીશ લોકો.

તેઓની કવીતામાં એવું જણાવ્યું છે કે સુરજનો છોકરો આતશ આકાશમાંથી આવ્યો કે જ્યાં તે એક મોહોટા સુનાના વાસણમાંના નાહના ત્રાંબાના પીપમાં હતો. અવસ્તામાં આતશને હોરમઝદના છોકરા તરીકે ગણવામાં આવ્યો છે.

આઝતેકો.

તેઓ એવું માનતા હતા કે આખી જગત, તથા સુરજ, ચંદ્ર અને સેતારાઓને એક ઘડીયાલ માફક ગોઠવવામાં આવ્યાં છે.

ફીનીશીઅનો.

તેઓ સુરજની પુજા કરતા હતા તે એ ઉપરથી માલમ પડે છે કે 'હેનીબાલે' 'મેસીડોનના ફીલીપ' ને સુરજના સોગંદ આપ્યા હતા. ફીનીશીઅન દંતકથાનો મુલપાયો સુરજની પ્રાર્થના ઉપર છે. તેઓના વીચાર પ્રમાણે સુરજની ઓરત ચંદ્ર તથા પૃથ્વી છે. ફીનીશીઅન શેહેરોમાં 'ન્યુમેન પેટરીયમ' એક સૂર્ય-દેવતાનો આકાર હતો, અથવા તો સૂર્ય-દેવતાની ઓરતનું નામ હતું: ઉપલું બતાવે છે એ લોકો સુરજને ઘણું માન આપતા હતા. તીરીઅન સૂર્ય-દેવતા 'મેલ કારથ'ની માતાનું નામ 'એસતારત' હતું, અને સૂર્ય-દેવતા 'મેલ કારથ'નું આખું નામ 'તાયરનો બાલ અમારો હાકમ મેલકારથ, હતું. સુરજની દર રોજની ચાલુ ગતી ઉપરથી તેને એક દેવતા તરીકે ગણવામાં આવતો હતો, જે દુન્યામાં કામ કરે છે અને હમેશ સહવારના પોતાનો દેખાવ દે છે. તે શેહેરમાંથી મરકી દુર કરે છે અને સઘલે સલ્લાહ સંપજ રાખે છે. તે દુન્યાને ફલવંત કરતો હતો, અને તેથી ફીનીશીઅનો તેની એક વીશ્વી કુદરતી દેવતા તરીકે પુજા કરતા હતા, જેનું મુખ્ય લક્ષણ એ હતું કે માણસો અને ઓરતો પોતાના પોશાકો અદલબદલ કરતાં હતા. તાયર શેહેરમાંનો મુખ્ય ઓચ્છવ 'પેરીતીઅસ' (ફેબ્રુઆરી અથવા માર્ચ) મહીનામાં 'હીરેકલીસ'નું ઉઠવું હતું, અને એ તેહેવાર સુરજને લગતો હતો કે જયારે તે વસંતરૂતુમાં પાછો આવતો હતો. એ તેહેવારની નોધ

બાઇબલમાં પણ જોવામાં આવે છે (1 Kings XVIII, 27). તેઓના વીચાર પ્રમાણે ' બાલ-મેલકારથ ' એક કોશેશ કરતો અને ફતેહમંદ દેવતો હતો જે સુરજને ' પેરીજી' (perigee)અને ' એપોજી' (Apogee) માંથી બહાર લાવતો હતો, અને વલી સુરજને પુર તેજમાં ચલકવા દેતો હતો, અને તેને અતીશય ઠંડી અને ગરમીમાંથી ફાયદાકારક કામ કરવા બાહાર લાવતો હતો. તેઓના વીચાર પ્રમાણે સારા સૂર્ય-દેવતાએ બુરા સૂર્ય દેવતા ઉપર ફત્તેહ મેલવી હતી. સારો સૂર્ય-દેવતા લોકોને આશીર્વાદ તથા સૂખ આપતો હતો, જયારે બુરો સૂર્ય-દેવતા સૂર્યની અતીશય ગરમીનો અલંકારીક રીતે દેવતા હતો. ફીનીશીઅન લેખોમાં સુરજને ' બાલચામન ' તરીકે ઓલખવામાં આવ્યો છે. ' તાઅર ' શેહેરમાં ' હીરમ 'નું ' બાલ 'ના માનમાં બાંધેલું એક દેહેરું છે ; સઘલા ફીનીશીઅનોના મુલકમાં તેની પુજા થતી હતી. ' બાલ ' દેવતા ઉપરથી કેટલાએક પેહેલવાનોના નામ પડયાં છે જેવાકે હેનીબાલ, આસ્દરૂબાલ, ઇતયાદી. ' મારસેલ્સ ' શેહેરમાં મલી આવતી એક તકતી ઊપરથી જણાએ છે કે ધર્મગુરૂઓ તેના ભોગની વખતે પૈસા લેતા હતા. બાઇબલના Jeremiah, XIX, 5 અને Jeremiah XXXII, 35માં ' મોલોક'ને ' બાલ' કહેવામાં આવ્યો છે, અને તેનો અર્થ નાશકારક ગરમી છે. ' ઓલ્ડ તેસતેમેંત' (Old Testament)માં ' બાલ'ને ' અશીરા' અને ' એશતોરેથ' સાથે મુકવામાં આવ્યો છે. કેટલાએકોના વીચાર પ્રમાણે બાલ અથવા સૂર્ય-દેવતા ફલફલાદીનો હાકમ હોવાથી તેને ઘણી બદીનો મુરબ્બી ગણવામાં આવ્યો છે, એવું બાલ-પીઓર (Num. XXV)ની પુજા ઉપરથી માલમ પડે છે. તેની પુજા કેનાનીશ જગાઓમાં થતી હતી કે જયાં ' બાલ 'ને એક માણસાઇ તત્વ તરીકે વેશીઆ દેવી ' અશીર ' અથવા કુદરતની નારી-તત્વ સાથે પુજવામાં આવે છે.

બુશમાનો.

તેઓ એવું વીચારતા હતા કે સુરજ એક પુરૂષ હતો જે પોતાની બગલમાંથી રોશણી બહાર કહાડતો હતો.

રાતા શખશો (રેડ મેન.) (Red Men of America).

તેઓ એવું વીચારતા હતા કે સુરજ અને ચંદ્રનો દેખાવ તેઓની વાલેલી કમાનોથી બન્યો હતો.

દુન્યાની બાકી રહેલી પ્રજાઓ.

નીઉઝીલેંડ અને ઉત્તર અમેરીકાના અસલી રહેવાસીઓના વીચાર પ્રમાણે સુરજ એક જનાવર છે કે જેને સાહશીક પુરૂષોએ છટકામાં પકડયો હતો, અને માર્યો હતો કે જેના લોહીમાંથી દવા બને છે. ઊપલોજ વીચાર વરજીલની ઇનીઅદ નામની કેતાબમાં જણાવ્યો છે. ' વરજીલ ' કવી ' એસક્યુલેપીઅસ,' અથવા દવાના દેવતાને તથા ' સરસ ' દેવીને

સુરજના છોકરા તરીકે જણાવે છે. સુરજ સર્વેથી સરસ દવા કરનાર છે અને ત્યાર પછી બીજા દેવતાઓ આવે છે. 'વરજીલ' કવી નીચે પ્રમાણે લખે છે :—

> Jove with his thunder hurled Apollo's son
> The great physician to the shades below.

અને બીજી લીટી નીચે પ્રમાણે છે :—

> And now near the shelves of Circe's shore they run
> Circe the rich, the daughter of the sun.
> Virgil Enlid VII, 772 & 11.

આનડામન ટાપુઓના અસલી રહેવાસીઓના વીચાર પ્રમાણે સુરજ ચંદ્રની ઓરત છે, અને ચંદ્રની સફેદ રોશણીનું કારણ એ છે કે તે પોતાને ઉજળી મટોડીથી ખરડે છે. હીંદુસ્થાનની સૌથી પુરાણી જાતોના મત પ્રમાંણે ચંદ્ર સુરજની બાયડી છે; તેણી બેવફા થઈ, અને સુરજે તેણીના બે કટકા કીધાં, તોપણ કોઈવાર સુરજ તેને પુર તેજમાં પ્રકાશવા દે છે.

મેનદીયનો.

એઓની દંતકથા પ્રમાણે રોશણીનો રાજા અથવા સુરજ છેક ઉત્તરમાં જોર અને કીર્ત્તી સાથે રહે છે. રોશણીની દુન્યાનું વર્ણન મેનીકીઅનોના રોશણીના બેહેશતને મલતું આવે છે. મેનદીઅનોના વીચાર પ્રમાણે સુરજ દુનીઆમાં પોતાને પાંચ ચીજોથી દેખાડે છે. (૧) સૌથી ઊંચી અને સ્વચ્છ રોશણી; (૨) નરમ પવન; (૩) અવાજોનુ મધુરપણું; (૪) ઇઅનશો (æons)નો અવાજ (૫) તેઓની ખુબ સુરત. એઓના વીચાર પ્રમાણે સુરજ દુન્યા ઉપર પેહેલાં રાજ ચલાવતો હતો. તેઓ નવા વરસ તથા વસંતરૂતુનો તેહેવાર પાલતા હતા. તેઓ સુરજની ગતી પ્રમાણેનું વરસ ગણુતા હતા, અને આઠમા તથા નવમા મહીનામાં પાંચ દહાડા ઊમેરીને વરસના ૩૬૫ દહાડા ગણુતા હતા.

માનીકીયનો.

'માની' પેગમબરના ચેલાઓ ઝંદ અવસ્તાના અંધરમેનીઉશ અને સ્પેન્તમેનીઉશની માફક બે શક્તીઓમાં માનતા હતા. એક અંધારાની અને બીજી રોશણીની: રોશણી સારી અસલી શક્તી તરીકે આપણુને જણાય છે. રોશણીની જમીન નીચલી પાંચ ચીઝો ધરાવે છે (૧) નરમ થંડી લેહેર (૨) ઠંડો પવન (૩) ચલકતી રોશણી (૪) તેજમારતો આતશ અને (૫) સ્વચ્છ પાણી. રોશણીના પેદા કરનારે માણસને ઉપલી પાંચ શક્તીઓ આપીને પેદા કીધું હતું તથા સેતાનની સાહમણે લડવા મોકલ્યું હતું. સુરજ કુદરતી રીતે સ્વચ્છ અને રોશણીનો મોહટો કોઠાર છે કે જેમાં રોશણી અસલના જમાનાથી ભરી રાખવામાં આવી છે. સુરજમાં પેહેલું

માણસ તથા ફતેહમંદ શક્તીઓ જેઓ તારણનું કામ કરે છે તેઓ રહે છે. મેનીકીઅનો સુરજ અથવા ઉત્તર જે રોશણીનું મુલ હતું તે દીશા તરફ ફરીને દહાડામાં ચારવાર ભણતા હતા.

મેકસીકનો.

એ દેશના અસલી રહેવાસીઓ સુરજ તથા ચંદ્રની પુજા કરતા હતા; તેઓ સુરજને 'તોનાનીઉહ'ના નામથી એક કુદરતના દેવતા તરીકે ઓળખતા હતા. સુરજને અર્પણ થયલા દેહેડાઓ હજુ સુધી પણ 'તીઓતીહુઆકન' શેહેરમાના મેહટા મીનારાઓ (પીરેમીડો)ના ખંડીએરો ઉપરથી જણાય છે, કે જે મીનારાઓની ચારે બાજુઓ પૂર્વ તરફ ઢલેલી છે એ ઉપરથી એવું જણાએ છે કે ત્યાંના અસલી રહેવાસીઓ સુરજની પુજાની ઘણી અગત સહમજતા હતા. એ દેશના દેહેડાંઓને 'તીઓકાલી' અથવા ખોદાનું ઘેર ગણતા હતા; તેઓ પુજા કરતા હતા, ભોગ આપતા હતા, સરઘસ ફેરવતા હતા, નાચતા હતા, ગાતા હતા અને અપવાસ પાલતા હતા. તેઓ વારંવાર મકાઈ, ભાજીપાલો, સસલાં તથા માણસોનો ભોગ આપતા હતા. તેઓના જોશીનું નામ 'તોનાલપાઉહ કવી' અથવા સુરજ ઉપરથી ગણત્રી કરનાર હતું, જે છોકરાંઓનો ટપકો કરતો તથા નામ પણ પાડતો હતો: એઓના વીચાર પ્રમાણે સુરજ અથવા ચંદ્ર એ માણસ અથવા માણસરૂપી દેવતા હતા જેઓને બાલી મુકવામાં આવ્યા હતા.

હોતેનતોટ્સ.

એઓ સહવારની પુજા કરતા હતા, અને એઓના મોહટા દેવનું નામ 'ત્સુઈ-ગોઆવ' અથવા રાતી સહવાર તી. 'આહત' લોકો પણ સુરજ અને ચંદ્રની પુજા કરતા હતા.

બલગેરીઅનો.

એઓની 'સુરજની બાયડી' એવે નામની કવીતામાં સુરજ અને ચંદ્રને જીવતા માણસ તરીકે ગણવામાં આવ્યાં છે.

માઓરીસ.

નીઊઝીલેંડના 'માઉરી' લોકોમાં 'માઉઈ' એક મુખ્ય દેવતો છે કે જેણે સુરજ અને ચંદ્રને તેઓની લાયક ગતીમાં બેસાડ્યા છે. તેણે સુરજને એક સખત ફટકો લગાવ્યો હતો જેથી તે પાધરો ચાલે છે. કેટલાક વીદ્વાનો 'માઉઇ'ને સુરજ સાથે સરખાવે છે, પણ એવું હોયતો સુરજ પોતાને મારે નહીં.

ઝુલુઓ.

એઓ એવું ધારે છે કે જનાવરો સુરજ ગ્રહણ લાવે છે.

એસકવીમો. (Esquimeaux.)

સુરજ ચંદ્ર તરફ રાખ ફેંકે છે કે જેથી ચંદ્રનું મોહોડું ખરાબ થઈ ગયું છે. હાલની વીદયા પ્રમાણે ચંદ્ર રાખને બદલે સુરજમાથી રોશણી મેલવે છે.

ખાસીઆસ.

એઓ સુરજને એક ઓરત તરીકે ગણે છે જે ચંદ્ર (અથવા એક પુરૂષ)નું મોહોડું ખરડી નાખે છે.

સકેનડેનેવીઅનો.

એઓના અસલી વડવાઓના વીચાર પ્રમાણે સુરજ રથમાં દુનીઆની આસપાસ ફરે છે. 'એદામાંની સોલ,' 'મુનદીલ ફેરી'ની છોકરી અને 'માની'ની બહેન હતી. તેણી એટલી તો ખુબસુરત હતી કે મોહતની અગાઉ તેણીને બેહેશતમાં સુરજની ગાડી હાંકવાને નેમવામાં આવી હતી. બે ઘોડા તે ગાડીને જોડવામાં આવ્યા હતા, જેઓના નામો 'આરવાકુર' અને 'આલ્સવીથ' હતું, જે શબદોનો અર્થ 'જાગૃત' અને 'ઝહદપવાલો' થાય છે.

આઈરીશો.

અસલી આઈરીશોની દંતકથામાં પેહેલો દેવતો 'ઓગમા-ગ્રેઈનિઇનેક' હતો કે જેનું મોહડું સુરજના જેવું હતું, અને જે 'એલાદન' અથવા 'એલાથન' (જ્ઞાન) દેવતાનો છોકરો હતો; તેની બાયડીનું નામ 'આના' હતું, કે જેણી 'એદ' (આતશ) ની માતા હતી. આયરલંડ દેશના 'કીંગસ કાઊન્તી' (Kings County) નામના ભાગમાં સૌથી જુનું ખંડીએર 'સ્લીવઍમ' પાહાડોમાં સફેદ પથરાઓનો મીનારો (Pyramid) છે જેને 'સુરજનું દેહેડું' અથવા સફેદ સ્થંભ (Obelisk) કહે છે.

અસલી જરમનો.

તેઓ સુરજ ચંદ્ર તથા આતશની પુજા કરતા હતા એવું 'તેસીતમ' નામનો લખનાર કહે છે. સુરજની પુજા તેઓ કરતા હતા તે 'સન-ડે' (Sun-day) અથવા આદીતવાર ઉપરથી માલમ પડે છે. જરમન ભાષામાં "Morgenstunde hat Gold im Munde" નામની એક કહેવતછે કે જેનો અર્થ એ થાયછે કે 'સહવારનો કલાક પોતાના મોહઢામાં સોનું રાખે છે.' એ કહેવતની મુલ દંતકથા સહવારની રોશણીને સૂનેરી રોશણી તરીકે ગણે છે. ઉપલી લીટી અને નીચલી અંગ્રેજી લીટીઓને ઘણોજ અતલગનો સંબંધ છે.

Early to bed, and early to rise,
Makes a man healthy, wealthy and wise.

'ગ્રીમ' નામનો લખનાર જરમન દેવતા 'તીર'ને સૂર્ય-દેવતા સાથે સરખાવે છે કે જેને એકજ હાથ હતો; તેનો બીજો હાથ એક વરૂના મોહઢાંથી દગાથી કપાઈ ગયો હતો. જરમનોનો 'તીર' દેવતો એક મુખ્ય દેવતો હતો.

જાપાનીસો.

તેઓના વીચાર પ્રમાણે 'મીકાડો' અથવા શેહેનશાહ 'તેનશો-દાઇ-જીન' સૂર્ય-દેવીની પેઢીથી ઊતરી આવ્યો છે, અને તે તેણીનો પ્રતીનીધી છે. જાપાન, આરજેનતાઇન રીપબ્લીક, અને બોલીવીઆ દેશોના વાવટાઓમાં સુરજને વચમાં પાડવામાં આવ્યો છે.

'આઇસે' શેહેરમાંનું 'તેન-શોકો-દાઇગીન' નામનું દેહડું સૂર્ય-દેવીને અર્પણ થયલું છે, કે જે દેવી ઉપરથી 'મીકાડો' અથવા જાપાનનો રાજા પોતાની નસલ ધરાવે છે. દર વરસે છઠ્ઠા અને બારમા મહીનામાં જાપાનીસો સૂર્યના માનમાં જાત્રાઓ ભરતા હતા, કે જે વખતે તેઓ સૂર્ય-દેવીના નામ સાથની તીકીતો બહાર પાડતા હતા. જાત્રાલુઓ સફેદ કપડાં અને હાથમાં ઘાંટ લઇને સુરજ ઉગવાની અગાઉ પહાડની ટોંચ ઊપર ચહઢે છે, પછી પૂર્વ તરફ ફરી પોતાને હાથે તાલી પાડે છે, અને સૂર્ય-દેવીના માનમાં ગીતો ગાય છે.

'કુઝકો' શેહેરનું સૌથી મોહટું સુરજનું દેહડું એ લોકોમાં ઘણું પવીત્ર ગણાતું હતું, અને હઝારો જાત્રાલુઓ એ દેહેડામાં પુજા કરવા જતા હતા.

હાલની ખગોળ વીદ્યા પ્રમાણેના સુરજના વીચારો.

કોપરનીકસે સુરજને દરેક ગ્રહોની કક્ષામાં મુક્યો હતો, પણ કોઇબી ગ્રહની મધ્યબીંદુમાં સુરજની જગ્યા હતી નહી. ત્યાર પછી 'કેપલર' નામના ખગોળવીદવાને હાલની પ્રખ્યાત ખગોળવીદયા સ્થાપી છે, અને તેના વીચાર પ્રમાણે સૂર્યની આસપાસ દુનીઆ ફરે છે. સૂર્યમાંથી નીકલેલું અજવાલું દર સેકન્ડે ૧,૮૬,૦૦૦ માઇલ ચાલે છે, અને સવા આઠ મીનીટે દુન્યામાં આવી પહોંચે છે. તે પોતે તેના જેવા અને તેનાથીબી બીજા મોહટા પુશકળ તારાઓમાંનો એક છે, પણ તે આપણી પૃથ્વીની નજદીક હોવાથી આપણને સર્વેથી મોહટો લાગે છે. તેનો વજન પૃથ્વી કરતાં ૩૦૦,૦૦૦ ઘણો વધારે છે, અને સુરજ આપણાથી ૯,૧૫,૦૦,૦૦૦ માઇલ દુર છે. રૂતુઓ, દીવસ અને રાત, દરીઆમાં ભરતી અને ઓટ સુરજથી થાય છે એવું વીદ્વાનોનું મત છે. સુરજ જે આપણને જણાય છે તે ખરેખરા સુરજનો ઘણોજ નાહનો ભાગ છે, અને તેની આસપાસ ગેસના બે ત્રણ પડ ફરી વલેલા છે. જો આપણે પાણીનું વિશેષ ગુરૂત્વ (Specific gravity) ૧ લઇએ તો સુરજનું ૧.૪૪૪ છે. સુરજની આસપાસની હવામાં જે જણસો જણાય છે તે 'કીરચોફ'ના વીચાર પ્રમાણે નીચલી આઠ છે (૧) સોદીઅમ (Sodium) (૨) લોહડું (૩) કેલશીઅમ

(Calcium) (૪) મેગ્નીશીઅમ (Magnesium) (૫) નીકલ (Nickel) (૬) બેરીયમ (Barium) (૭) ત્રાંબુ (Copper) અને (૮) જસત (Zinc). 'આંગ સ્ત્રામ' અને 'થેલેન'ના વીચાર પ્રમાણે છેલ્લી ત્રણ જણસોને બદલે નીચલી પાંચ છે 'ક્રોમીઅમ' (Chromium), કોબાલ્ત (Cobalt), હાઇદરોજીન (Hydrogen), મેનગેનીસ (Manganese) અને તીતેનીઅમ (Titanium). સુરજની ઉપર ધાભાંછે તથા કેટલીએક જગાઓ બીજીના કરતાં ઊંચી પણ છે, અને વલી કેટલીએકમાં આંધરા પણ છે. તેની હવાએ પોતામાં 'બલુ' રોશણી ખેંચી લીધી છે. કેટલાએક જનાવરો અને ફુલોના નામો અંગ્રેજીમાં સુરજ ઉપરથી બન્યા છે, જેવાકે Sun-fish (સન-ફીશ) અને Sun-flower (સન-ફ્લાવર). ગેલીલીઓના વખતપછીજ સુરજ વીશે જુદા જુદા વીચારો આજ સુધી અપાયા છે, પણ તેની અગાઊ સુરજ વીશે કોઇપણ શખશ જાણતો હતો નહી. હાલની ખગોળ વીદયા પ્રમાણે સુરજની બે ખરેખરી અને બે દેખીતી ચાલ છે. એક ચક્રમાં ફરવું અને બીજું હરક્યુલીસના નક્ષત્ર તરફ જવું છે કે જ્યાં તે સઘલા ગ્રહોને ખેંચે છે; બે દેખીતી ચાલો નીચલી છે, એક આકાશમાં રોજની ચાલ અને બીજી ક્રાંતીવૃત્ત (Ecliptic) માંની ચાલ. સુરજની મધ્યરેખા (Diameter) ૮૫૦,૦૦૦ માઇલ છે, અને તેનું કદ આપણી દુન્યાથી ૧,૨૦૦,૦૦૦ ઘણું મોહટું છે. સુરજનું ગુરૂત્વાકર્ષણ એટલું મોહટું છે કે દુન્યામાંનો એક મન લાકડાનો કટકો સુરજની સપાટી ઉપર એક ટન તોલાય છે. સુરજ સઘલા ગ્રહોનો હાકમ છે તથા ગરમી, રોશણી અને જીંદગીનો આપનાર છે, અને દુન્યાની ચાલાકી સુરજ ઉપર આધાર રાખે છે. દુન્યા દરરોજ સુરજની $\frac{૧}{૨૦૦૦,૦૦૦,૦૦૦,૦}$ રોશણી મેલવે છે. સુરજના કીરણો ઝાહાડપાનોને જીવ આપે છે અને હવા પણ સ્વચ્છ કરે છે. સુરજની સપાટી ઉપર હમેશાં ગડબડ અને ગભરાટ તથા બલતાં હોય છે, અને તે કાંઇપણ આશાએસ ભોગવતો નથી. કેટલાક વીદ્વાનો એવું વીચારે છે કે ખરતા તારાઓ સુરજમાં પડવાથી ગરમી ઉત્પન્ન થાય છે જે દુન્યામાંની રોશણીને પુરી પાડે છે. વલી બીજાઓ એમ વીચારે છે કે તે એક મોહટા જથ્થાનો બાકીનો ભાગ છે, અને જે પોતાની ગરમી અને રોશણી આસ્તે આસ્તે ખોહે છે. થોડાક વીદ્વાનો વલી એવુંબી વીચારે છે કે હાઇદરોજન અને બીજી હવાઓના મલવાથી ગરમી અને રોશણી ઉત્પન્ન થાય છે, પણ હજુ-સુધી ચોકસ થયું નથી કે સુરજમાં કેઇ કેઇ ચીઝો બલે છે તથા શાથી ગરમી અને રોશણી દુન્યામાં આવે છે.

સુરજના જુદા જુદા નામો, જુદી જુદી પ્રજાઓની ભાષા પ્રમાણે.

અંગ્રેજી	Sun.
સંસ્કૃત	હઇલીસ.
હીબ્રુ	ઇલોહીમ.
ગ્રીક	હેલીઓસ, એપોલો, ફીબસ.
લેટીન	સોલ.

ગ્રીટન	હીઑલ.
જરમન	સોની (Sonne).
સ્લેવાનીક	સાલાનજ.
ગાઠીક	સાઇલ.
સેકસન	સુન.
ગુજરાતી	સુરજ.
હીંદુ (સંસકૃત)	સૂર્ય, મીત્ર, વરૂન, પુશા, આદીત્ય, સવીતા (સાવીત્રી).
ઇજીપ્શીઅન	રા, હોરસ.
અવસ્તા	હવરે-ખશઅએતઅ.
ફારસી	આફતાબ તથા ખુર.
અરેબીક	શમ્સ.
એસીરીઅન	San (સન) અને સનસી, (નરજાતીમાં);
,,	એલ, ગુલા અથવા આનુનીત (નારીજાતી).
ચેલદીઅન	,, ,, ,,
સીરીઅનો (ફેનનાઇત્સો)	એલ સામેન.
ફેપાદોશીઅનો	બાલ.
લીડીઅન	સેનદોન.
ફીનીશીઅનો	'બાલ-મેલકાર્થ'.
મકસીકનો	'તોનાતીઊહ'.
	પીરૂવીઅનો.

સેવટ.

સુરજનું તેજ અને તેના મોહટા કદથી દરેક લોકોમાં કાંઇને કાંઈ અજાએબ જેવું આપણને મલી આવશે. સૌથી અસલી જાતોમાં સુરજ એક ખોદાઇ આકાર તરીકે મશહુર થયલો હતો. તે જાતો સુરજને સર્વેથી મોહટા કુદરતના આકારમાં ઇજતા હતા. અને ખોદાને સુરજના પેદા કરનાર તરીકે ગણતા હતા. દુન્યાની ઘણી ખરી અસલી જાતોમાં સુરજને વાસ્તે દંતકથાઓ લખાયલી છે. કોઇ તેને ઘોડાની રથમાં તો કોઈ તેને બોટમાં, અને વલી બીજાઓ તેને હાંસોની રથમાં મુસાફરી કરતો વીચારે છે. ઇરાનમાં ભુલભરેલી રીતે સુરજને 'મીથ્રસ' સાથે સરખાવવામાં આવે છે જે ચલકતા હોરમઝદ, અને અંધારા એહેરેમનને દોસ્તી કરાવેછે. ઇજીપ્ટમાં 'ઓસીરીસ' અને 'આઇસીસ'ના છોકરા 'હોરસ'ને સુરજ સાથે સરખાવવામાં આવ્યો છે. પશ્ચિમમાં અમેરીકા અને ઇજીપ્ટથી તે પૂર્વમાં ચીન અને જાપાન સુધી સૂર્યની પુજા થતી હતી, એવું આપણને શીલા-લેખોની ઉપર પાડેલાં ચીત્રો ઉપરથી માલમ પડેછે:—જેમકે ઇજીપ્ટના શીલા લેખોમાં એક ચીત્ર આપણને મલે છે કે જેમાં એક માણસ એક તારાની સાથે સૂર્યની પુજા કરતો હોય એવું દેખાય છે. ઈજીપ્ટના અસલી રહેવાસીઓ પેહેલાં સુરજની પુજા કરતા હતા, પણ તેઓએ પાછલથી છોડી દીધું હતું, અને ત્યારપછી તેઓ ફરીથી સૂર્ય-દેવતાની પુજા કરવા લાગા હતા.

યુનાનીઓ સૂર્ય-દેવતાની એપોલોના આકારમાં પુજા કરતા હતા. નીચલાં અગીયાર ઠેકાણે એપોલોની પુજા થતી હતી. (૧) દેલ્ફી. (૨) આબી. (૩) બ્રાનચીડી, (૪) પાતારા. (૫) પ્તુમ. (૬) થોરનેકસ. (૭) થીબ્સ (૮) એશીયામાં 'ત્રીઓપીઅન' નામ સાથે. (૯) આફ્રીકામાં (' પ્તોઆન' નામ સાથે). (૧૦) સ્પારતામાં અને (૧૧) મેતોપોનતુમ. 'થોરનેકસ' શેહેરમાં 'એપોલો'નું પુતલું આજ સુધી પણ જોવામાં આવે છે. 'એપોલો' ને ઇજીપ્શીઅન 'હોરસ' અને સીથીઅન 'ઇતોસીરૂસ' સાથે સરખાવવામા આવે છે. સીરીઆ દેશમાં 'બાલબેક' શેહેરના સૂર્યના દેહેડાંના ખંડીએરો આજ સુધી પણ જોવામાં આવે છે. સુરજની સેતાએશ કરવામાં નીચલી જાતો મુખ્ય હતી:— અસલી એરીઅનો, જરથોસ્તીઓ, ચેલદીઅનો, પીરૂવીઅનો, મેક્સીકનો, સ્કેનદીનેવીઅનો, સેલટીકો, ઇજીપ્શીઅનો, અસલી યુનાનીઓ અને રોમનો: આજના વખતમાં પારસીઓ તથા દીન ચુસ્ત હીંદુઓ સૂર્યની સેતાએશ કરે છે. આખી જગતમાં પૂર્વથી તે પશ્ચીમ સુધી અને ઉત્તરથી તે દક્ષીણ સુધી સુરજની પ્રાર્થના ફેલાયલી હતી તે ઉપલા રસાલાના પ્રીય વાંચનારને તુરતજ માલમ પડી આવશે. સીરીઆ, હીંદુસ્થાન વગેરે ઠેકાણે સૂર્યના દેહડાંના ખંડીએરો જોવામાં આવે છે, અને તે ખંડીએરોના જાણવા જોગ એહેવાલો જુદા જુદા યુરોપીઅન લખનારાઓએ આપ્યા છે, કે જે લાંબા એહેવાલો આએ રેસાલામાં અનુસરતા ન હોવાથી. તેઓનું ટુંક પણ રસીલું વર્ણન આપીને આએ રેસાલાનો લખનાર સંતોષ પામે છે.

APPENDIX.

Openions of some of the leading journalists on the subject.

Life in Bombay (1851) (Pages 272 & 273) નામની ચોપડીમાં પારસીઓના સુરજને લગતા વીચારો વીશે તેના વીદ્વાન લખનારે નીચલી બીના દરશાવી છે, તે જાણવા જોગ છે.

The science of astronomy had shown them that the sun, which they worshipped as a god, was but a part of the vast planetary System of the universe ; no more worthy of adoration than the countless bodies which surround it, all being the creation of one all great, all Powerful Cause. Is is true, the modern Parsees, when taxed with idolatry protest that they render homage and address prayers to the sun and fire, merely as being the brightest emanations, the most visible attributes, of the one presiding Deity who formed them, and who delights in being worshipped through the most glorious of his works.

.ess this was the original faith inculcated by ter, but from which his followers have so sadly eneratd, that we defy a zealous Parsee of the esent day to deny that although they may not exactly be called gods, yet the number of acknowledged good spirits to be entreated, and of evil spirits to be propitiated, render their Pantheon nearly as voluminous as that of the Hiudus.

It is a touching sight to watch the Parsees on the beach of Bombay, paying adoration to the setting sun. Perfectly indifferent to the notice of strangers, they continue repeating rapid prayers, prostrating themselves upon the sand, and exhibiting every outward sign of intense devotion, until the luminary sinking into the sea, gives the signal to arise, and enjoy in sociable groups the pleasures of conversation in the cool evening air.

ઉપલાનો રદીઓ સેમ્યુઅલ લેંગ (Samuel Laing) નામના લખનારે પોતાની 'A Modern Zorasterian' નામની કેતાબને ૨૨૦ મે પાને લખ્યો છે.

Fire was there in its grandest form, the setting sun, and water in the vast expanse of the Indian Occan outstretched before them..... ....surely no time or place couid be more fitly chosen than this for lifting up the soul to the realms beyond sense.

But where shall we find so mighty an organ, or so grand an anthem?

(Vide pages 219-225).

જાણીતા 'ઇન્ડીઅન સ્પેકટેટર' નામના ન્યુસપેપરના ૧૮૮૩ ના નવેમબરની ૧૮મી તારીખના અંકમાં 'અથા' નામનો લખનાર નીચલા વીચાર દરશાવે છે.

"It is said that the new faith established by Akbar, on the basis of primitive Zoroasterianism, the ... f the invisible in presence of the symbolic ... sun, disappeared with the fall ... the Alla-Ho-Akbar:

I shall fancy, in Persia, though in Arabia it
have no chance. Ram Mohun and Keshub Chu
seem to have taken up Akbar's plan."

Atha 18th November 1883.

INDIAN SPECTATOR.

THE PARSEES.

BY

THE HON. CHARLES. D. POSTON.

(1877)

THE SUN WORSHIPPERS.

In the crowded cities of Asia the soul becomes surfeited by contact with myriads of hundred beings, and longs for companionship with nature.

If you wander to the beach at sunset to inhale the breeze fram the Spice Islands, you will there observe a congregation of the most interesting people in Asia.

They are the Parsees or sun-worshippers of Persia, the followers of the ancient Zoroaster (the teacher of the religion of the Magi).

As we stand upon the shore, and witness the adoration paid to the sun by this mysterious remnant of a nearly extinct race, we are carried back to the dawn aye, to the darkness for that little light can be gathered from the faint glimmerings of history. Jeremiah mentions the appearance of the Magi in Jerusalem as a part of the retinue of Nebuchadnezzar, from which it may be inferred that they were the chief priests at the Babylonian Court.

The sun-worshi-
th- ...

neir antient faith, and worship an invisible
it in the changes of time the God of the Parsees
in undimmed splendour, the source of light, of life,
. of existence.

The antiquity of sun worship mocks history. It flourished in Japan at the remotest period of Japanese tradition, and to-day a red sun upon a white shield is the national banner of the Japanese empire. The city of Baal or Baal-bec, is the grandest ruin which the sun worshippers have left upon earth.

An eminent writer says:—"If all the ruins of antient Rome were gathered together in one group they would not equal in extent the ruins of Baal-bec.'

" Baal-bec, thou city of the sun,
Why art thou silent, mighty one."

The sacred fire of the Parsees drawn from the sun by Zoroaster has been preserved with care throughout all their vicissitudes.